# સુખનું સરનામું

- પંન્યાસ ઉદયવલ્લભ વિજય

# સુખનું સરનામું

પંન્યાસ ઉદયવલ્લભવિજય

પ્રકાશક

પ્રજ્ઞા પ્રબોધ પરિવાર

**હીરેન પેપર માર્ટ**

મહાદેવસિંગ ચાલ, કોલડુંગરી,

સહાર રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ – ૪૦૦ ૦૬૯.

ફોન : ૨૬૮૪૧૬૬૦ / ૬૬૨૪૪૬૬૦ / ૨૬૮૪૦૯૬૮ (ઘર) : ૨૬૧૬૬૧૪૩

■ પ્રાપ્તિસ્થાન :
**હીરેન પેપર માર્ટ**
મહાદેવસિંગ ચાલ, કોલડુંગરી,
સહાર રોડ, અંધેરી (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૬૯.
ફોન : ૨૬૮૪ ૧૬૬૦ / ૬૬૨૪ ૪૬૬૦ / ૨૬૮૪ ૦૯૬૮
(ઘર) : ૨૬૧૬ ૬૧૪૩

**નવભારત સાહિત્ય મંદિર**
૧૪૩, પ્રિન્સેસ સ્ટ્રીટ, મુંબઈ - ૪૦૦ ૦૦૨.
ફોન : ૨૨૦૧ ૭૨૧૩ / ૨૨૦૮ ૫૫૯૩

**નવભારત સાહિત્ય મંદિર**
પતાસાની પોળની સામે, ગાંધીરોડ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : ૨૨૧૩ ૯૨૫૩ /૨૨૧૩ ૨૯૨૧

**જૈન પ્રકાશન મંદિર**
૩૦૯/૪, ખત્રીની ખડકી, દોશીવાળાની પોળ, અમદાવાદ - ૩૮૦ ૦૦૧.
ફોન : ૨૫૩૫ ૬૮૦૬

**મહેશભાઈ વી. વોરા**
૩, વીરેશ્વર છાયા, થાણાવાલા લેન, તેજપાલ રોડ,
વિલે પાર્લા (પૂર્વ), મુંબઈ - ૪૦૦ ૦૫૭.
ફોન : ૨૬૧૬ ૬૬૪૨ / ૨૨૯૧ ૬૮૫૪

**અરિહંત કટલરી**
આંબાચોકની પાછળ, પોલીસ ગેટની બાજુમાં, ભાવનગર
ફોન : ૨૫૧૨૪૯૨

■ **ચતુર્થ આવૃત્તિ :** વિ.સં. ૨૦૬૪
પાંચમી આવૃત્તિ : વિ.સ. ૨૦૬૮
■ **મૂલ્ય :** ૩૦-૦૦

■ મુદ્રક :
**યશ પ્રિન્ટર્સ**
૩૯, ફરિયાવાલા એસ્ટેટ, અવતાર હોટલની સામે,
ઈસનપુર, નારોલ હાઈવે, અમદાવાદ - ૩૮૨ ૪૪૩
ફોન : ૨૫૭૩ ૧૧૬૪ / ૫૫૨૩ ૮૨૨૩

## ■ ઋણ સ્વીકાર ■

★ સાદું જીવન, ઊંચું ચિંતન, જેમની ઓળખાણ હતી તેવા દીક્ષાદાતા સ્વ. પૂજ્યપાદ વર્ધમાનતપોનિધિ આચાર્યદેવ **શ્રીમદ્ વિજયભુવનભાનુસૂરીશ્વરજી મહારાજા**

★ જેમની નિરંતર કૃપાવૃષ્ટિનો અનુભવ કરી રહ્યો છું તેવા ગીતાર્થમૂર્ધન્ય ગચ્છાધિપતિ પૂજ્યપાદ આચાર્યદેવ **શ્રીમદ્ વિજયજયઘોષસૂરીશ્વરજી મહારાજા**

★ સહજાનંદી સ્વ.પૂ.આ.ભગ. **શ્રીમદ્ વિજયધર્મજિતસૂરીશ્વરજી મહારાજા**

★ સૂરિમન્ત્રૈકનિષ્ઠ પ્રેરણામૂર્તિ પૂ.આ.ભગ. **શ્રીમદ્ વિજયજયશેખરસૂરીશ્વરજી મહારાજા**

★ ભવોદધિતારક પરમોપકારી ગુરુદેવ પૂ.આ.ભગ. **શ્રીમદ્ વિજય જગવલ્લભ–સૂરીશ્વર મહારાજા**

★ પ્રસ્તુત લખાણ તપાસી આપનાર નિસ્પૃહી પૂ. પંન્યાસ **શ્રી જયસુંદર–વિજયજી મ.સા.**

★ જ્ઞાનદાન, પ્રેરણા અને પ્રોત્સાહન દ્વારા ઉપકારધારા વરસાવનારા વિદ્યાગુરુ વિદ્વદ્વર્ય પૂ.પં. **શ્રી અભયશેખરવિજયજી મ.સા.**

★ કાયમના મારા ઉત્સાહસ્રોત આત્મીય કલ્યાણમિત્ર પૂ. મુનિરાજ **શ્રી મુક્તિવલ્લભવિજયજી મ.સા.**

★ સત્ત્વ અને સ્નેહની જીવંત આકૃતિ સમા ગુરુદેવ (સંસારી પક્ષે પિતાશ્રી) પૂ. મુનિરાજ **શ્રી મેઘવલ્લભવિજયજી મ.સા.** અને સહકારસ્થાન (લઘુબંધુ) મુનિરાજ **શ્રી હૃદયવલ્લભવિજયજી મ.સા.**

★ સહવર્તી તમામ મુનિ ભગવંતો

★ જેમના સંસ્કારસિંચનના પ્રતાપે સંયમજીવન પ્રાપ્ત થયું તેવાં ઉપકારી માતુશ્રી **સાધ્વીજીશ્રી નિર્વાણપ્રભાશ્રીજી મ.સા.**

## ● ડમરી

સુખની શોધ કાજે ચીજ–વસ્તુઓના અટવીમાં અથડાઈ અંતે નિષ્ફળતા અને નિરાશાના પેવેલિયનમાં પાછા ફરતા કરુણાપાત્ર માનવની વ્યથાને એક ચિંતકે નીચેના વાક્યમાં ચીતરી છે.

When he gets there, there is no 'there', there. સુખની શીળી છાંય પામવા માણસ ઝાંઝવાની પાછળ દોડે છે. અપૂર્ણઃ પૂર્ણતામેતિ જેવા સોનેરી સુવાક્યોની કબર ઉપર ઉપભોક્તાવાદનો મિનારો ચણી માનવી આકાશ કુસુમની શોધ ચલાવી રહ્યો છે.

પેટના ખાડા ઉપરથી ગરીબીનો આંક કાઢવાનો આ જમાનો નથી. ઘરમાં કેટલા ખૂણા ખાલી છે તેના પરથી આજે ગરીબીનો ક્યાસ કઢાય છે. ટી.વી.નો ખૂણો ભરાયો પણ ફ્રીજનો ખૂણો ખાલી છે તો માણસ ગરીબ ગણાય છે. ફ્રીજનો ખૂણો ભરાયા પછી પણ વોશિંગ–મશીનનો ખૂણો ખાલી છે તો પણ તે ગરીબીની લઘુતાથી પીડાય છે. માનવીની તૃષ્ણાનો ખૂણો ભરાય નહિ ત્યાં સુધી માણસ દરિદ્ર જ રહેવાનો.

પોતાના પરિવારને ક્રિસ્મસ વેકેશનમાં મહાબલેશ્વર લઈ જનારો પણ પોતાને ગરીબ માને છે કારણ કે તે પરિવારને કુલુ–મનાલી કે સિમલા લઈ જઈ શકતો નથી પોતાનાં સંતાનોને પિત્ઝા, હેમ્બર્ગર કે બંગાળી સ્વીટ નહિ અપાવી શકતો ગૃહસ્થ દરિદ્રતાની લઘુતાગ્રન્થિથી પીડાય છે. જેના ઘરમાં વેસ્ટર્ન સ્ટાઈલનું સંડાસ નથી તે પોતાની જાતને આદિવાસી માને તેટલી હદે સમાજ, દુનિયા અને માપદંડનાં પરિણામો બદલાઈ ગયાં છે. આવતીકાલે કદાચ તમને સાંભળવા મળે તો નવાઈ ન

પામશો કે એક માણસે આપઘાત કર્યો કારણ કે હાજત પછી ટિસ્યુપેપર નહીં વાપરી શકવાની લાચારીથી તે પીડાતો હતો.

સુખની આધારશીલા મનની દોટ નહિ પણ મનનો વિરામ છે તે સત્ય ઊથલી પડ્યું છે. ઉપભોક્તાવાદના મિનારાને ધરાશયી કરે તેવા એક પ્રચંડ વિચાર–વંટોળ આજના યુગની પહેલી આવશ્યકતા છે.

અહીં લેખક, વિચારની એક ડમરી ઉડાડે છે. આવી કોક ડમરી પ્રચંડ વિચારક્રાન્તિનું બીજ બની શકે. દુનિયાની સઘળી સમસ્યાઓ શાસ્ત્રોક્ત મર્યાદાઓના ઉલ્લંઘનમાંથી સર્જાઈ છે, તે સમસ્યાઓનું સમાધાન પણ શાસ્ત્રજ્ઞ જેટલું સચોટ બીજું કોણ આપી શકે ?

Old Wine in a new Bottle નો સંસ્કરણસહિત તરજુમો કરીએ તો 'નવા કુંભમાં પ્રાચીન અમૃત'ની ઉક્તિને મુનિશ્રીએ આ પુસ્તકમાં સાર્થક કરી છે. જૈન દર્શનનાં પરંપરાગત મૂલ્યોને આજના સંદર્ભમાં મૂલવવાનો એક સફળ અને સરસ પ્રયોગ એટલે **'સુખનું સરનામું.'**

જૈન દર્શનનો અપરિગ્રહવાદ, ભોગોપભોગ પરિમાણની વિભાવના, ષડ્જીવ–નિકાયની રક્ષાનો કન્સેપ્ટ, ઈચ્છા નિરોધનો સાધનામાર્ગ, પરસ્પરોપગ્રહો જીવાનામ્‌ની સુવર્ણોક્તિ, અન્યત્વાદિ ભાવનાઓ, ષડ્લેશ્યાનું મનોવિજ્ઞાન, કર્માદાનના પ્રતિષિદ્ધ ધંધા–રોજગારો, ન્યાયસંપન્ન વિભવ કે ઉચિત વ્યય જેવા માર્ગાનુસારી કક્ષાના ગુણો અને આવાં તો અઢળક શાસ્ત્રોક્ત મૂલ્યોની નવી પરિભાષામાં અને નવા સંદર્ભમાં રજૂઆત, એ સમયની માંગ છે. આ પુસ્તક એક ટાઈમલી – સ્ટ્રોક છે.

સ્વ–પર સમયજ્ઞતાના ગુણનો આજના કાળની અપેક્ષાએ વિચાર કરીએ તો વિજ્ઞાનવાદ વગેરે આજનો સૌથી પ્રબળ પરસમય છે. વર્તમાનના પ્રવાહોથી વાકેફ રહીને આજના યુગની અવદશાને અને તેનાં કારણોને જાણી માનવીના આધ્યાત્મિક અધઃપતનનાં નિવારણનો શાસ્ત્રીય માર્ગ દર્શાવવાનો આ એક અભિનવ પ્રયાસ છે.

આજનાં માઠાં પરિણામોની જડ સુખની વ્યાખ્યાના પરિવર્તનમાં રહેલી છે. આ ધન્વન્તરીય નિદાન શતશઃ ધન્યવાદને પાત્ર છે. પ્રગતિનું પોસ્ટમોર્ટમ કરતા મળી આવેલી વિષકણીઓને મુનિશ્રીએ એક પ્રકરણમાં પ્રદર્શિત કરી છે.

કેન્સરનું નિદાન કરીને હાથ ઊંચા કરી રજા લેનારા ડોક્ટર, દરદીને સૌથી વધુ ક્રૂર લાગે છે. અહીં લેખકશ્રી તેવી ક્રૂરતા નથી આચરતા. કેન્સરના નિદાન સાથે અકસીર જડીબુટ્ટી પણ પેશ કરે છે. હવે તો 'પીછેહઠ એ જ આગેકૂચ' જેવાં પ્રકરણોમાં આવી જડીબુટ્ટીઓ વેરાયેલી પડી છે.

ષડ્જીવનિકાયની વિભાવનાને પર્યાવરણની પરિભાષાંમાં રજૂ કરાય તો આજે સહજતાથી ગ્રાહ્ય બને. કર્માદાનના પ્રતિષેધની શાસ્ત્રીય મર્યાદાને યંત્રવાદનાં અનિષ્ટોના સંદર્ભમાં ચર્ચવાથી તે વિશેષ આવકારપાત્ર બને, તે આજનો સમય છે. કન્ઝ્યુમરિસ્ટ કલ્ચરની રૂપકડી પરિકલ્પનાના અનુસંધાનમાં મૂલવવાથી 'ઉચિત વ્યય'નો ગુણ આજે વિશેષે પ્રતિષ્ઠા પાત્ર બની શકે છે. સમયવિદ્ મુનિ રોટલા અને ટપટપવાળી કહેવતથી સુજ્ઞાત છે. યુગ બદલાયો છે, લેખકે પરિભાષાનું પાણી બદલ્યું છે, મગ તો ઓરિજિનલ જ છે.

મોટી અટવીમાં કોઈ મહાલય મળી જાય,

ઘોર દરિદ્રતામાં કોઈ મોટી લોટરી લાગી જાય,

સહારાના રણમાં કોઈ રણદ્વીપ મળી જાય,

કે ખારા સમુદ્રમાં કોઈ મીઠું ઝરણું પ્રાપ્ત થઈ જાય.

તેવો અહેસાસ આજના સંતપ્ત માણસને આ પુસ્તકથી પ્રાપ્ત થાય તો નવાઈ નહિ.

લેખક મુનિરાજ શ્રી ઉદયવલ્લભ વિજયજી મારા સહવર્તી, ધર્મસ્નેહી કલ્યાણમિત્ર અને ગુરુબંધુ છે. ચિંતનયાત્રાનું પ્રસ્થાન કરુણાના મુકામથી થયું છે. સંતપ્ત અને અસ્વસ્થ જનમાનસને એક અકસીર બ્રેઈન-ટોનિકની બોટલ તે ધરી રહ્યા છે.

આ ડમરી મોટા વિચાર-વંટોળિયાને જન્મ આપે અને પેલો ઉપભોક્તાવાદનો મિનારો ઢળી જાય તો અકાળે અને અકારણે કેટલાંયના ઢીમ ઢળી જતાં અટકી જાય!

**મુનિ મુક્તિવલ્લભ વિજય**
વિ.સં. ૨૦૫૫, મહા સુદ-૨
દોલતનગર, બોરીવલી (પૂર્વ)

## મનની વાત

રત્ન જડેલા,

સોનેરી ચશ્મા લાવ્યો,

આંખના ભોગે.

સત્તર અક્ષરો દ્વારા હૃદયને ચોંટ લગાડતા આ હાઈકુમાં આજના માણસની દશાનું યથાર્થ પ્રતિબિંબ ઝિલાયું છે.

વૈશ્વિક, કૌટુંબિક અને આત્મિક સમસ્યાઓની નાગચૂડમાં માણસ ફસાયો છે. બધે અછતની ભરમાર છે, મોંઘવારી બેસુમાર છે, ઈચ્છાઓ અપરંપાર છે.

આવક અને સમાધિ તૂટતા જાય છે.

જરૂરિયાત અને સંકલેશ વધતા જાય છે.

સ્વરૂપરમણતાના સુખની વાત તો દૂર રહી

ચિત્ત સમાધિ પણ દુષ્કર બની ગઈ છે.

કપરા કાળની અસર હેઠળ ભલભલા ધર્મી આત્માઓ પણ આવી ગયા છે. સર્વજ્ઞ ભગવંતોનાં હિતકારી વચનોનાં અતિક્રમણનું આ પરિણામ છે. આજના સમયની માંગ રૂપે કંઈક માર્ગદર્શન આપવાના હેતુથી પ્રસ્તુત પ્રયાસ કર્યો છે. જનમાનસમાં પ્રભુશાસનના કલ્યાણકારી સિદ્ધાંતો પ્રત્યેનો અહોભાવ વધારવામાં અને અનેકની જીવનસમાધિમાં નિમિત્ત બનવાનું સદ્ભાગ્ય મળે તે શુભાશયથી જ.

પ્રસ્તુત લખાણમાં પરમ પવિત્ર શ્રી જિનાજ્ઞા વિરુદ્ધ કાંઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ્.

– મુનિ ઉદયવલ્લભવિજય

# ● વિષય–પૃષ્ઠાંક દર્શિકા ●


| ક્ર | વિષય | પૃષ્ઠ |
|---|---|---|
| ૧. | સામગ્રીઓના ઢગલા નીચે સુખ–શાંતિનું નિધન............. | ૧. |
| ૨. | ગાડરબ્રાન્ડ અનુકરણ.................................... | ૬ |
| ૩. | કૃષ્ણલેશ્યા, ઉપભોક્તાવાદ અને સર્વનાશનો ત્રિકોણ....... | ૧૧ |
| ૪. | પ્રગતિનું પોસ્ટમોર્ટમ.................................... | ૧૭ |
| ૫. | હવે તો પીછેહઠ એ જ આગેકૂચ............................ | ૨૫ |
| ૬. | ઉપભોક્તાવાદ : એક આધ્યાત્મિક દુર્ઘટના................ | ૨૯ |
| ૭. | સુખી થવાનો રાજમાર્ગ : ઈચ્છાપૂરણ નહીં, ઈચ્છાચૂરણ..... | ૩૨ |
| ૮. | પરિગ્રહ પરિમાણ = પાપપરિમાણ........................ | ૩૭ |
| ૯. | સંતોષ : સર્વશ્રેષ્ઠ ગ્રાહક સુરક્ષા ધારો...................... | ૪૬ |
| ૧૦. | આર્થિક તંદુરસ્તીનો રામબાણ ઈલાજ : આયોચિતો વ્યયઃ.... | ૫૪ |
| ૧૧. | સાદગી : પરિકલ્પનાથી પ્રયોગ ભણી........................ | ૬૨ |
| ૧૨. | સાદગી : આજનો યુગધર્મ.................................. | ૬૯ |
| ૧૩. | સુખનું અર્થકારણ........................................ | ૭૮ |

## ● સામગ્રીઓના ઢગલા નીચે સુખ–શાંતિનું નિધન

વસંત આવતાં જે વૃક્ષો પુષ્પો અને ફળોથી લચી પડેલાં હતાં તે જ વૃક્ષો પાનખર આવતાં કરમાય છે. ઋતુ ફરે છે ને વૃક્ષોની દશા બદલાય છે. માનવને જો વૃક્ષ માની લઈએ તો આજે તેની પાનખર પ્રવર્તે છે. વ્યક્તિ કે વસ્તુની ગુણવત્તા ઉપર કાળની પણ અસર તો હોય જ છે.

જૈન પરિભાષા કાળનાં બે સ્વરૂપ બતાડે છે. જે કાળ દરમ્યાન વ્યક્તિ અને વસ્તુના ગુણધર્મોનો આંક ઊંચે જતો હોય તેને ઉત્સર્પિણીકાળ કહે છે. વસ્તુના ગુણધર્મો અને વ્યક્તિની ગુણવત્તાનો આંક જે કાળમાં ઊતરતો જતો હોય તેને અવસર્પિણી કાળ કહે છે. આ અવસર્પિણી કાળ એટલે ધી ડિક્લાઈનિંગ પિરીયડ. પૃથ્વીની ફળદ્રુપતા, ખનિજ સંપત્તિ, ફળોના રસ, અનાજના કસ, શરીરના કદથી લઈને માનવની માનવતા સુધીનું બધું ધીમે ધીમે ઘટતું જાય.

કાળ, કાળનો ધર્મ બજાવે ત્યાં કોઈ કશું કરી શકતું નથી. પણ આજની પડતી, કાળના કારણે થયેલી જણાતી નથી, કૃત્રિમ લાગે છે. આવું માનવા પાછળનું સબળ પરિબળ છે, હાનિનો દર. સૈકાઓમાં થતી હાનિ હવે દાયકાઓમાં થવા માંડી છે. કાળકૃત હાનિ નિયતગતિએ થતી હોય છે. અત્યારની હાનિ ક્રમિક નથી, આકસ્મિક છે. આ ઢાળ નથી, પ્રપાત છે. કાળકૃત ચડાવ–ઉતાર ઓર્ગેનાઈઝ્ડ હોય છે. આ તો સડન ડાઉનફૉલ છે. આના પરથી જણાય છે કે આજની પડતીમાં કાળનો પ્રભાવ ઓછો છે, કાળજાનો

પ્રભાવ વધુ છે.

આજના માનવનું આંતરિક સ્વરૂપ બદલાઈ ગયેલું જણાય છે. પિતાના વચન ખાતર વનવાસને વહાલો કરનારો રામ એ ગઈકાલની ઘટના છે. આજે દીકરાની હકુમતથી વાલીઓને ઘરડાઘરવાસ વેઠવો પડે છે. આંખની ઓળખાણ વિનાના માનવી પર વિશ્વાસ મૂકી શકાય તેવો યુગ પૂરો થઇ ગયો છે. આજે તુચ્છ સ્વાર્થ ખાતર સગા સાથે પણ દગાબાજી થઈ શકે છે. બોલાયેલા વચનની પૂર્વે જે કિંમત હતી તે આજે લેખિત દસ્તાવેજો કને રહી નથી. કોઈનું લીધેલું પાછું ન આપી શકાતા, પહેલાનો માનવી અંદરથી શોષાઈ જતો, ખલાસ થઈ જતો. આજે હાથ ઊંચા કરી દેનારાના હાથ નીચે પણ કરોડો રૂપિયા અકબંધ હોય છે. ભેગા મળીને રહેવાની વાત આજે રહી નથી. ભેગું કરીને જીવવાનો આજે જમાનો છે. **માનવીના હૃદયમાં રહેલા સંતોષનું સ્થાન સ્વાર્થે લીધું છે અને લાગણીનું સ્થાન લાલચે લીધું છે.**

માનવની બદલાયેલી આંતરિક તાસીરે સૃષ્ટિનું ભૌતિક સ્વરૂપ પણ બદલી નાંખ્યું છે. આજથી બે–ત્રણ દાયકા પૂર્વે માણસ જે દૂધ પીતો હતો તેને આજે કદાચ દૂધપાક કહી શકાય. આજનું શુદ્ધ ગણાતું મિનરલ વૉટર, ગઈ સદીનો માનવી આરોગે તો કદાચ તેને કોલેરા થઈ શકે. પૂર્વે ગામમાં રહેલા પોતાના ઘરમાં જ માનવીને મળી રહેતી ચોક્ખી હવા મેળવવા માટે આજે ખાસ હવા ખાવાના સ્થળો એ જવું પડે છે. ગઈ કાલના પપૈયાનો સ્વાદ આજે કેરીમાં ય જોવા નહીં મળે. ગઈ કાલના અનાજથી મળતું પોષણ આજે ઘી–દૂધ થકી ય મળતું નથી.

પૂર્વે માનવી કસદાર હતો, આજે નથી.

પૂર્વે વસ્તુ રસાળ હતી, આજે રસાતાળ ગઈ છે.

આમ, આજે વિશ્વનાં આંતરિક અને બાહ્ય બન્ને સ્વરૂપો બદલાયાં છે. આ પરિવર્તન ક્રમિક અને કુદરતી નથી. વિશ્વની બદલાયેલી હાલતનું કારણ છે સુખની બદલાયેલી વ્યાખ્યા. વિચાર, વ્યક્તિ અને વાતાવરણનો એક ત્રિકોણ છે. વ્યક્તિ જેવા વિચારની હોય તેવા વાતાવરણને આજુબાજુમાં ઈચ્છે છે, તેવું વાતાવરણ પોતાની આજુબાજુમાં ઊભું કરવા મથે છે. અને પછી આજુબાજુમાં જેવું વાતાવરણ હોય તેવા વિચારોથી

વ્યક્તિ વાસિત બને છે. પૂર્વે માણસ સંતોષી હતો. તેની આજુબાજુમાં સાદગીનો વૈભવ પથરાયેલો જોવા મળતો. અલ્પ જરૂરિયાત અને પરિમિત વપરાશ તેની પરખ હતી.

ગુણો અને અવગુણો બન્ને ત્રૈકાલિક અસ્તિત્વ ધરાવતા હોય છે તેથી લોભ, લાલચ, આસક્તિ વગેરે અવગુણો પૂર્વે નહોતા તેવું કહી શકાય નહીં. છતાં ક્યાંક કો'કની પ્રબળતા હોય છે. **પૂર્વે ક્યાંક જોવા મળતો લોભ આજે લગભગ સર્વત્ર વ્યાપ્ત થયેલો દેખાય છે. આજે ક્યાંક જોવા મળતો સંતોષ પૂર્વે લગભગ સર્વત્ર વ્યાપ્ત હતો.**

'સંતોષી નર સદા સુખી'ની પંક્તિ માત્ર કંઠસ્થ નહીં, હૃદયસ્થ અને જીવનસ્થ પણ હતી. જ્યાં સુધી સુખની આ વ્યાખ્યાનું વિશ્વમાં ચલણ હતું, ત્યાં સુધી વિશ્વની આંતરિક અને બાહ્ય પરિસ્થિતિ પણ, સામાન્ય ચડાવ–ઉતાર સિવાય 'પૂર્વવત્' હતી.

પછી એક અકસ્માત સર્જાયો. સંતોષને સુખનું કારણ માનતી વ્યાખ્યાને લૂણો લાગ્યો. સામગ્રીઓથી સુખ મળે એવી એક ભ્રમણા, માન્યતાના સ્વરૂપમાં ઊપસી આવી. આ વૈચારિક દુર્ઘટનાએ સમગ્ર માનવ અને માનવેતર સૃષ્ટિની શકલ પલટી નાંખી. માનવીની તૃષ્ણા અસીમના સીમાડાઓ વટાવવા માંડી. સુખ મેળવવાના ધ્યેય સાથે તે આરૂઢ થયો સામગ્રીઓના ખડકલા પર "More the commodities, More the Happiness"ના નવા સમીકરણનો પ્રસવ થયો.

વધુને વધુ સુખ મેળવવાના ઈરાદા સાથે તે વધુને વધુ સામગ્રીઓનો સંચય કરવા લાગ્યો.

સંતોષપ્રેરિત સાદગીઆધારિત સુખની વ્યાખ્યા હૃદયના સિંહાસનેથી પદભ્રષ્ટ થઈ.

અને તૃષ્ણાપ્રેરિત સામગ્રીઆધારિત સુખની વ્યાખ્યા ગાદીનશીન થઈ.

ત્યારે કોઈને કલ્પના પણ નહોતી કે આ વિશ્વસ્તરની સમસ્યાઓના શિલાસ્થાપન થઈ રહ્યા છે. પરિણામ હવે ઘણું ખરું પ્રતીત છે.

પ્રાણીમાત્ર કાયમી ધોરણે સુખાભિલાષી હોય છે. સુખ સાધનો દ્વારા મળશે અને સાધનો સંપત્તિ દ્વારા. આ બે મુદાએ માનવ મગજ પર કબજો જમાવ્યા પછીની દશાનું વર્ણન મકરંદ દવેએ કહ્યું તે યથાર્થ છે. 'દોઢિયા ખાતર દોટચું દેતા, જુગ્ગોને જીવતા પ્રેત.'

કોઈ મહેનત કરે, મજૂરી કરે, મગજમારી કરે, મારામારી કરે, બેઈમાની કરે, બેનંબરી કરે.

બધું શા માટે ? કારણકે સહુને જોઈએ છે પૈસો.

પૈસો શા માટે ? કારણકે સહુને જોઈએ છે સાધનસામગ્રી.

સાધનસામગ્રી શા માટે ? કારણકે સહુને જોઈએ છે સુખ.

સુખ શા માટે ? આનો કોઈ જવાબ નથી. કારણ કે સુખ એ માણસનું અંતિમ લક્ષ્યબિંદુ છે. દરેક પ્રાપ્તિની પાછળ જુદા જુદા ઉદ્દેશો રહ્યા હોય છે, જે સીધા કે આડકતરા સુખના ઉદ્દેશમાં જ ફલિત થતા હોય છે. પણ સુખની પ્રાપ્તિ પાછળ કોઈ અન્ય ઉદ્દેશ હોતો નથી. સુખ એ પસંદગીનો અંતિમ પડાવ છે. વ્યક્તિભેદે સુખની કલ્પના જુદી જુદી હોઈ શકે.

મંકોડાને ગોળમાં સુખ લાગે, ને ગાયને ખોળમાં.

વાઘ, દીપડાને માંસમાં, ને ઘેટાં બકરાંને ઘાસમાં.

કીડીને સાકરમાં સુખ લાગે, સુખશીલને ચાકરમાં સુખ લાગે.

માનાકાંક્ષીને પ્રતિષ્ઠામાં મજા આવે, ભૂંડને વિષ્ઠામાં મજા આવે.

વ્યક્તિની અવસ્થા બદલતા

બાળકને રમકડાં ગમે, કિશોરને રમત ગમે, યુવાનને વિષયો ગમે, પ્રૌઢને પૈસો ગમે ને વૃદ્ધને વિસામો ગમે.

સુખના અધિષ્ઠાન અંગેની તેની કલ્પનાઓ પરિવર્તનશીલ હોય એટલું જ. સુખ અંગેની કલ્પના બદલાતા તેને મેળવવાની પ્રક્રિયામાં પણ ફેરફાર થાય તે બને. પણ મૂળભૂત ઉદ્દેશ સુખનો બધાનો બધે કાયમ રહે છે. તે ક્યારેય ફેરવી શકાતો નથી. સુખ અંગેની પરિભાષા ફરી શકે, પણ 'મને સુખ જોઈએ છે'આ ભાષા ફરી શકતી નથી. અત્યારે પરિભાષા જ ફરી છે.

સૈકાઓથી સુરક્ષિત રહેલી સુખની પરિભાષા સાથે ચેડા કરવાનું કામ કોણે કર્યું ?

વિશ્વના એક ખૂણે બનેલી એક ઘટનાએ આ દુર્ઘટના સર્જી દીધી. સુખ અંગેની ટાઈમટેસ્ટેડ પરિભાષા ફેરવવામાં મહત્ત્વનું કારણ બનેલી ઘટના છે 'ઔદ્યોગિક ક્રાન્તિ'. ગઈ સદીના મધ્યભાગમાં પશ્ચિમના દેશોમાં થયેલી ઔદ્યોગિક ક્રાન્તિએ ઉત્પાદન વધારા દ્વારા સામગ્રીઓનો ઢેર ખડકી દીધો, જેની નીચે માનવીની સંતોષવૃત્તિ ચગદાઈ ગઈ.

યંત્રવાદે બે મોટાં નુકસાન કર્યાં :

(૧) સૃષ્ટિની અમાપ સંપત્તિનો નિરંકુશ વપરાશ કરી દુનિયામાં બિનજરૂરી વસ્તુઓના ઢેર ખડકી દીધા.

(૨) માનવને નિતનવી વસ્તુની ભેટ ધરીને તેને અસંતોષી બનવા પ્રેર્યો.

પહેલું નુકસાન સૃષ્ટિગત હતું, બીજું વ્યક્તિગત. **વિવેકના વિસ્તાર વગરનો વિજ્ઞાનનો વિકાસ સર્વનાશનું નિમિત્ત બની શકે છે.** 'જે પોષતું તે મારતું, એવો દીસે ક્રમ કુદરતી'ની કાવ્યપંક્તિના રચયિતા કલાપીએ વર્તમાન ટેક્નોલોજીને નજર સામે રાખીને આ પંક્તિ રચી હોય તેવું લાગે.

'વિદ્યા વિનયથી શોભે છે' તેમ 'વિજ્ઞાન વિવેકથી શોભે છે'. દરેક શક્તિ ઉપર નિયંત્રણ જરૂરી હોય છે, નહીંતર તે શક્તિ મારક નીવડે. વિજ્ઞાને યંત્રવાદ દ્વારા અમાપ ઉત્પાદન કરી દેખાડ્યું. કુદરતના ખોળા જેવું હરિયાળું વિશ્વ, વસ્તુઓનું એક વિરાટ બજાર બની ગયું. અમાપ ઉત્પાદને માનવીના હૃદયમાં સુષુપ્ત રહેલી ઈચ્છાઓને નખોરિયા ભરવાનું કાર્ય કર્યું. સંતોષી માનવી મરી ગયો અને અસંતોષનો ભસ્માસુર પેદા થયો. 'માણસ ગંધાય માણસ ખાઉં'ની રાક્ષસી ક્ષુધા સાથે 'સુખ ગંધાય, વસ્તુ ખાઉં'નો સામગ્રીસુખવાદ વકર્યો. સુખની બદલાયેલી વ્યાખ્યાએ માનવીનું અંતર બદલી નાંખ્યું. માનવીના બદલાયેલા અંતરે સૃષ્ટિનું બાહ્ય સ્વરૂપ ચૂંથી નાંખ્યું.

## ● ગાડરબ્રાન્ડ અનુકરણ

અભેસંગ બાપુએ નવી નવી ઘોડી ખરીદી હતી. લગ્ન પછી પંદર વર્ષે બાબલો જન્મે અને બાપ જેમ બાબલાઘેલો થાય તેમ બાપુ ઘોડીઘેલા થયા. ઘરની ચિંતા ન કરે તેટલી ઘોડીની કરે. સરેરાશ કરતાં ઘોડી સહેજ વધુ પેશાબ કરે તેનીય બાપુને ચિંતા થાય. એકવાર ઘોડી થોડી ઢીલી દેખાઈ અને બાપુ ઊંચાનીચા થઈ ગયા. જૂના ગોઠિયા વજેસંગ બાપુ પાસે દોડી ગયા : "બાપુ ! તમારી ઘોડી માંદી પડી ત્યારે તમે કઈ દવા કરી હતી ?" "બાપુ, મેં તો તેને ટર્પેન્ટાઈન પાઈ દીધું હતું". બાવરા થયેલા અભેસંગ દોડ્યા સીધા બજારમાં. ટર્પેન્ટાઈનનો બાટલો લઈને પહોંચ્યા ઘરે. બાટલો ભરીને ટર્પેન્ટાઈન ઘોડીને ઢીંચાડી દીધું. કલાકમાં તો ઘોડીના રામ રમી ગયા. હાંફળાફાંફળા અભેસંગ દોડ્યા વજેસંગના ઘરે અને ડેલીએથી જ પોક મૂકી : "બાપુ, ટર્પેન્ટાઈન પાયું પણ ઘોડી તો મરી ગઈ" સામેથી વળતો જવાબ મળ્યો : "બાપુ ! મારી ઘોડી ય મરી જ ગઈ'તી."

પરિણામનો વિચાર કર્યા વગર જ વેસ્ટર્ન કલ્ચર અને અમેરિકન એટિકેટની આરતી ઉતારનારા ગાડરવૃંદોને ('ટોળું' તો અન્સિવિલાઈઝ્ડ શબ્દ કહેવાય !) આ નાનકડી વાર્તા સાદર ! 'વિકાસ' અને 'પ્રગતિ'ની ભરમારમાં ભારતીય અસ્મિતા ઉપર એક ગુમડું થયું, નામે 'પશ્ચિમપરસ્તતા'. ડેવલપમેન્ટ ક્રેઝના ક્રોનિક ડિસીઝનું એક વિલક્ષણ સિમ્પ્ટમ એટલે પશ્ચિમ તરફ મરડાઈ ગયેલી ડોક.

★ યુરોપ અને અમેરિકાવાળા શું ખાય છે ?

★ તે લોકો કેવું પાણી પીવે છે ?

★ તે બધા કેવાં કપડાં પહેરે છે ?

★ તે કેવા વાળ રાખે છે ?

★ તે કઈ અને કેવી ભાષા બોલે છે ?

★ કેવી મેનર્સ અને ફોર્માલિટીઝ દાખવે છે ?

★ તેમના ટેસ્ટ અને હોબીઝ કયા છે ?

★ કેવા કિચનમાં તે રાંધે છે ? અને કેવા સંડાસમાં તે જાજરૂ જાય છે ?

★ તેઓ કેવાં વાસણ વાપરે છે ? અને કઈ રીતે ખાય છે ?

★ તેઓ ક્યારે રજા પાળે છે ? અને ક્યારે બજેટ બહાર પાડે છે ?

આગળ જતાં પ્રવૃત્તિમાં વ્યાપેલો આ સિમ્પ્ટમ વૃત્તિમાં પણ ભળે છે.

★ તેઓ શું અને કેવું વિચારે છે ?

★ ધર્મ, મૂલ્યો અને રૂઢિઓ અંગે તેમની શી માન્યતા છે ?

★ પ્રગતિ અંગેની તેમની પરિભાષા કઈ છે ?

ક્યારેક તો લાગે છે કે લોકોના ધડ જ અહીં છે પણ ડોકાં તો વોશિંગ્ટનના ટાવર પર લટકે છે. તે લોકો કરે તેવું કરે તે વિકસિત..... એડવાન્સ્ડ..... સિવિલાઈઝ્ડ.... શેષ પછાત. પછી ભલેને ત્યાંની અને અહીંની ભૌગોલિક પરિસ્થિતિ જુદી હોય ! બન્નેનાં સામાજિક બંધારણો વચ્ચે આભ–ગાભનું અંતર હોય ! પરાપૂર્વથી ચાલ્યાં આવતાં સાંસ્કૃતિક મૂલ્યો અને રૂઢિઓ વચ્ચે ભલેને ગમે તેટલી અસમાનતા હોય !

બ્રિટનના બેરિસ્ટરો કાળા પેન્ટ–કોટને ટાઈ ઠઠાડીને કોર્ટમાં કેસ લડવા જાય છે ને ! તો આપણેય કરો તેમ જ ! ભલે ને ૪૨ સેલ્સીયસ સુધીના ટેમ્પરેચરમાં બફાઈ મરવું પડે. પરસેવો નિતારીને પણ સિવિલાઈઝેશન તો જિવાડવું જ પડે ! વૈશ્વિક વેશભૂષાની ડાહી ડાહી વાતો કરનારા વૈશ્વિક આબોહવા તો ઊભી કરી બતાડે ! કદાચ કોઈ ધર્મસ્થાનમાં પારંપરિક વેશ પહેરીને જ જવાનો આગ્રહ રાખવામાં આવે ત્યારે આવા જ મહાશયો જનહિતની અરજીઓ ફટકારીને હોબાળો મચાવશે ; કારણ કે વેશસ્વાતંત્ર્ય, ધર્મનિરપેક્ષતા

જેવા આયાતી મુદ્દાઓએ મગજ પર કબજો જમાવી દીધો છે.

પ્રકરણના પ્રારંભમાં લખેલી કથામાંના અભેસંગ બાપુ આજના માનવસમૂહનું પ્રતિનિધિત્વ કરે છે.

પેલા વજેસંગ બાપુનો જવાબ એ સમગ્ર પશ્ચિમી રીતિઓનો પડઘો છે.

ઘોડાને ટર્પેન્ટાઈન પીવડાવવાની પ્રક્રિયા એ સર્વક્ષેત્રીય મોર્ડનાઈઝેશનનું પ્રતિબિંબ છે.

અને ઘોડીનું મરણ એ આવતી કાલનું પરિણામ છે.

વગર વિચારે સમગ્ર જીવનશૈલીનું પશ્ચિમીકરણ થઈ રહ્યું છે. આહાર, નિહાર, વિચાર અને વર્તન, ભાષા અને ભપકા, વાસણ, વેશ અને ફર્નિચર બધું જ સમૂળગું બદલાઈ રહ્યું છે. કદાચ બદલાઈ ગયું છે. કાળી ચામડીનું પશ્ચિમીકરણ નહીં થઈ શકવાની ઘણાને વ્યથા હશે. ધર્મ અને મૂલ્યોને ભાંડનારો શિક્ષિત તરીકે પંકાય છે. પરંપરાગત રીત રિવાજોની ઝાટકણી કાઢનારો સુધારક તરીકે પૂજાય છે.

પત્નીને અચાનક પેટમાં પથરીનો દુઃખાવો ઉપડવાથી અગત્યની મીટિંગમાં પંદર મિનિટ મોડી પડનાર વ્યક્તિની 'ઈન્ડિયન ટાઈમ પ્રમાણે સમયસર હાજર થઈ ગયા' કહીને હાંસી ઉડાવાય છે ત્યારે આવાઓને નિયમિતતા અને પરાધીનતા વચ્ચેની ભેદરેખા કોણ સમજાવશે ? બીમાર પત્નીને કણસતી મૂકીને પણ ઘડિયાળના ટકોરે મીટિંગમાં હાજર થઈ જવું તેને સમયપાલન કહેવાય કે સમયની પરાધીનતા ? ઘડિયાળના ચગદામાં કલાક અને મિનિટના કાંટાની સાથે પોતે પણ કેદ થઈ જવાની પશ્ચિમી શિસ્ત અને 'બેર બેર નહીં આવે અવસર'ની આનંદઘનીય સમયશિસ્તનું મૂલ્યાંકન કરવાની તાતી જરૂર છે.

પહેરવેશ હોય કે ખાણું, રીતરિવાજ હોય કે પ્રણાલી, આપણી પરંપરાગત દરેક બાબતો પાછળ પૂર્ણ વૈજ્ઞાનિક અને તર્કબદ્ધ બેકગ્રાઉન્ડ હતું. ગંભીર વૈજ્ઞાનિક અને મનોવૈજ્ઞાનિક ખ્યાલો છુપાયેલા હતા. પણ પરંપરાગત સઘળી ય બાબતોને શબ્દોને વ્યંગોની ખાંયણીમાં ઘાલીને ખાંડવી તે આજનું મોર્ડનાઈઝેશન છે. દેરાણી–જેઠાણી કે સાસુ–વહુના ખખડતાં વાસણને વિરાટ સ્વરૂપ આપી દઈ તેને કોલાહલ તરીકે ચીતરીને સંયુક્ત કુટુંબપ્રથા સામે

તોપનું નાળચું ધરનારા એકવાર કૌટુંબિક કલરવ અને એકલવાયાપણાના ખાલિપાનો તુલનાત્મક અભ્યાસ કરશે ?

★ આધુનિક ડિઝાઈનિંગવાળા ઘરોનું બાંધકામ ત્યાં હશે, પણ સહવાસની કળાનું શું ?

★ સ્વાતંત્ર્યનો સ્વાદ ત્યાં ચાખવા મળે, પણ નિયંત્રણોના ફાયદાઓ જાણવા પણ નથી મળતા તેનું શું ?

★ સામગ્રીઓના ત્યાં ખડકલા હશે, પણ અજંપાનો પાર નથી તેનું શું ?

★ બહારથી ચળકાટવાળું લાગતું ત્યાંનું જીવન અંદરથી કકળાટવાળું છે તેનું શું ?

પશ્ચિમ પાસેથી શીખવા લાયક જો કોઈ ચીજ હોય તો તે છે 'પોતાની જીવનશૈલીનો પ્રચાર કરવાની કળા', જે તે લોકો કરી શક્યા.

**અહીંની પ્રજાની પહેચાન હતી સંતોષ.** દરેક દેશની પ્રજાના મૂળભૂત સંસ્કારોનું પ્રતિબિંબ તેના ભાષાપ્રયોગમાં પડતું હોય છે. દસ હજાર રૂપિયાનો ચેક અંગ્રેજી ભાષામાં લખનારો "Rs. Ten thousand only"લખશે. ગુજરાતીમાં 'અંકે રૂપિયા દસ હજાર પૂરા' લખાય છે. "Only" શબ્દ અસંતોષને સૂચવે છે. 'પૂરા' શબ્દ તૃપ્તિનો સૂચક છે. આર્યપ્રજાના સંતોષી વલણનું આ ભાષાગત પ્રતિબિંબ છે.

પશ્ચિમની ઔદ્યોગિક ક્રાન્તિને આ દેશે સુખના નવા સમીકરણ સાથે અપનાવી લીધી. આયાતી યંત્રવાદે અહીં પણ વસ્તુઓના મેરુ ખડા કરી દીધા. 'ઓછાં સાધનો અને ઝાઝી સાધનાનો' સૂર, હેવ-મોરના કોલાહલમાં દબાઈ ગયો. 'વધુ સાધનો વધુ સુખનો' વિચિત્ર સિદ્ધાંત અહીંના માનવ મનમાં પણ આકાર લેતો ગયો. 'પૂરા' વાળી સંતૃપ્તિ, પ્રણાલિગત શબ્દોમાં જ રહી ગઈ ને "Only"વાળી સુખની નવી પરિભાષા ચલણી બની. અહીંની સંતોષપ્રધાન અને ત્યાગલક્ષી જીવનશૈલીનું મનોહર શિલ્પ ખંડિત થયું.

પશ્ચિમની ભોગલક્ષી અને શોષણપ્રધાન જીવનશૈલીનો વિરોધ ઘણાને કઠે છે. કોઈ દેશ કે દિશા સર્વથા ખરાબ નથી. વિરોધ ત્યાં પાંગરેલી અને ત્યાંથી પ્રસરેલી ખરાબીનો છે. નેહરુ અંગ્રેજોને કાઢવા મથતા હતા, અંગ્રેજીયતને નહીં, ગાંધીજી અંગ્રેજીયતના વિરોધી

હતા. પશ્ચિમનો કોરો વિરોધ અભિપ્રેત નથી. ત્યાંની જીવનશૈલીનો વાંધો છે. પછી તે અહીંના માણસમાં પણ કેમ ન હોય ! **પ્રગતિનો આંધળો વિરોધ ન કરીએ પણ આંધળી પ્રગતિનો વિરોધ અસ્થાને નથી જ.** સામગ્રીમાં સુખ માટેના હવાતિયાં મારવા છતાં સુખ ન મળે, અતૃપ્તિ વધે અને સામગ્રીઓ ક્ષીણ થતી જાય. માનવનું આંતરિક અને વિશ્વનું બાહ્ય સ્વરૂપ ચૂંથાતું રહે, અને છતાંય પશ્ચિમનું આંધળું અનુસરણ કરવું કેટલે અંશે વ્યાજબી કહેવાય ?

પશ્ચિમી જીવનશૈલીનું આંધળું અનુસરણ કરનારા બાહ્ય અંજામણોથી અંજાઈ ગયા છે. આવા જ એક હિન્દુસ્તાનીએ દેશ છોડીને કાયમ માટે અમેરિકામાં સેટલ થવાનો વિચાર કર્યો. ત્યાં ગયા બાદ વર્ષો જતાં, ત્યાંના તેજ સાથે તિમિર પણ દેખાયું. કૌટુંબિકતા વગરનું કુટુંબ, ભૂખ વગરનું ભોજન, આનંદ વગરનું સ્મિત, તૃપ્તિ વગરનો ઉપભોગ. આ બધું જોતા સેટલમેન્ટનો વિચાર બદલાયો અને તેમણે સ્વદેશે પાછા ફરવા નિરધાર્યું. તેમણે એક પુસ્તક લખ્યું. જેમાં પોતાના સમગ્ર સ્વાનુભવના નિચોડરૂપે છેલ્લે એક પંક્તિ મૂકી, જે ઘણી સૂચક છે.

**સરહદોં કે ઉસ પાર, જા કર, કર દિયા હમને બસેરા,**

**હુઈ ઐસી શામ, જિસકા કભી ન થા સવેરા !**

અહીંના લોકો માટે પણ આ પંક્તિ યથાર્થ છે. સંતોષની સરહદોની પેલે પાર જઈને વસવાટ કરવા ગયેલો માનવ એવા અજંપાના અંધકારમાં અટવાયો છે, જેનું પ્રભાત શક્ય નથી. સંતોષના સીમાડા વટાવીને સામગ્રીઓના રણમાં સુખની જલપિપાસા છિપાવવા આળોટતા માનવે સંતોષની સરહદોમાં પાછા ફરવું પડશે.

## ● કૃષ્ણલેશ્યા, ઉપભોક્તાવાદ અને સર્વનાશનો ત્રિકોણ

જૈન દર્શન એટલે અઢળક ફિલોસોફીઓનો મહાસાગર. જીવવિજ્ઞાન હોય કે જડવિજ્ઞાન, કર્મથીયરી હોય કે આચારસંહિતા હોય. બધું જ 'અદ્‌ભુતમ્ અદ્‌ભુતમ્' કરતા કરી મૂકે તેવું છે. આચારની જેમ જૈનદર્શનનું વિચાર વિજ્ઞાન પણ કંઈક અનોખું છે. જીવોની વિચારસૃષ્ટિને લેશ્યાના સ્વરૂપમાં છ પ્રકારે વર્ણવી જૈન દર્શને વિકાસ અને વિનાશનાં મૂળિયાં છેક વિચાર સુધી વિસ્તરેલાં બતાડ્યાં છે. જૈનદર્શનમાં છ પ્રકારની લેશ્યા અંગેની વાત આવે છે. સ્થૂલ પરિભાષામાં અર્થ કરવો હોય તો કહી શકાય કે લેશ્યા એટલે માનવીય સભ્યતાનો સ્કેલ. કૃષ્ણ, નીલ, કાપોત, તેજો, પદ્મ અને શુક્લ નામની છ લેશ્યાઓને સમજાવતું ઉદાહરણ જોઈએ :

છ માણસોનું એક વૃંદ જાંબુના ઝાડ પાસે આવીને ઊભું રહ્યું. સહુને ભૂખ લાગેલી હોવાથી જાંબુ ખાવાની ઈચ્છા થઈ. પહેલાએ પોતાની પાસે રહેલો ચમકતી ધાર વાળો કુહાડો ઉપાડતા કહ્યું 'હમણાં આખું ઝાડ જમીનદોસ્ત કરી દઈએ, પછી ધરાઈને જાંબુ ખાશું.' બીજાએ કહ્યું 'આટલો બધો પરિશ્રમ લેવાની શી જરૂર છે ? મોટી મોટી ડાળીઓ કાપી લેવાથી આપણું કાર્ય સરી શકે છે.' 'અરે ભલા ! મોટી ડાળીઓને કાપવાનો પરિશ્રમ પણ જરૂરી નથી, નાની ડાળીઓ કાપવાથી પણ જાંબુ જોઈએ તેટલાં મળી જ શકે છે' ત્રીજાએ કહ્યું.

ત્યાં તો ચોથો બોલ્યો : 'આખું ઝાડ, કે તેની ડાળીઓ શા માટે કાપવી ? આપણાં જાંબુ માટે કોઈ શ્રાન્ત પથિકના વિશ્રામસ્થાનનો ખાત્મો શા માટે બોલાવવો જોઈએ ? 'નાની ડાળીઓ પણ પંખીઓના માળા અને મેળાપનું સ્થાન છે. આપણે તો માત્ર જાંબુ જ ખાવાં છે ને ! ઝુમખાંઓ તોડી લો. તેમાંથી જાંબુ ખાઈ લેશું.' 'એટલું પણ શા માટે ?' પાંચમાએ કહ્યું : ઉપર ચડીને જરૂર પૂરતાં તોડી લઈએ.' ત્યાં તો છઠ્ઠો જણ ઊભો થયો. 'તમે બધા ઝાડ ઉપર નજર જ કેમ કરો છો ? આ જુઓ, નીચે આટલાં બધાં જાંબુ પડ્યાં

છે તે જ શા માટે ન લઈ લેવાં. જ્યારે જમીન પર પડેલા જાંબુથી જ આપણું કામ સરી જતું હોય પછી ઉપર નજર કરવાની જરૂર જ શું છે ?

આ છ એ પ્રકારના અભિપ્રાયોને ક્રમશઃ છ લેશ્યા સ્વરૂપે જણાવીને છેલ્લી શુક્લ લેશ્યાને સર્વશ્રેષ્ઠ ગણાવી છે.

આ ઉદાહરણ ઘણું માર્મિક છે. છએ વ્યક્તિઓની જરૂરિયાત એક સરખી છે. અહીં છ વ્યક્તિમાંથી જરૂરિયાત વગરની હોય તેવી એકે ય વ્યક્તિ નથી. છએ વ્યક્તિઓને આવશ્યકતા તો છે જ. દરેકે પોતાની આવશ્યકતા પૂર્ણ કરી છે. એટલે જરૂરિયાત વગરનાને ઊંચો કહી દેવાની કે જરૂરિયાતોની સર્વથા ઉપેક્ષા કરવાની અહીં વાત નથી. પરંતુ જરૂરિયાત સંતોષવાની તેમની રીત વિલક્ષણ છે.

કૃષ્ણલેશ્યામાં માત્ર પોતાને વસ્તુ મળે એ જ ઈષ્ટ છે, તેની સામે થતું નુકસાન દૃષ્ટિબાહ્ય છે. શુક્લ લેશ્યામાં બીજાના વિચારપૂર્વકની સ્વેચ્છાપૂર્તિ છે. જરૂરિયાતના કારણે અહીં ભેદ પડતા નથી પણ જરૂરિયાત સંતોષવાની રીતમાં જેટલાં વધુ પ્રમાણમાં બેફિકરાઈ ભળે એટલું સ્તર નીચું અને જેટલા અંશે બીજાનો વિચાર ભળે તેટલું સ્તર ઊંચું. પોતાના વપરાશ માટેની ઉપયોગી ચીજ મેળવવાનો અબાધિત અધિકાર બધાને હોઈ શકે. પણ વસ્તુ ઉપયોગી છે કે ઈચ્છિત ? વસ્તુનો વપરાશ થાય છે કે વેડફાટ ? અને આ બધું કોના ભોગે છે ? આ બધું નક્કી કોણ કરશે ?

અહીં સૌ પ્રથમ આપણે કૃષ્ણલેશ્યાના સ્વરૂપને બરાબર સમજી લઈએ :

(૧) જરૂર માત્ર જાંબુની છે,

(૨) તેને મેળવવાની પ્રક્રિયા એવી છે કે તેમાં સમગ્ર ઝાડનો લોથ નીકળે છે,

(૩) પરિણામે કેટલાયનો વિસામો ને કેટલાયનો આશ્રય, જેવી પ્રાથમિક જરૂરિયાતો છીનવાય છે.

જાંબુની જરૂરિયાત નીચેનાં જાંબુથી જ સંતોષવી જોઈએ. એ શક્ય ન હોય તેવા સંયોગોમાં ઉપરનાં જાંબુ એ રીતે મેળવવાનાં હોય કે ફરીથી જાંબુ ઊગીને બીજાની જરૂરિયાત સંતોષી શકે... તેના બદલે જાંબુની સાથે સાથે વર્ષો પછી ઊગેલા ઝાડનો પણ

લોથ વાળવો તે ગુનો છે.

આજે વિશ્વનો માનવસમૂહ બે ભાગમાં વિભક્ત છે. એક વર્ગને પીવાના પાણીના સાંસા છે જ્યારે બીજાને નહાવા માટે વોટરપાર્ક્સ મળે છે. એક વર્ગને પેટ ભરવા પૂરતું ભોજન મળતું નથી જ્યારે બીજાને એઠું મૂકવા માટે રૂપિયા ચારસોની ડિશ પરવડે છે. એકને માટે અંધારી ઝૂંપડીમાં ફાનસનું અજવાળું કરવા બળતણ પણ દોહ્યલું છે જ્યારે બીજાને રાત્રે પણ દિવસ ઊભો કરી દેતી ઊર્જા મળી રહે છે. ગામડાંઓમાં પીવાના દૂધના ફાંફા છે જ્યારે શહેરોમાં રોજનું હજારો લિટર દૂધ દરિયાભેગું થાય છે. એકને ઉદ્યોગો ચલાવવા ઊર્જા મળે છે જ્યારે બીજાને રાંધણ માટે ઈંધણ નથી મળતું. કવિ કરસનદાસ માણેકે આ વ્યથા કાવ્યમાં ઝીલી છે.

ઘરહીણાં ઘૂમે ઠુકરાતાં ઘેર ઘેર
ને શ્રીમંતોના મહેલ જનસૂના રહી જાય છે
મને એજ સમજાતું નથી કે
આ આમ કેમ થાય છે ?
કામધેનુને સૂકું તણખલું ય મળતું નથી
ને લીલાછમ ખેતરો આખલા ચરી જાય છે.
મને એજ સમજાતું નથી કે
આ આમ કેમ થાય છે ?

અહીં એક સ્પષ્ટતા જરૂરી છે કે સામ્યવાદના સમર્થનનો આ પ્રયાસ નથી. કર્મવાદને સ્વીકારનારો સામ્યવાદને શી રીતે સ્વીકારે ? કર્મકૃત અસમાનતાને પડકારવી વ્યર્થ છે. પણ આજની અસમાનતા ઘણું કરીને માનવકૃત છે. મુઠ્ઠીભર માનવોની શોષણખોર જીવનશૈલીએ લગભગ એંસી ટકા માનવોની આ સ્થિતિ ઊભી કરી છે.

આજે 'ગરીબી હટાવ'ની બૂમરાણો ઘણી થાય છે. ગરીબો માટે કાર્ય કરતી સંસ્થાઓ પણ ઘણી છે. માનવતાનાં કાર્યોને આજના કાળનો યુગધર્મ ગણાવાય છે. ગરીબો માટે ક્યાંક સદાવ્રતો ચાલે છે, કપડાંનું વિતરણ થાય છે, સસ્તા ભાડાના ફ્લેટોથી લઈને

નોટબુક્સ અપાય છે, ઠંડીમાં ધાબળા ઓઢાડાય છે, ચોમાસામાં રેઈનકોટ–છત્રી વેચાય છે, દિવાળી પર મેવા–મિઠાઈ ને ઉનાળામાં કેરી પણ પહોંચાડાય છે, છતાં ગરીબીનો સ્કેલ વધતો જાય છે.

ગરીબીનાં કારણોને ધ્યાનમાં લીધાં વિના ગરીબીનો ઉકેલ ત્રિકાળમાં શક્ય નથી. ગૂમડું પાક્યું હોય તો પહેલા ઘસરકા સાથે અંદરની રસી બહાર કાઢવી પડે. બહારથી તો ઘા અને ઉપરનો પોપડો જ દેખાય. પણ પીડાનું ખરું કારણ અંદર હોય છે. ગરીબીનાં કારણોને દૂર કર્યાં વગરની જનસેવા, એ રસી કાઢ્યા વગર ઘા ઉપર સોફ્રામાઈસિન લગાડવાની પરિણામશૂન્ય ચિકિત્સા છે.

આખું વિશ્વ પેટ ભરીને જમી શકે એથી ય વધુ અન્ન–ઉત્પાદન જગતમાં થાય છે. અને છતાં વિશ્વમાં કરોડો લોકો ભૂખમરામાં સબડે છે. વિશ્વની તમામ જીવસૃષ્ટિને પૂરતું પાણી મળી શકે તેટલી જલસંપત્તિ હોવા છતાં પણ લાખો–કરોડોને પીવાના પાણીના ય ફાંફા છે. વિશ્વની સમસ્ત માનવસૃષ્ટિને અંગ ઢાંકવા પૂરતું કાપડ આસાનીથી મળી શકે તેમ છે. છતાં, કરોડો માનવોની લાજ પણ ઢંકાતી નથી. વિશ્વની કુલ માનવવસ્તીની જેટલા જ નવાં પગરખાં દર વર્ષે ઉત્પન્ન થાય છે. છતાં, ખુલ્લા પગે ચાલનારાની સંખ્યા પણ કરોડોમાં છે. ગરીબોને મદદ કરવા ઈચ્છનારે પહેલા તો તેના ખરા કારણને જાણવાં જોઈએ.

એક બહુ મજાનું વાક્ય છે : If you want to help the poor, study the rich. ગરીબોને મદદ કરવા ઈચ્છનારેં સૌ પ્રથમ શ્રીમંતોની જીવનશૈલીનો અભ્યાસ કરવો જોઈએ.

સેંકડો લોકોને દાયકા સુધી જાંબુ પૂરા પાડી શકે તેવો જાંબુડો ગામના પાદરે ઊભો હતો અને અચાનક આ જાંબુ મળતાં દુર્લભ થઇ જાય ત્યારે વંચિત રહેનારા વર્ગ માટે જાંબુ ઉઘરાવતું ઉપલકિયા સહાયકપણું બજાવવાને બદલે તે દિવસે સવારે જાંબુ લેનારે કઈ રીતે જાંબુ ગ્રહણ કર્યાં હતાં તે ગ્રહણ–પ્રક્રિયા તપાસવી જોઈએ. મૂળમાંથી ઝાડનો ખાત્મો બોલાવીને જાંબુ લેવાયાં હોવાનું જણાતાની સાથે જ (૧) જાંબુ દુર્લભ થયાનું ખરું કારણ હાથ લાગશે (૨) જાંબુની સાથે જ પથિકોનો છાંયડો, પંખીઓનો આશ્રય બધું જ દુર્લભ થયાનું પણ જણાશે.

જ્યાં વપરાશ અને વેડફાટ વચ્ચેનો ભેદ ભૂંસાય છે અને પોતાના બેફિકર વેડફાટની વિકરાળ અસર બીજાની અનિવાર્ય જરૂરિયાતો ઉપર પડશે એવો વિવેક જ્યાં વિસરાય છે, તે ક્રિયામાં કૃષ્ણલેશ્યાનું હાર્દ વિદ્યમાન હોવાનું પૂર્વોક્ત જાંબુવૃક્ષના ઉદાહરણ પરથી કલ્પી શકાય છે. જૈનદર્શન અહિંસાપાલન માટે અશુભલેશ્યાના ત્યાગ ઉપર ભાર આપે છે.

જૈનદર્શન પૃથ્વી–પાણી–અગ્નિ–વાયુને વનસ્પતિમાં પણ ચૈતન્યનો સ્વીકાર કરે છે. એટલે પ્રકૃતિ સાથે પણ થતી બેફામ વર્તણુકને તે હિંસા જ ગણે છે. આજના સંદર્ભમાં આ સિદ્ધાંત કેટલો બધો જરૂરી છે તે વાત ધ્યાનપૂર્વક સમજવી પડશે.

આજે લાખો માણસોને પીવા માટેનું બે બાલ્દી પાણી મેળવવા અડધી બાલ્દી પરસેવો પાડવો પડે છે. તેને માટે જાતજાતના પ્રકલ્પો, યોજનાઓના ઘંટ વગાડવાને બદલે શહેરી વર્ગ કઈ રીતે પાણી વાપરે છે તે તપાસવું જરૂરી છે : સવારે દંતશુદ્ધિ કરતી વખતે બેઝિનનો નળ ખુલ્લો રહે. સ્નાન વખતે બાથરૂમનો નળ ખુલ્લો રહે કે શાવર સતત પાણી વરસાવતો રહે, વાસણ માંજતી વખતે અને કપડાં ધોતી વખતે પણ નળ ખુલ્લો રહે, કેટલાય મકાનોની ટાંકીઓ ઓવરફ્લો થતી હોય ત્યારે જલકાય જીવોની રક્ષાના સિદ્ધાંતને યાદ કરવો જોઈએ.

એક જ ઘરમાં વ્યર્થ વહી જતા પાણીનું પ્રમાણ જરૂરિયાત કરતા કંઈ ગણું વધારે હોવાનું જણાશે. જૈનદર્શન પાણીનો વપરાશ સીમિત રાખવાની વાત કરે છે. કદાચ વપરાશ ઘટાડવામાં ન આવે અને માત્ર વેડફાટ અટકાવવામાં આવે તો પણ અસંખ્ય જીવોની રક્ષાનો અને કેટલાય માનવોની જરૂરિયાતો અખંડિત રાખવા દ્વારા માનવદયાનો લાભ અનાયાસ પ્રાપ્ત થાય છે.

માત્ર વેડફાટ અટકાવવાની તસ્દી લઈને પણ પુષ્કળ દયાધર્મનું પાલન કરવા જેટલું કરુણાભીનું અંતઃકરણ ધરાવનારા આજે કેટલા મળશે ? પાણીના પ્રશ્ને નર્મદા યોજનાઓને બદલે શહેરી નર અને માદાઓને વપરાશનો વિવેક શીખવી દેવાય તો વધુ સુખદ પરિણામ આવે.

આજે એકાદ વર્ષનું ચોમાસુ નબળું જાય અથવા વરસાદ માત્ર એકાદ મહિનો લંબાઈ જાય તો લોકો ચિંતામગ્ન બની જાય છે. સેંકડો, હજારો ઢોર મોતને શરણ થાય છે. આનું કારણ એ જ છે કે આવી પડતી કુદરતી આફત વખતે નીચે પાણી બચેલું રહ્યું હોતું નથી.

મોટા મોટા ઉદ્યોગોમાં વપરાતા રોજના અબજો લિટર પાણીના કારણે આજે જલભંડારો સાફ થયા છે. આની સીધી ઘાતક અસર કરોડો લોકોના જીવન પર પડેલી દેખાય છે. ઉદ્યોગોના મોટા પાયાના વપરાશે અને ઘર ઘરના વેડફાટે કરોડો માનવોને પાણી માટે વલખાં મારતા કરી દીધાં છે. પોતાની રાક્ષસી જરૂરિયાતોનું સીધું અવળું પરિણામ અન્યોના જીવન પર પડતું હોય તો તેને કૃષ્ણલેશ્યા કેમ'ન કહેવાય ? કૃષ્ણલેશ્યાની વાતને માત્ર જાંબુવૃક્ષના ઉદાહરણ પૂરતી સીમિત ન રાખતાં તેના સ્વરૂપનો દરેક પ્રવૃત્તિમાં વિચાર કરવો જરૂરી છે.

નિકટના ભવિષ્યમાં પાણીની તીવ્ર તંગી વિશ્વની કરોડોની વસતીને ભરખી જશે તેવી ચેતવણીઓ વિશ્વસ્તરીય નિષ્ણાંતો દ્વારા વારંવાર ઉચ્ચારવામાં આવે છે. કેટલાક વિચારકો એવો ભય સેવી રહ્યા છે કે હવે પછીનું વિશ્વયુદ્ધ કદાચ પાણીના કારણે થશે.

આ તો માત્ર પાણીની વાત થઈ. આના ઉપલક્ષણથી બીજી અનેક બાબતો વિચારવી જોઈએ : જેમ કે

(૧) ઉર્જાનો થતો બેફામ વપરાશ અને તેને કારણે કરોડોના જીવન ઉપર થતી વિનાશક અસર.

(૨) હવામાનમાં ઝેરી રસાયણો ઓકવા દ્વારા લોકોના સ્વાસ્થ્ય સામે ઊભા થતા જીવલેણ ખતરા.

(૩) જંગલો આડેધડ કાપવાની પ્રવૃત્તિ દ્વારા લોકજીવન ઉપર થતી ગંભીર અસર.

(૪) પશુઓની થતી બેફામ કતલના કારણે લોકજીવન ઉપર આવેલાં ભયંકર પરિણામો.

જૈનદર્શન કૃષ્ણલેશ્યાનું પરિવર્જન કરવા પર ખૂબ ભાર મૂકે છે. કૃષ્ણલેશ્યાથી બચવાના વિધાન પાછળ સ્વની સાથે વિશ્વમાત્રના યોગક્ષેમની ફોર્મ્યુલા પણ ગર્ભિત રીતે વણાયેલી છે.

## ● પ્રગતિનું પોસ્ટમોર્ટમ

પંચોત્તેર વર્ષના કોઈ કાકા રસ્તાને કિનારે કશુંક કરી રહ્યા હતા. 'શું કરો છો કાકા ?' કો'કે પૂછ્યું. 'આંબો વાવું છું' કાકાએ ઊંચું જોઈને પ્રત્યુત્તર વાળ્યો. પૂછનારો હસી પડચો 'કાકા આ ઉંમરે ય એટલી માયા !' આ આંબો ક્યારે ઊગશે ને ક્યારે ફળશે ? વૃદ્ધે નમણા હાસ્ય સાથે કીધું 'આજે રસ્તાની બંને બાજુ પર જે પુષ્કળ છાયા આપતાં વૃક્ષો છે તે આપણા વડવાઓ–પૂર્વજોએ વાવેલાં છે. તો તેની શીળી મીઠી છાયા ને મીઠાં મધુરાં ફળ આપણને મળ્યાં. હવે આવતી પેઢી માટે કંઈક વાવવાની આપણી ય ફરજ છે. આપણે ગઈકાલ પાસેથી કંઈક લીધું હોય તો આવતીકાલને કંઈક આપવું જોઈએ. આ માયા નથી, માનવતા છે !' અને સ્મિત વેરતા તે વૃદ્ધ પાછા પોતાના કાર્યમાં ખોવાઈ ગયા.

આજના પ્રગતિશીલ ઉપભોક્તાવાદી માનવના ગાલ પર (સણસણતા તમાચારૂપે) આ નાનકડી વાર્તા સાદર.

આજના વિકાસના કન્સેપ્ટને વ્યાખ્યાના ચોકઠામાં પૂરવો હોય તો કહી શકાય કે કુદરતી પરિબળોને નષ્ટ અને ભ્રષ્ટ કરવા તેનું નામ વિકાસ. કોઈ વ્યક્તિના નામ અને ગુણને બારમો ચંદ્રમા હોય ત્યારે વૃદ્ધ પુરુષો એક ગુજરાતી કડી ખાસ સંભળાવે છે : 'લક્ષ્મી છાણા વીણતી, ભીખંતો ધનપાલ, અમર બિચારો મરી ગયો, ભલો મારો ઠંઠણપાલ.' વર્ષો જુની આ કડીમાં થોડો ચેઈન્જ લાવવો હોય તો 'લક્ષ્મી છાણા વીણતી'ની જગ્યાએ 'વિકાસ વિનાશ વેરતો' એવું બેધડક ઉમેરી શકાય.

ઓટલો ચણી શકાય, પર્વતો ચણી શકાતા નથી. ઝાડ ઉગાડી શકાય, જંગલો ઉગાડી શકાતાં નથી. હોજ ભરી શકાય, નદી અને સમુદ્રો ભરી શકાતાં નથી. કોમ્પ્યુટર બનાવી

શકાય, કીડી બનાવી શકાતી નથી. જેનું સર્જન કરી ન શકાય, તેનું નિકંદન કાઢવાનો અધિકાર હોઈ શકે નહીં. પર્વતોને ખોદી નાંખવા, નદીઓને વાળી દેવી, જંગલોને વાઢી નાંખવાં, જમીનને વાંઝણી કરી નાંખવી અને પશુસૃષ્ટિને ખતમ કરી નાંખવી તે આજના વિકાસની વાનગીઓ છે.

કવિ હિમાંશુ વોરાનું એક કાવ્ય આજના પ્રગતિશીલ માનવના ગાલ પર એક સણસણતી તમાચ મારે છે :

**પ્રતિબદ્ધ**

હે ખુલ્લી જગ્યાઓ !

તમે મને સતાવો નહીં

હું ફેક્ટરી નાખવાનો વિચાર કરું છું.

ઓ હરિયાળાં જંગલો !

મને લલચાવો નહીં

મારે તમારાં લાકડાંનું કામ છે.

હે આકાશનાં વાદળો !

મને આકર્ષો નહીં

મારે ધુમાડો છોડવો છે.

હે સુરીલાં વહેણો !

મને મોહિત કરો નહીં

મારે તમને બંધમાં બાંધવાં છે.

હે લીલાછમ ડુંગરો !

મને લોભાવો નહીં

મારે તમને વીંધી નાંખવા છે.

હે કુદરતના પ્રેમીઓ !

મને ચળાવો નહીં

હું પ્રગતિ કરવા પ્રતિબદ્ધ છું.

એક વિશાળ પર્વત એ કુદરતની યુગોની સાધનાનું પરિણામ છે. જે પર્વતના સર્જનમાં યુગો વીત્યા હોય તેનું વિસર્જન કદાચ દિવસોમાં જ થઈ શકે ખરું, પણ તેમ કરી ન દેવાય. પૃથ્વી–પાણી–વાયુ કે વનસ્પતિ, કોઈ પણ કુદરતી પરિબળો, (જૈનદર્શન જેને સ્થાવરકાય કહે છે) એ હજ્જારો–લાખો વર્ષોની કુદરતી પ્રક્રિયાઓનું પરિણામ હોય છે. તે કુદરતી સંપત્તિ પર આવનારી પેઢીઓની પેઢીઓનો પણ આજના માનવી જેટલો જ અધિકાર છે. પંદર પેઢીઓની જીવન ટકાવવા માટેની ચીજ–વસ્તુઓ કોઈ એકાદ બે પેઢી અમન ચમનમાં ફૂંકી મારે તે માત્ર મૂર્ખામી જ નથી, ગુનો પણ છે.

આખા કુટુંબને બાર મહિના ચાલે તેટલું અથાણું સીઝનમાં તૈયાર કરીને બરણીમાં ભર્યું હોય અને તેના સ્વાદના ચટકામાં લલચાઈને પરિવારનો કો'ક સભ્ય એક જ દિવસમાં આખી બરણી ઝાપટી જાય તે અસભ્યતા તો છે જ, અન્યાય પણ છે. અથાણાંને અથાણાની રીતે વાપરે તો આખું વર્ષ ચાલે, અથાણાને નાસ્તાની જેમ વાપરે તો બે દા'ડામાં બરણી સાફ થઈ જાય. અથાણું ચાટવા જેટલી સભ્યતા આજના કહેવાતા પ્રગતિશીલ માનવ પાસે નથી. ચાટવાની ચીજને ઓહિયાં કરી જવાની વૃત્તિ તે 'વિકાસ'ના દૈત્યનું ફરજંદ છે.

સમગ્ર વિશ્વ આજે વિશ્વસ્તરીય સમસ્યાઓના જાળામાં અટવાયું છે. અન્નની ઊણપ, પાણીની અછત, વીજ, ઉર્જા અને પેટ્રોલિયમની કટોકટી, ચોખ્ખી હવા, વનસ્પતિ, પશુસૃષ્ટિ બધું જ ઘટી રહ્યું છે. અત્યારે છત હોય તો માત્ર 'અછત'ની ! વિકાસની સોગાદ મેળવવા માટે મગજની સાથે ચોખ્ખા શ્વાસને પાણી પણ ગિરવે મૂકી દીધા હોવાનું જણાતા હવે આ સ્થિતિના સર્જકને માણસ ગાળો ભાંડે છે. ત્રીજા વિશ્વમાં, ખાસ કરીને એશિયાઈ રાષ્ટ્રોમાં વધતી જતી માનવ વસતિના કારણે જ વિશ્વ આખું સમસ્યાગ્રસ્ત બન્યું હોવાનું કહેવામાં આવે છે. વિકાસશીલ દેશોમાં વધતી જતી વસતિને બધી પ્રકારની તંગી અને પ્રદૂષણનું કારણ કહેનારાઓ સામે એક સવાલ છે કે આ ધરા પરની વિપુલ

કુદરતી સંપત્તિનું આખરે થાય છે શું ? તે બધી ક્યાં જાય છે ? શું ત્રીજા વિશ્વની વિપુલ જનસંખ્યા તેને વાપરી કાઢે છે ? જો વાત એમ જ હોત તો ત્રીજું વિશ્વ એ ત્રીજું રહ્યું હોત ખરું ? એટલે વિકસિત કહેવાતા દેશોની દલીલ તદ્દન પોકળ સાબિત થાય છે. જોકે, હકીકત તો એથી ય વધુ કરુણ છે. વિકસિત દેશો માત્ર પોકળ દલીલો કરવાનું કાર્ય જ કરતા નથી, પણ પોતાના ગુનાની એન્ટ્રિ કો'ક નિર્દોષના ખાંતે ચડાવી દઈને તેને સજા ફટકારવાની નિર્ઘૃણ વૃત્તિ પણ તેઓ ધરાવે છે.

આ તથ્યની સાબિતી માટે જેને આદર્શ રાખીને લોકો જીવે છે તે વેસ્ટર્ન લાઈફસ્ટાઈલનું પોસ્ટમોર્ટમ કરવું આવશ્યક છે. સરેરાશ ભારતીય નાગરિક જેટલો કાગળ વાપરે છે તેના કરતાં એક અમેરિકન નાગરિક ૧૩૭ ગણો વધુ કાગળ વાપરી કાઢે છે. શેષ વિશ્વની સરખામણીએ એક અમેરિકન વ્યક્તિ કુદરતી સંપત્તિનો વીસ ગણો જથ્થો વાપરી જાણે છે.

માત્ર માથાંઓની ગણતરીના માધ્યમે વસતિગણતરી કરવાને બદલે વસ્તુવપરાશના દરને અનુલક્ષીને વસતિગણતરી કરીએ તો અમેરિકાની પચીસ કરોડની વસતિનો વીસ ગણી વસ્તુવપરાશ કરવા બદલ વીસ વડે ગુણાકાર કરતા પૂરા પાંચ અબજની અમેરિકાની વસતિ સાબિત થશે. આ સૂચિત માપદંડ પ્રમાણે ભારતની વસતિ મહત્તમ ૩૦ કરોડની જ ગણી શકાય.

કુલ વિશ્વ વસતિના માત્ર પચીસ ટકા વસતિ ધરાવતાં પ્રથમ વિશ્વનાં આ ઔદ્યોગિક રાષ્ટ્રો વિશ્વની કુલ ઉર્જાનો ૭૫ ટકા હિસ્સો વાપરી નાંખે છે, વૈશ્વિક પેટ્રોલિયમ પેદાશોનો ૭૯ ટકા હિસ્સો ચાઉં કરી જાય છે અને વિશ્વનાં કુલ વૃક્ષ–લાકડામાંથી ૮૫ ટકા ઉપભોગ કરી જાય છે. આ ૨૫ ટકા લોકો ભેગા મળીને દુનિયાના ૭૨ ટકા પોલાદને પણ ચાવી જાય છે અને પછી આંગળી ચીંધે છે ત્રીજા વિશ્વ તરફ. પોતાના વેડફાટ ખાતર કરોડોની જરૂરિયાતોને છીનવી લેનારાઓની સાન ઠેકાણે કોણ લાવશે ? ગ્લોબલાઈઝેશનના હિમાયતીઓ સાર્વત્રિક જીવનધોરણની શિષ્ટતા માટે રાક્ષસી જીવનશૈલીના માલિકોને સંતોષ અને સભ્યતાના પાઠ ભણાવશે ?

વિશ્વના કેટલાક દેશોને વિકસિત દેશનું લેબલ ફટકારવામાં આવ્યું છે. એનો અર્થ એ

થયો કે બાકીના દેશોએ વિકાસ સાધવા માટે તે દેશોને જ અનુસરવાનું રહેશે. આવું શિષ્યત્વ જે રાષ્ટ્રો સ્વીકારે તે રાષ્ટ્રોને વિકાસશીલ રાષ્ટ્રનું રૂપકડું લેબલ લગાડવામાં આવે છે. બાકીના બધા અવિકસિત. વિકસિત દેશોએ વપરાશ અને પ્રદૂષણ ક્ષેત્રે વર્તાવેલો કાળો કેર જોતાં એમ વિચાર સહજ આવે કે જો બધાં જ રાષ્ટ્રો આ કહેવાતાં વિકસિત રાષ્ટ્રોની ઉપભોક્તાવાદી સંસ્કૃતિને પૂર્ણતાએ સ્વીકારી લે તો શું પરિણામ આવે ? હકીકતમાં દરેક વિકાસશીલ દેશ વિનાશશીલ દેશ છે અને દરેક વિકસિત રાષ્ટ્ર એ વિનાશક રાષ્ટ્ર છે.

અબજો માનવોને સૈકાઓ સુધી ચાલે તેટલી વિપુલ કુદરતી સંપત્તિને કેટલાક કરોડ માનવો દાયકાઓમાં જ ભરખી જવા તત્પર બન્યા હોય તો તેમની સાન ઠેકાણે લાવવાની જોગવાઈ કોઈ આંતરરાષ્ટ્રીય કાયદાઓમાં હશે ? દુનિયામાં એક અમેરિકાએ મચાવેલા આતંકને જોતાં લાગે છે કે દુનિયાને બીજું અમેરિકા (અહીં અમેરિકા એટલે વિકસિત કહેવાતું રાષ્ટ્ર સમજવું) પરવડે તેવું નથી. અનેક રાષ્ટ્રો અરબસ્તાન બને ત્યારે આવા એક અમેરિકાનું નિર્માણ થાય છે. કુદરતી સંપત્તિઓ તળિયાઝાટક થતી જતી હોય અને પ્રદૂષણ માઝા મૂકતું હોય તેવા તબક્કેય હજી જો શ્વાસ લઈ શકાતો હોય અને પીવાનું પાણી હજી બચ્યું હોય તો તેનું મૂળ કારણ એ જ છે કે આ ધરતી પર હજી અવિકસિત કહેવાતા દેશો બચ્યા છે.

આ કહેવાતા વિકસિત દેશો બધે માથું મારે છે. ક્યાંક ભૂખમરાના નામે તેમને ચંચૂપાત કરતા જોઈએ ત્યારે એક હિન્દી કહેવત યાદ આવે છે : 'સો ચૂહેં માર કર બિલ્લી હજ કો ચલી.' 'માનવ અધિકારનો ભંગ થાય છે'ના નારા સાથે પણ અનેક સ્થાને હસ્તક્ષેપ કરનારાને પૂછવું જોઈએ કે 'આવતી પેઢીના માનવોનો આ સૃષ્ટિ પર અધિકાર ખરો કે નહીં ? આ સૃષ્ટિ પર રહેલી વિપુલ કુદરતી સંપત્તિ પર તેમનો કોઈ અધિકાર ખરો કે નહીં? અધિકાર જો છે, તો સૈકાઓ સુધી ચાલે તેટલી કુદરતી સંપત્તિને માત્ર દાયકાઓમાં જ ભરખી જઈને આવનારી પેઢીના હક્કની ચીજ અણહક્કથી વાપરી ગણાય કે નહીં ? જો ગણાય, તો તેને માનવ અધિકારનો ભંગ (આવનારા માનવોના અધિકારનો ભંગ) કેમ ગણી ન શકાય ? માનવ અધિકારના નામે દુનિયાભરની આંતરિક બાબતોમાં પણ દખલ કરવા સુધીનો પોતાનો અધિકાર છે તેવું માની બેસનારા માનવો આ અંગે મૌન ધારણ કેમ કરે છે ?' કારણ સીધું છે. રેલો પગ નીચે આવે છે.

શોષણના મુદ્દે પણ આજે ઘણી ચળવળો ચાલે છે. પોતાના શોષણને તો કોઈ સહન કરતા નથી પણ પરોપકારના ઉદ્દેશથી પણ આજે ઘણા ચળવળો ચલાવે છે. કોઈ દલિતો અને પછાતોનાં શોષણના મુદ્દે લડે છે. કેટલાક મજૂરી કરતા બાળકોને જોઈ બાલશોષણને નામે લડત ચલાવે છે. તો કોઈક સજ્જનો વળી મહિલા–શોષણને નામે કાર્ય કરે છે. પણ આવનારી આખી પેઢીનું શોષણ થાય છે તેની કોઈને લગીરે પડી નથી. **આવતી કાલે આવનારી પેઢી જાણે આવવાની જ નથી તેમ સમજીને વર્તમાન પેઢી બેફામ બની છે. ગઈ પેઢી જો આ રીતે જીવી હોત તો વર્તમાન પેઢીની એ દશા થઈ હોત, જે આવતી પેઢીની થવાની છે.**

**પોતાને મળેલો પ્રાકૃતિક વારસો એ બાપદાદા પોતાના માટે મૂકી ગયા છે તેમ સમજીને નહીં પણ આવનારી પેઢી પાસેથી ઉછીની લીધેલી ચીજ છે, જેને વ્યાજ સાથે ચૂકવવાની છે એમ સમજીને વ્યક્તિએ પ્રકૃતિ સાથે વર્તવું જોઈએ.**

અનાજની તંગી હોય તેવા સંયોગોમાં ઘરમાં સ્ટોર કરી રાખેલું વર્ષભરનું અનાજ દોઢ મહિનામાં પૂરું થઈ જાય તો ઘરનો માણસ તેનો કડક હિસાબ માંગે. દિવસમાં માત્ર ચાર કલાક પૂરતું જ પાણી આવતું હોય તેવા સંયોગોમાં ઘરમાં બે–ત્રણ ટાબરિયાઓ તોફાને ચડે અને વપરાશ માટે રાત્રે બારથી ચાર વચ્ચે ભરી રાખેલા પીપમાંથી પવાલાં ભરીને રમતગમતમાં એક બીજાને ભીંજવી દે, ત્યારે ઘરના વડીલ લાલ આંખ, તંગ ભવા અને ઊંચા હાથે રાડ પાડશે... 'મુઆ ! અક્કલ નથી ? અહીં પીવા માટે પાણીનાં ફાંફાં છે ત્યાં તમને પાણી ઉડાડવાનું સૂઝે છે !' અને એક જુસ્સાદાર હાથ, પાણીદાર ઝાટકા સાથે પાણીનો વેડફાટ થતો અટકાવે છે. નાદાન બાળકોની બાલિશ ચેષ્ટા બંધ કરાવી, તેમાં બાળકનો અજ્ઞાનજનિત થોડો આનંદ છીનવાયો ખરો પણ આખા ઘરની આવશ્યકતાઓ અકબંધ રાખવા તે જરૂરી હતું તેમાં બે મત નથી.

દીકરાને સેટલ થવા બાપે આપેલા દસ લાખ રૂપિયાને દીકરો અમનચમનમાં ઉડાવી મૂકે તો તે દીકરાને ઊડાઉ કહેવાય છે. નવા સીવડાવેલાં મોંઘાં કપડાં બીજે જ અઠવાડિયે ફાડી નાંખે તેવી વ્યક્તિને બેદરકાર કહેવાય છે. ઘરમાં નાંખેલો બલ્બ ઊડી જતા પહેલા પડી જાય તો નોકર બેપરવાહ કહેવાય છે. પાંચ વર્ષ ટકાવવાની સરકાર પણ જો છ મહિને

પડી ભાંગે તો તેવા નેતૃત્વને નિષ્ફળ લેખાવાય છે. દાયકો ટકનારી ચીજ વર્ષમાં સાફ થઈ જાય તેને વખોડનારો વર્ગ સૈકાની સમૃદ્ધિને દાયકામાં સાફ કરી નાંખનારને પ્રાગતિક માને છે તે આપણી વૈચારિક દુર્દશાનો નમૂનો છે.

સ્વાર્થના ગુમડાથી પીડાતા માનવીને શોષણની વાત ક્યાંથી અડે ? પણ આજનો સ્વાર્થ પણ વિચિત્ર છે. પોતાના લાભ ખાતર બીજાને નવરાવી દે તેને સ્વાર્થ કહેવાય પણ પોતાના વર્તમાનને શણગારવામાં પોતાના જ ભાવિ પ્રત્યે આંખમીંચામણા કરી દે તેને શું કહેશું ? બેફામ ઉત્પાદન, વપરાશ ને વેડફાટથી તેના પોતાના ચોખ્ખાં હવાપાણી પણ છીનવાઈ ગયાં છે. ચોખ્ખું પાણી હવે બાટલાઓમાં વેંચાય છે. ચોખ્ખી હવા હવે ઓક્સિજન સિલિન્ડર્સ પૂરતી જ સીમિત રહી છે. કુદરતના ખોળે રમનારા અન્ય કોઈ પ્રાણીસૃષ્ટિનો વિચાર નહીં કરનારો વાસ્તવમાં પોતાનો જ વિચાર ચૂકે છે. પોતે જે ડાળી પર બેઠો હતો તે જ ડાળીને કાપતા પેલા મૂર્ખની યાદ તાજી થાય છે.

'પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય'ની કહેવતમાં પ્રકૃતિ શબ્દનો અર્થ કુદરત કરશો તો આ વાત વધુ સ્પષ્ટ થશે.

ખેદની વાત એ છે કે આજે પ્રકૃતિ ઉપર અત્યાચાર કરનારને 'વિકસિત' કહેવાય છે. રાષ્ટ્ર વિરોધી પ્રવૃત્તિ (**Anti Nation Activity**) જો ગુનો ગણાતો હોય તો પ્રકૃતિ વિરોધી પ્રવૃત્તિ (**Anti Nature Activity**)ને વિકાસ શી રીતે કહેવાય ? જૈનોની ષડ્જીવનિકાયરક્ષાનો સિદ્ધાંત પ્રકૃતિ વિરોધી પ્રવૃત્તિને પણ ગુનો જ ગણે છે.

જૈન દર્શન પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને વનસ્પતિ આ પાંચને સ્થાવરકાય કહે છે. આ પાંચ ઉપરાંત જીવનો છઠ્ઠો પ્રકાર છે, ત્રસકાય. કીડી-મંકોડાથી લઈ માનવ સુધીના બધા નજરે દેખાતા, હાલતાચાલતા જીવોને ત્રસકાય કહે છે. જીવના આ છ પ્રકાર માટે ષડ્જીવનિકાય શબ્દ શાસ્ત્રોમાં પ્રચલિત છે.

જીવકરુણાની ભાગીરથી દીનદુઃખિયા માનવ અને અબોલ પશુથી માંડીને રેતીના કણમાં, જલમાં બિંદુમાં, અગ્નિના તણખામાં, વાયરાના ઝપાટામાં કે વનસ્પતિના પાંદડામાં પણ રહેલા એકેન્દ્રિય જીવ સુધી પહોંચે છે. ગૃહસ્થજીવનમાં અસ્તિત્વ ટકાવવા અનિવાર્યપણે જલ, વનસ્પતિ વગેરેનો ઉપયોગ કરવો પડે તો પણ તે ચીજોના લઘુતમ

ઉપયોગથી ચલાવી શકાય તેવી જયણાપ્રધાન જીવનશૈલીની વિભાવના જૈનદર્શને વિશ્વને ભેટ ધરી છે.

હાથીની વિરાટ કાયામાં કે માનવના મનોહર દેહમાં પુરાયેલા આત્મામાં જેવું ચૈતન્ય છે તેવા જ ચૈતન્યને ધારણ કરનારો આત્મા પૃથ્વીના કણમાં, જળના બિંદુમાં કે અગ્નિના તણખામાં પણ પુરાયેલો છે. માત્ર કતલખાને કપાતાં ઘેટાં–બકરાં જ દયાપાત્ર નથી, માનવીની ભોગપિપાસાનો ભોગ બનતા પૃથ્વીકાય વગેરેના જીવો પણ એટલા જ દયાપાત્ર છે.

જૈન દર્શનનો ષડ્જીવનિકાયની રક્ષાનો સિદ્ધાંત વ્યાપકસ્તરે અમલી બનાવાય તો વિશ્વની બધી જ સમસ્યાઓ પર પૂર્ણવિરામ મૂકી શકાય. ષડ્જીવનિકાયની રક્ષા થકી છ મોટા લાભ થાય છે. (૧) જીવદયાનું પાલન થવાથી જીવરક્ષા (૨) હિંસાથી અટકવા દ્વારા સ્વરક્ષા (૩) કુદરતી તત્ત્વોના રક્ષણ દ્વારા પ્રકૃતિરક્ષા (૪) બીજાની જરૂરિયાતોને અખંડિત રાખીને વિશ્વરક્ષા (૫) કુદરતી તત્ત્વોનો સીમિત ઉપયોગ કરવાથી જીવનમાં સાદગી અને સંતોષ વિકસે. (૬) બધે બીજાનો વિચાર રહેવાથી હૃદયમાં દયા અને કરુણાના સંસ્કાર ઊભા થાય છે.

ફરી ફરીને વાત તો એક જ આવીને ઊભી રહેશે 'ભાઈ ! સંતોષી બની જાવ.' ભોગતૃષ્ણા–ઘટાડ્યાં વિના આવનારા વિનાશને અટકાવવો મુશ્કેલ છે. હારી થાકીને પણ માનવે સંતોષના વટાવેલા સીમાડામાં પાછા ફરવું જ પડશે અને એ જ ખરી પ્રગતિ હશે.

બાકી, અત્યારના વિકાસનો દર જેમ જેમ વધતો જાય છે તેમ તેમ વિનાશનો ડર પણ વધતો જાય છે. વંટોળિયાના વાવેતર કરનારે વાવાઝોડા લણવાની તૈયારી રાખવી જ પડશે.

## ● હવે તો પીછેહઠ એ જ આગેકૂચ

ધર્મશાસ્ત્રોએ ચીંધેલા સાદા, સંતોષી અને નિયંત્રિત જીવનનો પયગામ ભૂલેલી દુનિયા પતનને આરે આવીને ઊભી છે. કોઈ અભાગિયા જીવને એક સાથે સેંકડો મહા રોગો રોમ–રોમ પર ફૂટી નીકળે તેમ આજના વિશ્વની વિટંબણાઓની કોઈ સીમા નથી.

★ પર્યાવરણવાદીઓ ચિંતાતુર છે.

★ અર્થશાસ્ત્રીઓ શોકાતુર છે.

★ માનસચિકિત્સકોની સ્થિતિ ચિકિત્સાપાત્ર છે.

★ મેડિકલસાયન્સ લાચાર છે.

★ ખગોળશાસ્ત્રીઓ માથે હાથ દઈ આકાશ સામે જોઈ રહ્યા છે.

★ ભૂસ્તરશાસ્ત્રીઓ ભોંયમાં મોઢું ઘાલીને બેઠા છે.

કોઈને ચેન નથી, સહુ ચિંતામાં છે. શૂળની વેદના અસહ્ય છે પણ કોઈ કોઈને ઉપાલંભ દેવાની સ્થિતિમાં નથી કારણ કે શૂળ પેટ ચોળીને ઊભું કરેલું છે.

અગણિત વર્ષોથી ચાલ્યા આવતા માનવીય જીવનને ક્યારેય નહોતા નડ્યા તેવા પ્રાણપ્રશ્નો હવે પજવી રહ્યા છે. જલસ્રોતોનાં તળિયાં હવે દેખાવા માંડ્યાં છે. ખનિજ સંપત્તિ પણ આવનારા દાયકાઓમાં જ ખૂટી જાય એ હદ હવે આવી ગઈ છે. જમીનની ફળદ્રુપતા હવે ગઈ કાલની વાત બની ગઈ છે. અડાબીડ જંગલોનો કુદરતી વારસો પણ જાળવી શકાયો નથી. પશુઓની જાતિઓ અને સંખ્યા બંને ઝડપભેર ઘટતાં જાય છે.

આ બધા ઘટાડા વચ્ચે મોંઘવારી, બેકારી, પ્રદૂષણ, રોગચાળો, ભૂખમરો અને અપોષણ ઝપાટાબંધ વધતાં જાય છે.ઉપભોક્તાવાદ નામનો વાયરસ માણસને એવો

લાગ્યો કે પછી આ બધા રોગોમાંથી બચવું તેના માટે શક્ય જ ન હતું. અનેક સમસ્યાઓથી ગ્રસ્ત અને ઊભી કરેલી અનેક કૃત્રિમ અછતોથી ત્રસ્ત થયેલું માનવજગત આજે એક ત્રિભેટે આવીને ઊભું છે. જ્યારે બધી જ મર્યાદાઓને વટાવી દીધી છે ત્યારે માનવજાતિ સમક્ષ ત્રણ જ વિકલ્પો બચ્યા છે.

પહેલો રસ્તો એ છે કે માણસ હજીય આ ભયજનક વાસ્તવિકતાને સ્વીકારવાની આનાકાની કરે. નિશ્ચિતપણે ડોકા દઈ રહેલી સર્વનાશની ક્ષણો તરફ આંખમિચામણાં જ કરી દઈને હજી પણ પ્રગતિના ભ્રમની રેતીમાં મોં ખોંસી દેતી શહામૃગી વૃત્તિને તે અપનાવી લે. હજીય આ સો-કૉલ્ડ પ્રગતિ પાછળની આંધળી દોટ નિરંતર ચાલવા જ દે. ભૂગર્ભના જળભંડારોને પ્રદૂષિત કરતો રહે, જમીનનું ધોવાણ થવા દે, જંગલોનો જથ્થો કાપતો જ રહે, ખનિજનો બેફામ ઉપયોગ કરીને ખાણોને ખોદીને બોદી બનાવતો રહે.ઉદ્યોગો નાંખીને જમીનને અભડાવતો રહે. ભૂંગળામાંથી ટનબંધ ઝેરી રસાયણો છોડતો જ રહે. સમગ્ર વાતાવરણને વિષમય બનાવતો જ રહે. નવાં નવાં સાધનોની પેદાશ કર્યે જ રાખે. ઉર્જા પેદાશ પાછળ ગાંડા બનીને તેનો બેફામ બગાડ પણ કરતો જ રહે. પશુસૃષ્ટિ ઉપર છરો ફેરવતો જ રહે.

પોતાના સ્વાર્થ ખાતર ધાણી-ચણાની જેમ માણસોનેય ઉડાવતો રહે. પોતાના મોજ-શોખ ખાતર અને બેમર્યાદ ઉપભોગ કાજે અન્ય લોકોનો બોજ વધારતો રહે. આવનાર પેઢી જાણે આવવાની જ નથી એમ સમજીને તે બધું જ ચૂસી લે, બધું જ ગળી જાય, બધું જ બગાડી નાંખે. આજની વાસ્તવિક અને જીવલેણ બનનારી સમસ્યાઓ પ્રત્યે દુર્લક્ષ કરીને એ સમસ્યાઓને વધુ વકરાવીને માનવ અને માનવેતર સૃષ્ટિને ગળે ટૂંપો દઈ દેવાનો આ માર્ગ છે. આપઘાતના આ માર્ગે માણસ ધસમસતો આગળ વધી રહ્યો છે, સાથે થોડાક અંશે બીજા રસ્તાને પણ અપનાવ્યો છે.

બીજો રસ્તો થોડા ઘણા સુધારા કરવાનો છે. કેટલાક ટેક્નિકલ અને કામચલાઉ ફેરફારો કરી લેવા પણ વકરેલી સમસ્યાઓનાં મૂળભૂત કારણોનું અન્વેષણ કરવું નહીં. એવી મોટરકાર શોધી કાઢવી જે પહેલા કરતાં ઓછું પ્રદૂષણ ફેલાવે. તેના માટે પેટ્રોલને બદલે બીજી કોઈ વૈકલ્પિક વસ્તુ વાપરવી. પછી ભલેને પેટ્રોલની જેમ તેને દુનિયામાંથી

નેસ્તનાબૂદ કરી દેવાય. થોડો વખત પ્રદૂષણની સમસ્યા તો ઘટે. આજના વાહનમાં પોલ્યુશન કંટ્રોલિંગ સિસ્ટમ બેસાડી દઈને પણ બેફામ ઉપયોગ ભલે ચાલુ રહે. ખનિજ સંપત્તિ તળિયાઝાટક થઈ જાય ત્યાં સુધી જે થોડી શાંતિના શ્વાસ લેવાય તે. વાહનો અને ઉદ્યોગો દ્વારા ફેલાતાં બેસુમાર પ્રદૂષણોને દબાવી દેવા વર્ગીકરણ કરતા રહેવું. સાધનસામગ્રીનો અને ઉર્જાનો વધુ કાર્યક્ષમ ઉપયોગ થઈ શકે તેવી શોધ કરીને વધુને વધુ આઈટમો રિસાયકલ કરવી. પ્રદૂષણ કરતા પદાર્થોના પ્રદૂષણમુક્ત વિકલ્પો શોધવા.

સમસ્યાઓનું ટેમ્પરેચર છ ડિગ્રીએ પહોંચી ગયું છે આવાં કામચલાઉ પગલાં કદાચ મેટાસિનનું કામ કરીને હાલમાં ટેમ્પરેચરને થોડુંક હળવું બનાવી દે તો પણ આ રોગનું દમન છે, સર્વથા શમન નથી. કામચલાઉ ઉપચારોથી રોગ જડમૂળથી નાબૂદ નહીં થાય. કદાચ મોત લંબાઈ જાય, પણ અટકશે નહીં.

આયુર્વેદ જેવી મૌલિક ચિકિત્સા કરતો એક ત્રીજો રસ્તો પણ છે. આ ત્રીજો રસ્તો છે જે ધરમૂળથી પરિવર્તન માંગે છે. જે આજની નિરંકુશ અને અવિચારી દોટને થંભાવી દઈને પુખ્ત પુનર્વિચાર માંગે છે. રોગનો સંપૂર્ણ વિચાર આ રસ્તા પરનું પહેલું કદમ છે. ઉદ્યોગોએ ઉત્પાદન પરના બધા અંકુશો તોડી નાંખ્યા છે અને માણસને બેફામ બનવા પ્રેર્યો છે. બેકારી, મોંઘવારી અને પ્રદૂષણ એ ઉદ્યોગોની જ પેદાશ છે. વર્તમાનનું સામાજિક કે આર્થિક માળખું ચાલી શકે તેમ છે જ નહીં. તેને નભાવીને જાળવી રાખવું પોષાય તેમ નથી. બધી જ લક્ષ્મણરેખાઓને ઓળંગીને જે સર્વનાશના સમુદ્ર તરફ ગતિ કરી રહ્યું હોય તે માળખામાં જરૂર છે નક્કર પરિવર્તનની, શીઘ્ર પરિવર્તનની. ખતરાઓને તત્કાળ નાથવા માટે અખતરાઓની અજમાયશ કરી જોવા કરતાં જે પદ્ધતિએ કોઈ આવા ખતરા સૈકાઓમાં પેદા કર્યા નથી એ પૂર્વપદ્ધતિને સ્વીકૃતિ આપવી એ જ વાસ્તવિક પ્રગતિ ન કહેવાય ?

ઊપજેલા રોગોની જડ જો બેફામ ઉપભોક્તાવાદમાં જ પડેલી હોય તો આવી બેફામ જીવનશૈલીની જ સર્જરી કરી દેવી જોઈએ. આ જે પરિવર્તન છે તે લોકોના માનસમાં લાવવાનું છે. લોકો પોતાની આર્થિક જરૂરિયાતની અમુક મર્યાદા બાંધે. સાદા અને પર્યાપ્ત જીવનધોરણનું ધ્યેય નજર સામે રાખે અને એટલું જીવનધોરણ પ્રાપ્ત થઈ જાય એટલે

પછી પોતાનું ધ્યાન અન્ય બિનભૌતિક, બિનઆર્થિક પુરુષાર્થો તરફ વાળી દે એ હવે જરૂરી બન્યું છે. વિકાસને પૂર્ણવિરામ આપી દેવાનો આ નકારાત્મક અભિગમ છે એવું કદાચ કહેવાતા પ્રગતિવાદીઓ માનશે. હકીકતમાં તો આ વિકાસ ઉપરનો પૂર્ણવિરામ નથી. પણ વિકાસને ટકાઉ અને બિનહાનિકારક બનાવવાનો સવાઈ હકારાત્મક અભિગમ છે.

અત્યારે વિકાસનું જે સ્વરૂપ છે તે સંપૂર્ણપણે ભૌતિક સ્વરૂપ છે એટલે લોકો પોતાની જાતને ઉત્પાદક અને ઉપભોક્તાના સ્વરૂપમાં જ જોતા થયા છે. નર્યા માણસ તરીકેની પોતાની ઓળખાણ થવા માટે વિકાસને ગુણાત્મક સ્વરૂપ આપવું જરૂરી છે. ગુણાત્મક સ્વરૂપના વિકાસને ઝંખે તે 'માનવ'. આવા માનવ બનવું તે સૌથી મોટી દુષ્કર સાધના છે એવું સોક્રેટિસ કહેતો હતો. તેણે કહ્યું છે : It is the most difficult consignment of all.

વિકાસના ગુણાત્મક સ્વરૂપનો આવિર્ભાવ થશે એટલે ઉત્પાદન વૃદ્ધિના દરની કેવળ ભૌતિક દૃષ્ટિ નાશ પામશે. તેના સ્થાને એક નવી ગુણાત્મક દૃષ્ટિનો ઉઘાડ થશે. પછી વિકાસની વૃદ્ધિનો માત્ર દર નહીં જોવાય પણ એ વૃદ્ધિ કયા સ્વરૂપની કરવી ? કયા હેતુસર કરવી ? થયેલા વિકાસનો લાભ કોને અને કેટલો થવાનો છે ? તેની કેટલી કિંમત ચૂકવવી પડશે ? અને તે કેટલો ટકાઊ નીવડશે ? પ્રાણ, પ્રકૃતિ અને પર્યાવરણ ઉપર તેની શી અસર થશે ? આવા સર્વાંગીણ પ્રશ્નોને માનવીય મૂલ્યો અને સભ્યતાઓથી મૂલવવામાં સહાય થશે.

કામચલાઉ અખતરાઓનો સમય ઘણા કાળ પહેલા જ વીતી ગયો છે. હવે કામચલાઉ ઑલ્ટરેશનને બદલે એક ટકાઉ વિકાસ તરફની આગેકૂચ (વાસ્તવમાં પીછેહઠ) કરવાનો એલાર્મ કૉલ વાગી રહ્યો છે. રસ્તો ખોદાયેલો હોય ત્યારે રિપેર થાય ત્યાં સુધી કદાચ ડાઈવર્ઝનનો ઉપયોગ થઈ શકે પણ જ્યારે દિશા જ ઊંધી હોય ત્યારે રિવર્સ ગિયર સિવાય કોઈ સાચો ઉપાય હોઈ શકે નહીં.

## ● ઉપભોક્તાવાદ : એક આધ્યાત્મિક દુર્ઘટના

"પંડિત મંડનમિશ્રનું ઘર ક્યાં છે ?" કો'કે પૂછ્યું.

જવાબ મળ્યો : "જે ઘરના આંગણામાં કિલ્લોલ કરતા પોપટો આત્માના સ્વરૂપ અંગેની ચર્ચા કરતા સંભળાય, તેને પંડિત મંડનમિશ્રનું ઘર સમજજો."

स्वत: प्रमाणं परत: प्रमाणं, किरांगना यत्र गिरो गिरन्ति
शिष्योपशिष्यैरुपगीयमानं, अवेहि तन्मंडनमिश्र धाम ॥

જ્યાંના પોપટો પણ ચેતનતત્ત્વની ચર્ચા કરતા હતા તે દેશના માણસો આજે જડતત્ત્વની ચર્ચા કરતા જ નજરે પડશે. કો'ક શાકભાજીની ચર્ચા કરતું હશે તો કો'ક કાપડની ચર્ચા કરતું હશે. ક્યાંક ફેશનની ચર્ચા ચાલતી હશે, ક્યાંક ભાવતાલની ચર્ચા ચાલતી હશે, તો ક્યાંક માલની. માનવ જેની ચર્ચા કરે તેના પરથી તેનું સ્તર મપાય. કો'કે કહ્યું છે : Great minds discuss ideas, Average minds discuss events, Small minds discuss people. નિંદા કૂથલીમાં રાચનારા માટે લખાયેલા આ વાક્યમાં જડની ચર્ચાને સ્થાન અપાયું નથી પણ તેને ત્રીજી કક્ષામાં જ સમજવું. પૂર્વે ક્યારેય નહીં એટલી હદે જડતત્ત્વે ચેતનતત્ત્વ ઉપર વર્ચસ્વ જમાવી દીધું છે.

આજના વકરેલા ભોગવાદી પવને આર્થિક અને સામાજિક અરાજકતાઓ ઉપરાંત ભારે આધ્યાત્મિક અરાજકતા પણ સર્જી દીધી છે. આત્મલક્ષી મનુષ્યને તેણે વસ્તુલક્ષી બનાવી દીધો છે. કોઈ પણ પ્રવૃત્તિ કરવામાં 'મારા આત્માનું શું' નો વિચાર જે વણાયેલો રહેતો હતો તે ગાયબ થઈ ગયો. 'આજે બધે મને શું મળી શકે તેમ છે' નો વસ્તુલક્ષી વિચાર જ પ્રવર્તવા માંડ્યો.

ઈચ્છિત વસ્તુને ગમે તેમ કરીને મેળવી લેવા માટે અનીતિ, શોષણ કે વિશ્વાસઘાત

કરવામાં માણસ ઊણો ઊતરતો નથી. કારણકે વસ્તુના અભાવમાં જ તે ઊણપ અનુભવે છે. તૃષ્ણાના ઘોડાપૂરમાં તે તણાય છે. વસ્તુ મળતા તે આસક્તિ અને અધિક ઈચ્છાનો ભોગ બને છે. ઘણા પ્રયત્નો કરવા છતાં વસ્તુ ન મળે તો અતૃપ્તિની આગમાં તે રીતસરનો શેકાય છે. પોતાને નહીં મળેલી ઈચ્છિત વસ્તુ બીજા જેને મળી હોય તેની ઈર્ષ્યાંથી તે બળીને અડધો થઈ જાય છે.

અસંતોષ એ સાપેક્ષ પદાર્થ છે. ભારતીય શિક્ષક તેને મળતા પગારથી અસંતુષ્ટ હશે કારણકે તેને અમેરિકન શિક્ષકોનાં પગારનાં ઊંચા ધોરણનો અને તેમને મળતી સવલતોનો ખ્યાલ છે. અમેરિકન શિક્ષક પોતાની કાર દર વર્ષે બદલી શકતો નથી માટે અસંતોષ અનુભવતો હશે. કારણકે તેની નજર એવાઓ પર છે જે દર વર્ષે પોતાની કાર બદલે છે. આનો અર્થ એ થયો કે માણસનું સુખ તેને મળતી બાહ્ય સાધનસામગ્રી પર આધારિત નથી, પણ તે પછીના તેના માનસિક વલણ પર આધારિત છે.

ભપકાદાર કપડાં પહેરીને પ્રસંગે ઉપસ્થિત થવા જઈ રહેલા માણસના મુખ પર રોનક હોય છે. ત્યાં જઈને કોઈનાં સવાયાં ભપકાદાર કપડાં જોતાં જ તેના મુખની ચમક ઓસરી જાય છે.

બીજાને મળેલી ચીજની ઈર્ષ્યાં કે પોતાને નહીં મળેલી ચીજની અતૃપ્તિનું મૂળ તૃષ્ણામાં છે. પોતાના ઘરમાં ઈરાનના ગાલીચા નથી કે પોતાની પાસે રોલ્સ રોય કાર નથી, પોતાની પાસે પ્રધાનપદું નથી કે રાષ્ટ્રીય ક્રિકેટ ટીમમાં પોતાનો સમાવેશ થયો નથી આ બધી ચીજો અંગેની અતૃપ્તિ તેને પીડતી નથી. આ બધું જેની પાસે છે તેવાઓને જોવા છતાં તે ઈર્ષ્યાંથી બળતો પણ નથી. પણ બાજુવાળાનાં ભપકાદાર કપડાં, લેટેસ્ટ ફર્નિચર કે ગાડીનું ચડિયાતું મોડલ જોઈને તે અસ્વસ્થ ચોક્કસ થઈ જાય છે.

આનો અર્થ એ થયો કે ઈર્ષ્યા કે અતૃપ્તિ માત્ર અપ્રાપ્તિના કારણે નથી. મનમાં તૃષ્ણા હોય અને એ ન મળે એટલી ચીજ અંગે જ તે અસ્વસ્થ બને છે.

મળેલી ચીજમાં અતૃપ્તિ અને નહીં મળેલી ચીજની તૃષ્ણા આ બન્ને આજના માનવમનનાં જાણે કે બે ચિહ્નો બની ગયાં છે. જીવનના ખરા સત્ત્વસમા સંતોષને તે ખોઈ બેસે છે. વસ્તુલક્ષી અભિગમના વમળમાં વ્યક્તિ અટવાઈ ગઈ છે. ઉપભોક્તાવાદના

નિર્જન ટાપુ ઉપર આવી પડેલા માનવીને ખ્યાલ અપાવવો જરૂરી છે કે તેની ચારે બાજુ ખારો સમુદ્ર છે.

વસ્તુ મેળવવા અનીતિ,

ન મળે તો અતૃપ્તિ,

પોતાને ન મળે અને બીજાને મળી જાય તો ઈર્ષ્યા,

બીજાને ન મળે અને પોતાને મળી જાય તો અહંકાર,

મળેલી ચીજ પર આસક્તિ,

મેળવેલું ચાલ્યું જાય તો દુર્ધ્યાન,

વધુને વધુ મેળવવાની તૃષ્ણા.

ઉપભોક્તાવાદના ઝપાટામાં થયેલી આધ્યાત્મિક દુર્ઘટનાના આ છે અવશેષો.

જે લોકો એમ માને છે કે સંતોષ માણસને પુરુષાર્થમાં પાંગળો બનાવે છે, પ્રગતિ અને પુરુષાર્થ માટે અસંતોષ જરૂરી છે, એ લોકો પ્રગતિનો સાચો અર્થ સમજતા નથી. અસંતોષથી જે પ્રગતિ થાય છે તે ભૌતિક પ્રગતિ છે. **માનવે પોતાની પાસે જે છે અને જેટલું છે તેમાં સંતોષ માનવો જોઈએ, અને પોતે જેવો છે તે બાબત અસંતોષ માનવો જોઈએ.**

ભૌતિક સાધનોમાં સંતોષ માની આંતરિક સદ્‌ગુણોથી અસંતુષ્ટ રહી તેને વધારવા પ્રયત્ન કરવો જોઈએ.

નેપોલિયને સેન્ટ હેલિના ટાપુ ઉપર ચોકડી મારીને બાકીનું બધું જીતવા માંડ્યું. છેવટે કેદ કરાયો ત્યારે તેને સેન્ટ હેલિના ટાપુ ઉપર જ રહેવું પડ્યું. ચેતન તત્ત્વ ઉપર ચોકડી મારીને જડની અંજામણમાં ફસાયેલો ભોગવાદી માનવ આમાંથી કાંઈ બોધપાઠ લેશે ?

## ● સુખી થવાનો રાજમાર્ગ : ઈચ્છાપૂરણ નહીં, ઈચ્છાચૂરણ

વનવાસી પાંડવો તૃષાતુર થયા હતા. પાણીની શોધમાં નીકળેલા ચાર પાંડવોએ તળાવમાંથી જ પાણી લેવા પ્રયાસ કર્યો પણ તળાવના અધિષ્ઠાયકની અનુમતિ લીધા વગર જલગ્રહણ કરવા જતાં તેઓ દૈવી પ્રકોપથી મૂર્ચ્છિત થયા. ઘણીવાર થવા છતાં ભ્રાતાઓ પાછા ન ફર્યા તેથી પાણીની શોધમાં નીકળેલા ભાઈઓની શોધમાં વડીલ યુધિષ્ઠિર સ્વયં નીકળ્યા. પેલા તળાવના કિનારે આવ્યા. બેભાન પડેલા પોતાના ભાઈઓને જોઈને યુધિષ્ઠિરે યક્ષરાજને વિનંતી કરી : 'દેવ ! ભાઈઓને પુનર્જીવિત કરી આપો.'

યક્ષરાજે સામે શરત કરી : પહેલા મારા કેટલાક પ્રશ્નોના સંતોષકારક જવાબ આપો. 'વિશ્વમાં મોટામાં મોટું આશ્ચર્ય શું ?' યુધિષ્ઠિરે સરસ જવાબ આપ્યો : 'ચોક્કસ મરવાનું છે તે જાણવા છતાં પણ માણસો જીવન એવી રીતે જીવે છે કે જાણે ક્યારેય મરવાનું નથી. આ એક મોટું આશ્ચર્ય છે. 'किमाश्चर्यमत: परम्' – આના કરતાં બીજું ચડિયાતું આશ્ચર્ય શું હોઈ શકે ?' જવાબ સાંભળીને યક્ષ પ્રસન્ન થયા. બીજા પ્રશ્નોનું આપણે હાલ કામ નથી.

પણ, આજે આ જ પ્રશ્ન પુછાય તો કદાચ ધર્મરાજા યુધિષ્ઠિરનો જવાબ જુદો હોઈ શકે, કારણ કે આજે એથી ય મોટું આશ્ચર્ય જોવા મળે છે. કદાચ તે કહી દેત : 'અઢળક સામગ્રીઓ ભેગી કરવા છતાં પણ શાંતિ થતી નથી એવો અનુભવ થવા છતાં માણસો હજુ વધુને વધુ સામગ્રઓ ભેગી કરવા મથે છે. જાણે, સુખ તેમાંથી જ મળશે, એવી ધારણાથી જ. આના કરતાં વધુ મોટું બીજું કયું આશ્ચર્ય હોઈ શકે ?'

મૃત્યુ એક નિશ્ચિત ઘટના છે. છતાં તેની કલ્પના તો હજી દૂરગામી હોઈ શકે. જ્યારે સામગ્રીઓ દ્વારા સુખ નહીં પણ અજંપો જ વધ્યો છે તે વાત લગભગ અનુભવસિદ્ધ છે. ગયા સૈકાના માનવી કરતાં આજના માનવી કને સેંકડો ગણી સામગ્રી, સગવડો ઉપલબ્ધ છે અને છતાં ગઈ સદીના માનવ કરતાં આજનો માનવ વધુ ઊણપ અને અધૂરાશ અનુભવે છે. તો પછી સામગ્રીઓ દ્વારા સુખ વધે છે કે અજંપો ?

આ વિશ્વમાં કેટલાંક સનાતન સત્યો છે (Universal truths)જેમ કે સૂર્ય પૂર્વમાં જ ઊગે છે, જે જન્મે છે તે મરે છે, જે ખીલે છે તે કરમાય છે... વગેરે. આ જ રીતે વિશ્વમાં કેટલાંક સનાતન અસત્યો પણ પ્રવર્તે છે. 'સામગ્રીઓથી સુખ મળે, જેટલી સામગ્રી વધે તેટલું સુખ વધે' આ આવું એક સનાતન અસત્ય છે. શાસ્ત્રીય પરિભાષામાં આને મિથ્યાત્વ કહેવાય છે.

પ્રાચીન અને અર્વાચીન ચિકિત્સાપદ્ધતિમાં એક પાયાનો સિદ્ધાંતભેદ છે. આયુર્વેદ રોગના કારણને દૂર કરવામાં માને છે. એલોપથી રોગની અસર દૂર કરે છે. આયુર્વેદના નિષ્ણાંત રોગના મૂળને નાબૂદ કરતી ઔષધી સૂચવે છે અને એલોપથી ડોક્ટરો રોગની પીડાને શમાવી દેતી દવા પ્રિસ્ક્રાઈબ કરે છે. એલોપથી ચિકિત્સા પદ્ધતિ કદાચ નવા જમાનાની શોધ હશે પરંતુ માનવી આ સિદ્ધાંતને અનાદિકાળથી અનુસરતો આવ્યો છે. દુઃખના મૂળ સુધી પહોંચવાને બદલે તે દુઃખના ઉપચારને જ સુખ માનતો આવ્યો છે.

રોગના કારણને દૂર કરવા દ્વારા કાયમી આરોગ્ય મેળવી આપતા ધન્વંતરી જેવા જ્ઞાની ભગવંતો સુખના અભિલાષીનું બાવડું ઝાલીને તેને સુખનો રાજમાર્ગ દર્શાવતા કહે છે : 'તારે સુખ જોઈએ છે ? તો સામગ્રઓ વધારવાને બદલે ઈચ્છાઓ ઘટાડી દે.'

ઈચ્છા એક એવો અગ્નિ છે જે સતત સામગ્રીઓનાં ઈંધણ માંગે છે. જેટલાં ઈંધણ વધુ તેટલો અગ્નિ પ્રબળ અને દાહ પણ ભયંકર. ઈચ્છા એક મહારોગ છે. સામગ્રીઓની કેપ્સ્યુલ્સ આ રોગનું કામચલાઉ દમન કરે છે. સામગ્રીઓ દ્વારા સુખની પ્રાપ્તિ થતી નથી. ઈચ્છાના દુઃખને કામચલાઉ દેશવટો મળે છે, એટલું જ. આમ છતાં આજે માનવી લગભગ સામગ્રીમાં સુખની શોધ ચલાવે છે અને પ્રક્રિયામાં તેને જે મળે છે તેને તે સુખ માની બેસે છે. વાસ્તવમાં આ એક ભ્રમણા છે.

ખરજવાની ચળ ખંજવાળથી ય મટાડી શકાય, ઔષધીથી ય મટાડી શકાય, ખંજવાળવામાં ચળનું દમન છે. જેમ જેમ ખંજવાળો તેમ તેમ ગમે ખરૂ પરંતુ ચળ વધે. વૈદ્યની ઔષધી લેનારો ચળની પીડાનું શમન કરે છે. તેમ ઈચ્છાને પૂરી કરીને ય સુખી થવાય ને ઈચ્છાને ખતમ કરીને ય સુખી થવાય. ઈચ્છાપૂર્તિથી ઈચ્છાઓ વધે છે, વકરે છે.

ઉત્તરાધ્યયન સૂત્રની એક પંક્તિ –इच्छा हु आगाससमा अणंताओ ઈચ્છા એ આકાશતુલ્ય છે–અનંત. ઈચ્છા એ મનની ભૂખ છે. ભૂખ શબ્દમાં એકાક્ષરી કોશના બે શબ્દો રહેલા છે. ભૂ અને ખ. ભૂ એટલે પૃથ્વી. ખ એટલે આકાશ. પૃથ્વી પણ વિરાટ, આકાશ એથી ય વિરાટ. ઈચ્છા તે બેય ના સરવાળા જેટલી વિરાટ.

અંગ્રેજીનું એક વાક્ય બહુ મજાનું છે : There are few things I need, but many things I want. જરૂરી ચીજો કરતા ઈચ્છેલી ચીજોની સંખ્યા હંમેશા અનેકગણી રહેવાની. પોતાના શરીરને ઢાંકવા પૂરતું કાપડ તો બધાને મળી રહે છે પણ ઈચ્છાનું શરીર એટલું બધું મોટું છે કે આખી દુનિયાનું કાપડ પણ તેના માટે ઓછું પડે.

ઈચ્છા પેદા કરવા માટે તો માત્ર મન જોઈએ પણ તેને પૂરી કરવા માટે તો પુણ્ય પણ આવશ્યક છે. મન હોવાથી ઈચ્છાઓ ઉત્પન્ન થવા પર કોઈ અંકુશ રહી શકતો નથી. પણ ઉત્પન્ન થયેલી બધી ઈચ્છાઓ તો કોઈની પણ ફળતી નથી કારણ કે ઈચ્છાપૂર્તિ ઉપર પુણ્ય નામનું તત્ત્વ અંકુશ ધરાવે છે. જેટલી ઈચ્છાઓ અધૂરી રહે તે અજંપામાં પરિવર્તિત થાય છે. જેની પાસે ઈચ્છાઓની સંગ્રહણી હોય અને સાથે પુણ્યની કબજિયાત હોય તે ક્યારે ય સુખી થઈ શકતો નથી.

જરૂરિયાતનું વિકરાળ સ્વરૂપ છે ઈચ્છા. પાણી જીવનાવશ્યક તત્ત્વ હોવા છતાં તે જ પાણી જ્યારે પૂરનું સ્વરૂપ ધારણ કરે છે ત્યારે વિનાશ નોતરે છે. જરૂરિયાતને જીવનપોષક તત્ત્વ માની લઈએ તો પણ તે ઈચ્છાનું સ્વરૂપ લઈને હાજર થાય ત્યારે વિનાશ નોંતરાય છે.

સામગ્રીઓ વધે તેટલી ઈચ્છાઓ વધે છે. પહેલાના માનવીના રસોડામાં વાસણ, ચૂલો, બળતણ અને ધાન્ય વગેરેની જ જરૂર હતી. આજે ગેસ, ઓવન, મિક્સર, ગ્રાઈન્ડર,

ક્રશર, કુકર, જ્યુસર, વચ્ચે પણ ઘણું બધું ખૂટતું લાગે છે. પહેલાના માનવીને મનોરંજનની ખાસ જરૂર જ નહોતી. ગામમાં આવતી નટબજાણિયાની મંડળીની રામલીલા ક્યારેક જોઈ લેતો હશે. પછી સિનેમાઘરો ઊભાં થયાં. ત્યાં માનવીને તુક્કો સુઝયો. 'ઘરેથી સિનેમાઘરમાં જવું તેના કરતાં સિનેમાઘરને જ ઘરમાં લાવી દેવાય તો કેવું સારું ?' અને જન્મ થયો ટેલિવિઝનનો. માણસ જેમ જેમ વધુ મેળવતો ગયો તેમ તેમ તેની ભૂખ જ વધી છે. પછી તે બ્લેક એન્ડ વ્હાઈટ ટી.વી. પરથી રંગીન ટી.વી. પર ગયો. ભૂખ હજી શમી નહીં. સો-સો ચેનલવાળાં ટી.વી.વસાવી લીધાં પછી પણ તેને પોતાના રૂમમાં જુદું ટી.વી. જોઈએ છે. મનોરંજનની આટલી બધી સામગ્રીઓ જેને જોઈએ તે અંદરથી કેટલો બધો ખાલી હશે ?

વાસ્તવમાં ઈચ્છા એક જાતનો ભસ્મક રોગ છે. ભસ્મકના દર્દીને જેટલું ભોજન આપો તેટલું ઓછું જ પડે અને તેની ભૂખ વધતી જ જાય.

આનો અર્થ એ થયો કે સુખના ઈચ્છુકે સામગ્રીઓ પાછળની કારમી દોડ થંભાવી દેવી પડશે. સામગ્રીઓ વધારવાને બદલે ઈચ્છાઓ ઘટાડવા તરફ તેણે ધ્યાન કેન્દ્રિત કરવું પડશે. સામગ્રીઓના ખડકલા ઉપર પણ માનવી અતૃપ્તિની આગમાં શેકાતો હોય છે અને કશું ન હોવા છતાં જેને કશું જોઈતું નથી તેને કશું થતું પણ નથી. માટે તો કો'કે ગાયું છે : સંતોષ સમ કોઈ સુખ નહીં ભાયા !' પોતાની અંદરના સંતોષ થકી જ સુખી થઈ શકતા માનવીને ઈન્દ્રિયોના ચપ્પણિયા લઈને પદાર્થો પાસે સુખની ભીખ માંગતો જોઈએ ત્યારે કસ્તૂરીની શોધમાં હાંફળા ફાંફળા દોડતા હરણની યાદ આવે. તે ભૂલી જાય છે કે કસ્તૂરી પોતાની નાભિમાં જ છે.

અંગ્રેજીમાં એક સુંદર વાક્ય છે : Happiness lies within.

સુખ એ ભીતરી તત્ત્વ છે. દૂધમાં જ ઘી પડેલું છે. દેખાતું નથી તો શું થયું ? પ્રક્રિયા જ ખૂટે છે સંતોષનો રવૈયો સુખના ઘીને અંદરથી જ કાઢી આપશે.

સુખની લિપ્સા સાથે સામગ્રીઓ કાજે રઘવાયા બની દોડાદોડ કરતા માનવને જોઈને એક પંક્તિ યાદ આવે છે.

In a dark room, at midnight, a blind man, searching a black Cat,

which was not there.

અંધારા ઓરડામાં

મધ્યરાત્રિએ,

એક અંધ જણ,

એક કાળી બિલાડીને શોધે છે,

કે જે ત્યાં હતી જ નહીં.

સામગ્રી પાછળની સુખદોડનું યથાર્થ પ્રતિબિંબ આમાં ઝિલાયું છે. પોતાની ઝૂંપડીમાં સોય ખોવાઈ ગયા બાદ ત્યાં અંધારું હોવાથી શેરીના પ્રકાશમાં આવીને સોય શોધતા ડોશીમાની વાર્તા સાંભળીને નાનપણમાં હસવું આવ્યું હશે. આજે વિશ્વમાં આવા ડોશીમાની કરોડો આવૃત્તિઓ જોવા મળે છે. અંદરમાં પડેલી સુખની સોયને તેઓ બહારના ગ્લેમરસ પ્રકાશમાં શોધી રહ્યા છે.

ષોડશક પ્રકરણમાં શ્રી હરિભદ્રસૂરિ મહારાજે ત્રણ જાતનાં વિઘ્નોની વાત કરી છે :

માણસ પરગામ જવા તૈયાર થાય ત્યારે તેને ત્રણ જાતનાં વિઘ્નો નડી શકે :

(૧) કંટકવેધ : માર્ગમાં કાંટો, કાચ વાગે, અથવા વાહન બગડી જવું વગેરે.

(૨) જ્વરવિઘ્ન : રસ્તે જતા મુસાફરને તાવ આવે, પિત્ત ચડે, ઊલટીઓ થાય વગેરે.

(૩) દિગ્ભ્રમ : પ્રસ્થાન કર્યું ત્યાંથી દિશા જ ઊંધી પકડાઈ ગઈ હોય. આ સર્વોત્કૃષ્ટ વિઘ્ન છે.

સુખની મંઝિલે પહોંચવાના શપથ સાથે નીકળેલા માનવીને આજે ત્રીજું વિઘ્ન નડે છે અને માનવીની પ્રવાસગતિ અતિતીવ્ર છે !

## ● પરિગ્રહ પરિમાણ = પાપપરિમાણ

મિલ્કતના આધારે માલિકનું સ્તર નક્કી કરવાનાં ધારાધોરણો બાહ્ય જીવનમાં કાયમ પ્રવર્તે છે. હતો એક જમાનો જ્યારે ગોકુળો અને ગોચરોના આધારે માનવીનું માપ નીકળતું (ધન શબ્દનું મૂળ 'ધણ' શબ્દમાં હોવાનું જાણ્યું છે.)

આજે કદાચ માપદંડ બદલાયો છે. જો કે માપદંડનું માધ્યમ જ બદલાયું છે, સ્વરૂપ તો એ જ રહ્યું છે. બાહ્ય જગતમાં સંપત્તિની મહત્તા કાયમ રહી છે. સંપત્તિ, આજના કાળનો એક આકર્શક માપદંડ ગણાય છે. આમ છતાં, આજ જેટલી પૈસાની બોલબાલા પૂર્વે ભાગ્યે જ હશે. પૈસાને આજે જીવનમાં મળેલું સ્થાન પહેલાં ક્યારેક જ મળ્યું હશે. પૈસાની આજ જેટલી તાકાત પૂર્વે ક્યારેક અને ક્યાંક જ અંકાતી હતી.

પૈસો તો આજે પણ છે, ગઈકાલે પણ હતો, આવતીકાલે પણ રહેવાનો. પણ પૈસાનાં બાહ્ય અને આંતરિક બન્ને મૂલ્યાંકનો બદલાતાં રહે છે. પૂર્વે રૂપિયો કિંમતી હતો, આજે તેનું અવમૂલ્યન થયેલું કહેવાય છે. આ તો રૂપિયાનું બાહ્ય મૂલ્યાંકન છે, જે બજારમાં થાય છે. રૂપિયાનું આંતરિક મૂલ્યાંકન આજે ઘણું ઊંચું છે. પૂર્વે ક્યારેય નહીં તેટલી હદે માનવીના હૃદયમાં પૈસાની પ્રતિષ્ઠા થયેલી જણાય છે. કારણ કે પૈસા પાસે જાણે કે સુખની એજન્સી છે.

પૂર્વે વસ્તુની ખરીદી માત્ર પૈસાથી થતી નહોતી. કોઈ કાપડ આપીને અનાજ ખરીદે, કોઈ અનાજ આપીને વાસણ ખરીદે, કોઈ વાસણ આપીને કાપડ લઈ જતું. વિનિમય પ્રથા (Barter System) દ્વારા વસ્તુના બદલામાં વસ્તુ મેળવી શકાતી. રોકડે પૈસે થતી ખરીદીનું પ્રમાણ ત્યારે ઘણું ઓછું હતું.

આ પ્રથાનો એક મોટો આડલાભ એ હતો કે ખરીદશક્તિ (Purchasing power)

વિકેન્દ્રિત રહેતી. આના કારણે કોઈ પણ એક વસ્તુનું મહત્ત્વ વધું પડતું થઈ શકતું નહોતું. આજે ખરીદશક્તિ ઘણું કરીને પૈસામાં જ પુરાઈ ગઈ. પૈસાથી બધું જ મળી શકે અને પૈસાથી જ બધું મળી શકે. પૈસામાં કેન્દ્રિત થઈ ગયેલી આ ખરીદશક્તિ (Concentrated purchasing power)ના કારણે પૈસો આજનો સુપ્રિમો બની ગયો છે. એમાં પણ, આ ખરીદશક્તિનો વ્યાપ જ્યારે સફરજનથી લઈને સાંસદો સુધી વિસ્તર્યો હોય ત્યારે પૈસો જીવનની રાજધાની બને તે સહજ છે. આથી જ માનવી પૈસા ખાતર બધું ગૌણ કરીને ચાલે છે.

પૈસા ખાતર માણસ આબરૂ વેચી દે છે ને પછી પૈસાથી પુનઃ પ્રતિષ્ઠિત થાય છે.

પૈસા ખાતર માણસ આરોગ્યની કબર રચે છે ને પછી પૈસાથી નીરોગી થવા મથે છે.

પૈસા ખાતર માણસ સારા માણસોની મૈત્રી ગુમાવે છે ને પછી પૈસાના પ્રતાપે ઘણા મિત્રો મેળવી શકે છે.

જેની ભારે અછત હોય તેવી ચીજનો ઢેર પૈસાથી ઊભો કરી શકાય છે. મોટું મકાન, ઊંચી સુવિધાઓ, ભપકાદાર ફર્નિચર, ઠસ્સાદાર કપડાં, ભારે દાગીના, મોંઘાં શાકભાજી બધું જ પૈસાથી મળી શકે છે. સંસ્થામાં હોદ્દો, સમાજમાં મોભો, ઈચ્છેલી સવલતો, કે માંગેલા પરવાના, વિત્તવર્તુળની બહાર કશું નથી.

પૈસાથી કોર્ટમાં, ક્રિકેટમાં કે ચૂંટણીમાં વિજય મેળવી શકાય છે,

પરીક્ષામાં ઉત્તીર્ણ થઈ શકાય છે,

સાજા છતાં માંદા પડી શકાય છે,

ધારેલી સ્કુલ કે કોલેજમાં દાખલ થઈ શકાય છે,

તમામ કાર્યો અને અકાર્યો આજે પૈસાથી સાધ્ય બન્યાં છે.

પૈસાથી આબરૂને લાગેલો બટ્ટો ટાળી શકાય,

જેલની સજા ખાળી શકાય,

નદીનાં વહેણ અને સાક્ષીનાં કહેણ વાળી શકાય,

હવાલદારથી લઈને અમલદારોને પાળી શકાય,

હિલસ્ટેશનોની મોંઘીદાટ હોટલોમાં ઉનાળાની રજા ગાળી શકાય,

કંઈકના ઢીમ ઢાળી શકાય,

કમરામાં બેઠા બેઠા દૂરનું ભાળી શકાય,

પૈસાથી, તિજોરીમાં માલ ભરી શકાય,

દુનિયાભરમાં ફરી શકાય,

જીવતાં છતાં મરી શકાય,

ભર ઉનાળે ઠરી શકાય,

રૂપાળી કન્યાને વરી શકાય,

પૈસાથી બધે બધું કરી શકાય.

જુના કાળનાં ચિંતામણી રત્નો, કલ્પવૃક્ષો અને કામધેનુઓ જાણે કે કરન્સી નોટનું સ્વરૂપ ધારણ કરીને અવતર્યાં છે. બધી શક્તિઓ એક જ શક્તિને આભારી છે. તે છે વિત્તશક્તિ.

જૈનદર્શને ગૃહસ્થજીવનમાં રહીને પાળવાનાં બાર વ્રતોની વાત કરી છે તેમાં પાંચમા પરિગ્રહ પરિમાણ વ્રતમાં સંપત્તિનું પરિમાણ કરવાની વાત કરી છે. પરિમાણ એટલે પ્રમાણધારણા. પૈસાના યુગમાં પૈસાનું પરિમાણ નક્કી કરવા પાછળ ક્યો ઉદ્દેશ રહ્યો હશે ? કારણ બહુ સચોટ છે. આર્ષપંક્તિઓમાં બહુ મજાનું કારણ જણાવ્યું છે :

संसारमूलमारम्भास्तेषां हेतुः परिग्रहः
तस्माद्‌पासकः कुर्यादल्पमल्पं परिग्रहम्

સંસાર યાત્રાનું મૂળ કારણ છે પાપક્રિયા (આરંભ) ઢગલાબંધ પાપોને કરાવતું અગત્યનું કારણ છે પૈસો. માટે પૈસાને જ ઓછાને ઓછા કરતા જાવ.

દુઃખ, પાપ અને સ્વાર્થથી ભરેલો આખો સંસાર ખારો છે. માનવી દુઃખથી ભાગી છૂટવા મથે છે પણ દુઃખનાં કારણોને છોડવા તૈયાર થતો નથી. सुखं धर्मात् दुःखं

પાપાત્ આ શાસ્ત્રપંક્તિમાં બે સનાતન સિદ્ધાંતો જણાવ્યા છે. સુખ ધર્મનું ફળ છે, પાપનું ફળ દુઃખ છે. દુઃખથી દૂર રહેવા ઈચ્છનારે પાપથી જ દૂર રહેવું પડે. પાપથી છેટા રહેવા ઈચ્છનારે પાપનાં સાધનોથી જ છેટા રહેવું પડે. પૈસા માટે દરેક પાપ રમત વાત છે. માટે સંસારની યાત્રા ટૂંકાવા ઈચ્છનારે પૈસાની માત્રા જ ઘટાડવી પડે.

બાહ્ય પાપો સામગ્રીઓની અપેક્ષા રાખે છે અને સામગ્રીઓ સંપત્તિની. જ્યાં સંપત્તિ જ પરિમિત હોય ત્યાં પાપોને પરિમિત રહે જ છૂટકો. મધ્યમવર્ગીય માણસ ઘણાં પાપોથી સહેજે બચી શકે છે. પાપ કરવાની ઈચ્છા જ ખતમ થવાને કારણે જેમ પાપોથી બચી શકાય છે તેમ પાપ કરવાની અનુકૂળતા ન હોવાને કારણે પણ ઘણાં પાપોથી બચી શકાય છે. પૂર્વના કાળમાં સમાજની મર્યાદાને કારણે ઘણાં પાપો થઈ શકતાં નહોતાં. આજે માત્ર ખિસ્સાની મર્યાદા નડે છે. મનની પરવાનગી મળવા છતાં પણ ખિસ્સાની પરવાનગી ન મળવાથી, ઘણાં પાપો મૂર્ત સ્વરૂપ પામી શકતાં નથી આ પણ એક ફળશ્રુતિ છે.

મનનાં પાપને શરીર સુધી પહોંચતું અટકાવવામાં સીમિત સંપત્તિનું અસીમ યોગદાન છે. ધર્મ વધારવા માટે સંપત્તિ વધવી જરૂરી નથી પણ સંપત્તિ ઘટાડ્યા વગર પાપ ઘટાડવા બહુ મુશ્કેલ છે. આથી જ સંસારનું લંબાણ કરવું ન હોય તો પાપોનું પ્રમાણ ઘટાડવું પડે, જે સંપત્તિનું પ્રમાણ ઘટાડ્યા વગર મુશ્કેલ છે.

પૈસાની અલ્પતા કદાચ કેટલીક ઊંચી સવલતોથી દૂર રાખે છે પણ ઘણાં મોટાં પાપોથી દૂર રહેવાની ઊંચી સવલત ઊભી કરી આપે છે. ઓછા પૈસા થકી ઓછા પાપ થાય અને પુષ્કળ પૈસા થકી પુષ્કળ પાપ થાય એટલું જ માત્ર નથી. ઓછી સંપત્તિથી બહુ બહુ તો પાપની કરણી થઈ શકે, જેમાં નુકસાન વ્યક્તિગત છે. પુષ્કળ પૈસો તો પાપના ફેલાવા તરફ પ્રેરે છે, જેમાં નુકસાની અનેકને થવા સંભવ છે.

આજના માનવીની વિચારસરણી પણ ગજબની છે. પૈસા ખાતર બોલાતાં જુઠાણાં અને કરાતી ઠગાઈને તથા વિશ્વાસઘાતને તે ખરાબ માને છે, પૈસા ખાતર કરાતી હિંસા અને શોષણખોરીને તે ભાંડે છે, પૈસાથી થઈ જતા અનાચાર, દુરાચાર, વ્યભિચારને તે નિંદ્ય કહેવા તૈયાર છે, પણ પૈસાને તે ખૂબ સારો માને છે. તેનું કારણ એ છે કે પૈસો

સમાજમાં સ્થાન અપાવે છે. પૈસા થકી જે સ્થાન મળે છે તે બહારનું સ્થાન છે. માનવની ખરી પિછાણ તેના આંતરિક સ્થાનથી થાય છે.

સંસ્કૃતમાં એક માર્મિક સુભાષિત છે :

गुणैरुच्चत्वमायाति नोच्चस्थानस्थितो महान्

प्रासादशिखरस्थोपि किं काकः मयूरायते ?

બહારના ઊંચા સ્થાન પર બિરાજેલો ઊંચો નથી. મોટા મંદિરના ઉત્તુંગ શિખર પર ચડી જવા માત્રથી કાગડો મોર બની જતો નથી. પૈસાથી મળતું સ્થાન જ માણસને પોતાના 'માનવ'ના સ્થાન પરથી ભ્રષ્ટ કરી દે છે.

'ગરીબી હટાવ'ના મેનિફેસ્ટો સાથે ચૂંટણીનો જંગ જીતી સત્તાધારી બન્યા પછી તે માણસ પોતાની ગરીબી હટાવવામાં જ પડી જાય છે. લોકસેવાના રાખેલા આદર્શો સાથે ભણીને ડોક્ટર બન્યા બાદ કોઈના ખિસ્સા ચીરવા માટે વગર કારણે દર્દીનું પેટ ચીરે છે. રાષ્ટ્રરક્ષા અને પ્રજાની સલામતીના સોગંદનામા સમી પોલીસની વર્દીમાં રહેલો માણસ પણ પૈસા ખાતર વેચાઈ શકે છે.

પૈસા ખાતર ઊગીને ઊભો થતો દીકરો પણ બાપ સામે મિલ્કત માંગી લેવાની બેશરમી આચરી શકે છે. પૈસા ખાતર મિત્ર સાથે પણ અદાવત થઈ શકે, સગા ભાઈ સામે અદાલતે જઈ શકે છે, ભાગીદારની પીઠમાં ઘા ઝીંકી શકે છે. પૈસાની સામે કોઈ સગાં, વહાલાં નથી. સહુનો વહાલામાં વહાલો સગો હોય તો તે છે એકમાત્ર પૈસો.

બારીના પારદર્શક કાચમાંથી રસ્તે ચાલતા તમામ લોકો દેખાય. પણ તે જ બારીને પારો લગાડી દેવાય, પછી તે જ દેખાય, માણસો ન દેખાય. પૈસો આવો પારો છે. જીવનના કાચ પર તે એકવાર લાગી જાય પછી પૈસો જ દેખાય, માણસો દેખાતા બંધ થઈ જાય. પૈસો આવતા પહેલાં પરોપકાર, સેવા અને સહકારની મોટીમોટીને ડાહી ડાહી વાતો કરનારા પૈસા આવતા જ પલટાઈ જાય છે. પછી તેમને પૈસા સિવાય બીજું કશું દેખાતું નથી.

અર્થક્ષેત્રે સફળતા મેળવવાની સલાહ આપતા બૃહસ્પતિનું સૂત્ર છે

बृहस्पतेरविश्वासः પૈસાના મામલે સફળ થવું હોય તો સગા બાપનો પણ વિશ્વાસ ન કરતા. વાત સાચી જ છે. જે પૈસાથી બધું થઈ શકતું હોય તે પૈસા ખાતર બધા જ બધું જ કરી શકે છે.

શંકરાચાર્યએ બરાબર જ કહ્યું છે.... 'अर्थमनर्थं भावय नित्यम्'.... અર્થને સઘળા અનર્થના મૂળ કારણ તરીકે મનમાં ઠસાવજે.

પૈસો મળતો હોય તો અનીતિ કરી શકવાની વાત હવે રહી નથી. આજે તો અનીતિથી જ પૈસો કમાવાની વાત છે. માલમાં ભેળસેળ કે અદલાબદલી તો જૂની વાત થઈ ગઈ. બોગસ દસ્તાવેજોને આધારે આજનો માણસ વગર માલે માલામાલ થઇ જવામાં પડ્યો છે. પૈસા ખાતર લૂંટવાનો છોછ કોને છે ?

કોઈ બંદૂકની અણીએ લૂંટે, કોઈ કલમની અણીએ.

કોઈ ત્રાજવાની દાંડીએ લૂંટે, કોઈ મીટરની કાંડીએ

કોઈ ફોનનું રિસીવર પકડીને લૂંટે, કોઈ કોમ્પ્યુટરનું બટન દબાવીને.

જાણે કે એક જ સૂત્ર માનવમસ્તિષ્કમાં રમી રહ્યું છે :

પૈસા કમાવ, ખૂબ પૈસા કમાવ, ધૂમ પૈસા કમાવ.

ઘરનો કે ઘરનાનો વિચાર ન કરો,

આરામ અને આરોગ્યની પરવા ન કરો,

પૈસા ખાતર જીવતા મરો, બોલેલું ફરો,

નીતિ કે ધરમનો વિચાર ન કરો,

પીડિત કે દુઃખીનો સાદ કાને ન ધરો,

પેટ ભરો, પટારા ભરો, ને ખટારા ભરો,

કવિવર શ્રીશુભવીર વિજયજીએ સરળ ભાષામાં કમાલની વાત કહી દીધી છે :

પૈસો પૈસો પૈસો તારી, વાત લાગે પ્યારી રે,

રાત દિવસ પૈસાને માટે, ભટકે નરને નારી રે.

ભણવું ગણવું પૈસા માટે, પૈસો ઘેબર ઘારી રે,

પૈસાથી બાલુડાં છાનાં, પૈસા માટે યારી રે.

હિંસા ચોરી પૈસા માટે, પૈસા સહુને વહાલા રે,

આજીજી પૈસાને માટે, વેણ બોલાવે કાલાં રે.

પૈસા માટે નોકર રહેવું, પૈસા માટે શેઠો રે,

પૈસા માટે રાજા રૈયત, પૈસા ખાતર વેઠો રે.

પૈસાથી વહાલા છે બાપા, પૈસા માટે 'છાપા' રે,

પૈસાના લોભે છે ટંટા, યુદ્ધે કાપંકાપા રે.

પૈસાથી જે અળગા રહેશે, તે નર સાચા ત્યાગી રે,

શ્રી શુભવીર નિર્લોભી જન, મુનિવર છે તે વૈરાગી રે.

પૈસા ખાતર માણસ ભૂખને ભૂલી શકે છે, તરસને તગેડી મૂકે છે, થાકને આરામથી વેઠે છે. માણસ પૈસા ખાતર ઝૂરે છે, પૈસા ખાતર ઝઘડે છે, પૈસા ખાતર જીવે છે અને પૈસા ખાતર મરે છે.

પૈસા મળતા હોય તો જણસ તો ઠીક, જાત પણ વેચે છે. પૈસા ખાતર માણસ ગધેડાને ય બાપ કહેવા તૈયાર થઈ જાય છે ને સગા બાપને ગધેડે ઉતારે છે. પૈસા ખાતર ભમતા માણસની પત્નીને સાસરે જ પતિવિયોગ સ્વરૂપે પિયર મળી શકે છે અને તેનાં બાળકોને ઘરમાં જ અનાથાશ્રમ મળી શકે છે. પૈસા ખાતર સત્ય, સત્ત્વ ને સ્વત્વનું લીલામ થાય છે. સભ્યતાઓ અને સંસ્કારિતાના અંતિમસંસ્કાર થાય છે, નૈતિક મૂલ્યોનું અધઃપતન થાય છે. પૈસા ખાતર પ્રામાણિકતા અભરાઈ પર ચડે છે અને માનવતાનો આંક ઉપરથી નીચે પટકાય છે.

આવતો પૈસો કમ્મરમાં લાત મારે છે; માણસ ટટ્ટાર થઈ જાય છે.

જતો પૈસો પેટમાં લાત મારે છે; માણસ બેવડ વળી જાય છે.

બન્ને અવસ્થામાં લાત ઠોકવાની પૈસાની ગર્દભનીતિના કારણે તો તેને 'દો–લત' કહે છે.

પૈસાની લાલચ હિંસક ધંધાઓના મંડાણ કરાવે છે, ને ગમે ત્યાં મૂડી રોકાણ કરાવે છે. પૈસા સામે દયા અને વિશ્વાસ હારી જાય છે ને લાલચ મેદાન મારી જાય છે.

પૈસા મેળવવા માણસ ગમે ત્યાં ઘૂસણખોરી કરે છે.

પૈસા મેળવતી વખતે બેઈમાની ને શોષણખોરી કરે છે.

પૈસા વધુ મેળવવા માટે ગુનાખોરી કરે છે.

પૈસા મેળવ્યા પછી સંગ્રહખોરી કરે છે.

પૈસાના વપરાશમાં લગભગ વિલાસ છે ને તેના વિનાશ પર વિલાપ છે. શાસ્ત્ર સાક્ષી પૂરે છે. :

अर्थानामर्जने दु:खं, अर्जितानां च रक्षणे

आये दु:खं व्यये दु:खं, धिगर्थं दु:खभाजनम्

પૈસા મેળવવામાં મહેનત, મજૂરી, દીનતા, લાચારી, આજીજી ને કાકલૂદી. મેળવ્યા પછી રક્ષણની ચિંતા. પૈસા વધુ પડતા ખર્ચાઈ જાય તો ય દુઃખને સાવ જાય તો ય દુઃખ. ઊંટની જેમ પૈસાનાં પણ અઢારે વાંકાં છે. જરૂરિયાત સંતોષવાના એક સાધન તરીકે માણસે પોતાના જીવનના તંબૂમાં આ ઊંટને પ્રવેશ આપ્યો. આજે માણસ બહાર છે ને ઊંટ અંદર છે.

પૈસાની ચારે બાજુ દુઃખ વેરાયેલું છે. પૈસાની ચારે બાજુ પાપ પથરાયેલું છે. સંપત્તિના પરિમાણની વાત કરનારા પરમહિતૈષીનો આશય હવે ઘણો સ્પષ્ટ થાય છે. નદીમાં બારમાસી વહેતાં પાણી સારાં. પણ જો તે ઘોડાપુર બનીને ત્રાટકે તો મહાભયંકર હોનારત સર્જે છે.

કોઈ સુભાષિતકારે બહુ માર્મિક વાત કરી છે.

श्रीवृद्धिर्नखवत् धार्या........ સંપત્તિ નખ જેટલી રાખો, માપસર...

માપસરનો નખ શરીરની શોભા કરે. પણ પ્રમાણ બહાર વધી જતા તે મેલ ભેગો કરે છે.

ચાલતા ક્યાંક ઠેસ વાગતાં કાચો નખ ઉખડી જતા સેપ્ટિક અને લપકારાની ભયંકર પીડા ભોગવવી પડે છે.

બૂટ માપસરનાં હોય તો પહેરીને ચાલતા ફાવે...

સહેજ નાનાં હોય તો પહેરતી વખતે ડંખની પીડા છે, પણ

માપ કરતાં મોટા હોય તો બૂટ પહેરનારને ગબડી

પડવાનો ભય છે.

આવશ્યકતા મુજબની સંપત્તિ એ જીવનનું સાધન બની શકે.

ઓછી સંપત્તિમાં અગવડની પીડા છે. પણ

અમાપ સંપત્તિમાં અમાપ પાપસેવનનો ભય છે.

સંપત્તિનું પરિમાણ પાપનું પણ પ્રમાણ નક્કી કરી દે છે, જીવનમાં સાદાઈ પાથરે છે અને મનમાં સંતોષને વિકસાવે છે.

**ગજધન રથધન અશ્વધન, કંચન રત્ન શું ખાણ**

**જબ આયે સંતોષધન, તબ સબ ધન ધૂળ સમાન**

## ● સંતોષ : સર્વશ્રેષ્ઠ ગ્રાહકસુરક્ષા ધારો

સોક્રેટિસને એક વખત કોઈ વિશાળ ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં લઈ જવાયો. વસ્તુઓનું જાણે બજાર ભરાયું હોય તેવું ત્યાંનું વાતાવરણ હતું. સાથેના ભાઈઓ હોંશે હોંશે એક એક ચીજવસ્તુ દેખાડતા હતા. વસ્તુઓનું જાણે ઔચિત્ય જાળવવા સોક્રેટિસ સહેજ સ્મિત વેરતા. ક્યારેક 'સરસ' 'સુંદર' જેવા શબ્દો પણ ઉચ્ચારતા. વધુ તીવ્ર પ્રતિભાવની અપેક્ષા રાખનારાઓએ પૂછી લીધું : 'આ બધી વસ્તુઆ કેવી લાગે છે ? 'સરસ, બહુ સરસ છે', સોક્રેટિસે કહ્યું. 'તો પછી આ બધું ખરીદી લઈએ ?' કો'કે પૂછ્યું. સોક્રેટિસે એકાક્ષરી જવાબ વાળ્યો 'ના'. 'કેમ ?' વસ્તુઓ તો સરસ છે. તમે જ કહો છો ને ? 'વાત સાચી છે. વસ્તુ સારી હોય તો તેને સારી કહેવી પડે. પણ વસ્તુ સારી હોય એટલે તેને ખરીદી લેવાની ના હોય. વસ્તુ કામની હોય તો જ ખરીદવાની. એમ તો કેમસ્ટિની દુકાને રહેલી દવાઓ પણ ક્યાં સારી નથી ? પણ આપણે કામ હોય તો જ લઈએ છીએ ને !'

છાશવારે ને છાશવારે 'શોપિંગ' કરવા નીકળી પડતા લોકો આ વાર્તા ફરી એકવાર ધ્યાનથી વાંચે.

ઔદ્યોગિક ક્રાન્તિએ ઉત્પાદનનો દર ગજબનો વધારી દીધો. સૈકાઓનું ઉત્પાદન દાયકામાં થવા માંડ્યું. **ઉત્પાદન વધે તેટલા પ્રમાણમાં ઉપભોક્તા વધતા નથી તેથી વધેલા ઉત્પાદનને થાળે પાડવા ઉપભોગ વધારવો આવશ્યક હતો. તે માટે ઉપભોક્તાને આકર્ષવો પડે, લલચાવવો પડે. આવા વિચારમાંથી વિજ્ઞાપન ટેક્નિકનો જન્મ થયો.**

ઉત્પાદનને ક્ષેત્રે આવેલી ક્રાન્તિએ ઉત્પાદન ઉપરનાં બધાં નિયંત્રણો તોડી નાંખ્યાં. પછી તો એક જ વસ્તુ બનાવનારા અનેક ઊભા થતા ગયા. પૂર્વે જે ચીજો અમુક ગણીગાંઠી

કંપનીઓ જ બનાવતી હતી તેવી ચીજો આજે અનેક કંપનીઓ બનાવવા લાગી અને સરકારે વિદેશી કંપનીઓ માટે દરવાજા ખુલ્લા કર્યા તેથી બજારમાં હરીફાઈ વધુ ઉગ્ર બની.

એક જ પ્રોડક્ટ પૂરી પચ્ચીસ કંપનીઓ બનાવતી હોય અને તે પણ એમ જ માનીને કે અહીં અમારી સામે પૂરા નેવું કરોડનું વિશાળ માર્કેટ છે, અને પછી પોતાનો માલ વેચવા (રાધર, પધરાવવા) જે રીતે માર્કેટિંગ વૉરફેર આરંભે છે ત્યારે સૌથી દયનીય સ્થિતિના ભોગ બનવું પડે છે ગ્રાહકવર્ગને. કબડ્ડીમાં પકડાયેલા ખેલાડીને તો સહુ એક જ બાજુ ખેંચે પણ અહીં તો સહુ પોતપોતાના પક્ષે જેને ખેંચવા મથે તે બિચારા ગ્રાહકની શી વલે થતી હશે તે તો તે પોતે પણ નથી જાણતો. કારણ કે આજના વિજ્ઞાપનકારો એવી હોંશિયારી વાપરતા હોય છે કે પોતાનું ધોવાણ થઈ રહ્યું છે તેવો ગ્રાહકને અણસાર પણ આવતો નથી.

મચ્છર ચટકો ભરે કે કૂતરું કરડે કે તરત જ માણસને ખબર પડી જાય. ઉંદરના કરડ્યા પછી માણસને ખબર પડે પણ ખિસ્સું ચિરાઈ જવા છતાં ખબર ન પડવા દે તેવા આ પ્રોફેશનલ ખિસ્સાકાતરુંઓથી સાવધ રહેવાનું પણ કોણ કહે ?

આજનું વૈશ્વિક બજાર એક મહાન કુરુક્ષેત્ર લાગે. આજના બજારયુદ્ધનું મુખ્ય શસ્ત્ર છે પ્રચારમાધ્યમો. 'પાડે પાડા લડે તેમાં ઝાડનો ખો નીકળે' તે કહેવતનો સાક્ષાત્કાર આજે જોવા મળે છે.

બહુરાષ્ટ્રીય કંપનીઓની પાડાલડાઈમાં ઝાડનો રોલ ભજવવાનું દુર્ભાગ્ય ગ્રાહકસમૂહને ભાગે આવે છે. એલ રિસ અને જેક ટ્રાઉટ નામના વિદેશી લેખકોએ 'માર્કેટિંગ વૉરફેર' નામનું એક પુસ્તક લખ્યું છે. પુસ્તકનું નામ અને તેમાં યુદ્ધવિષયક પરિભાષાઓના છૂટથી થયેલા પ્રયોગો જ એવું સૂચવે છે કે જાણે બજારક્ષેત્ર એટલે કુરુક્ષેત્ર. માર્કેટિંગ અને પબ્લિસિટિનાં પણ શાસ્ત્રો રચાય છે અને તેના પણ નિષ્ણાંતો હોય છે.

એક ચિંતકે લખ્યું છે કે 'પોતાના વિચારો બીજા ઉપર ઠોકી બેસાડવા તે પણ હિંસાનો એક પ્રકાર છે.' જાહેરાતોનો મારો ચલાવીને પોતાની પ્રોડક્ટ્સની જંગી માર્કેટ ઊભી કરીને ઘર–ઘરમાં પોતાના માલનો ખડકલો કરતી કંપનીઓ દ્વારા આવા પ્રકારનો મોટો

હિંસાકાંડ જ ચાલી રહ્યો છે.

સાબુ, શેમ્પુ, ક્રીમ, ટૂથપેસ્ટ, હેરઑઈલ, ઠંડાપીણા, કાપડ અને જૂતા જેવી અઢળક ચીજોની કેટલીય બ્રાન્ડ ગ્રાહકોને માથે મારવા માટે તે પ્રોડક્ટની સાથે મર્દાનગી, સ્માર્ટનેસ, આકર્ષકતા કે યૌવનની એક આભાને સાંકળી દેવામાં આવે છે અને પછી અમુક ચોક્કસ પ્રકારનો દરજ્જો કે વ્યક્તિત્વ વિકસાવવાની આશા સાથે લોંકો તે તરફ આકર્ષાય છે. કંપનીવાળાએ તો માત્ર માલ ખપે તે જ જોવાનું છે. પોતાની પ્રોડક્ટ ગ્રાહક માટે જરૂરી અને ફાયદાકારક છે કે નહીં તે જોવાની જરૂર રહેતી નથી.

પહેલાં બિનજરૂરી વસ્તુ બનાવવી, પછી જાહેરખબરોના આક્રમણથી ઘરાકી ઊભી કરવી અને પછી વસ્તુ અને વિજ્ઞાપનનો ખર્ચ, વ્યાજ તથા પ્રચંડ નફા સાથે ગ્રાહક પાસેથી વસૂલ કરવો તેને જો 'ઉદ્યોગ' કહેવાય તો 'ઉદ્યોગ' શબ્દને 'લૂંટ' નો પર્યાયવાચક કેમ ન કહેવાય ? કલરફૂલ અને ભપકાદાર જાહેરખબરોના શૂટિંગનો ખર્ચ, પૈસા કમાવા ક્યારેક તો જાત વેચી દેતા મોડેલોની તગડી ફી, જાહેરખબરો તૈયાર કરનારી એજન્સીના ચાર્જ, જાહેરખબરને પ્રસારિત કરવા માટે સેકન્ડ દીઠ હજારોના ચાર્જ, આ બધું વસ્તુની પડતર કિંમત વધારવા દ્વારા અંતે તો ગ્રાહકને માથે જ ઠોકાય છે. મધ્યમવર્ગીયને 'ગ્રાહકરાજ્જા'નું બિરુદ આપી દેવા માત્રથી તેઓ પાસે શ્રીમંતાઈ આવી જતી નથી.

જે મળે તેનાથી ચલાવી લેવાની અને ન મળે તો નભાવી લેવાની સંતોષી મનોવૃત્તિને ચગદીને વ્યક્તિમાં પોતાનો અલગ ટેસ્ટ, સ્વતંત્ર રુચિ કે સ્પેસિફિક બ્રાન્ડનું જ વળગણ ઊભું કરી દેતી સંમોહક જાહેરખબરો અને ડ્રગ્ઝમાં બહુ ઝાઝો તફાવત નથી. ('પબ્લિસિટિ કેમ્પેઈન' માંના 'ક' નો 'શ' કરી જુઓ તો !)

તદ્દન બિનજરૂરી કે નુકસાનકારક ચીજોને એવી રીતે રજૂ કરાય છે કે ગ્રાહક આકર્ષાય. આ માટે ચતુરાઈભરી ઈશારતો, સિફતભર્યાં સૂચનો, માનસશાસ્ત્રીય તરકીબો અને માનવસ્વભાવગત નબળાઈઓના દુરુપયોગ સુધીના તમામ ઉપાયોની અજમાયશ થતી હોય છે. કોઈ અભિનેત્રીની સુંદરતાનું રહસ્ય કોઈ અમુક જ સાબુમાં નથી એટલી સા–બુ (સામાન્ય બુદ્ધિ) તો દર્શકો પાસે પણ હોય છે જ અને છતાં આ જાહેરખબરોની અસરથી ભાગ્યે જ કોઈ અલિપ્ત રહી શકતું હશે. એક વિદેશી ઉદ્યોગપતિએ કબૂલ્યું છે કે

'સાબુ' તો ફેક્ટરીમાં બને છે અને બજારમાં તો સુંદર દેખાવાની લાલચ વેચાય છે.' માણસોની વૃત્તિઓને બહેકાવી, લલચાવી, તેને કોઈ ચીજ ખરીદવા મજબૂર બનાવવો તે માણસનું ઈમોશનલ બ્લેકમેઈલિંગ ન કહેવાય ? ટાલિયાને પણ દાંતિયો ખરીદવા ઉત્તેજિત કરી દેતી વિજ્ઞાપન ટેક્નિકને 'સેલ્સમેનશિપ' કહેવાતી હોય તો ભલે પણ તેમાં ફેલોમેનશિપ તો નથી જ.

આવશ્યકની ખોજ કરવાને બદલે આજે માનવી આકર્ષકના હોજમાં ડૂબકી મારે છે. આવશ્યક અને આકર્ષક વચ્ચેના જંગમાં, 'વિજ્ઞાપન' નામના અંચીખોર અમ્પાયરના કારણે આવશ્યકની હાર થાય છે, આકર્ષક મેદાન મારી જાય છે. અમેરિકન સમીક્ષક નોન ચોમ્સીએ બહુ સાચું કહ્યું છે કે 'અમેરિકનો એ જ ખાય છે જે વિજ્ઞાપનકારો તેમને ખવરાવવા ઈચ્છે છે. અમેરિકનો એ જ પહેરે છે જે વિજ્ઞાપનકારો તેમને પહેરાવવા ઈચ્છે છે અને અમેરિકનો એ જ વિચારે છે જે વિચારવા વિજ્ઞાપનકારો તેમને પ્રેરે છે.' આ વાત બધા માટે આટલી જ સચોટ બની રહી છે. બાકી ગરમીના દિવસોમાં ભારત જેવા ગરમ પ્રદેશમાં કોઈ રેન્ગ્લરના કોથળા પહેરે ખરું ? ઉત્તરધ્રુવ પર માનવીને રેફ્રિજરેટર અને ઉષ્ણ કટિબંધના નિવાસીને હીટર ખરીદવા ઉત્તેજિત કરે તે પ્રચારયુદ્ધની ક્રૂરતાનો ક્લાઈમેક્સ છે.

સામાન્ય રીતે છેતરપિંડીના સકંજામાં કોઈ વ્યક્તિ ફસાય તે બને. માસ (સમષ્ટિ)ને લાંબા ગાળા સુધી ઠગવાની ઘટનાઓ અતીતમાં ક્યારેય બની હોય તેવું જાણમાં નથી. આજની રંગબેરંગી જાહેરખબરો વડે વિરાટ જનસમૂહ ઠગાઈ રહ્યો છે. ઠગ ઠગાઈ કરીને કોઈને કદાચ છેતરે, પણ હંમેશાં તેને ભયભીત તો રહેવું પડે. છેતરપિંડીની સાથે પકડાઈ જવાનો અને શિક્ષા પામવાનો ભય હંમેશાં જોડાયેલો રહેતો. આવા તમામ ભયોથી મુક્ત છેતરપિંડી એટલે આજની ભપકાદાર જાહેરખબર. તમાકુ કે સિગરેટની જાહેરખબર જોનારાને ભાગ્યેજ ખ્યાલ આવતો હશે કે 'મેં હમણાં જ કેન્સરના કીટાણુઓનાં દર્શન કર્યાં !'

આ જાહેરખબરોની ભરમાર લોકોમાં અવળા આદર્શોને ઘડે છે અને પોતાની સાદી, સસ્તી, ફાયદાકારક, સ્વાસ્થ્યપ્રદ અને પરંપરાગત જીવનશૈલીને ફેંકી દઈને ખર્ચાળ, હાનિકારક અને હિંસક જીવનશૈલી તરફ ખેંચે છે, તાણે છે.

હિપ્નોટાઈઝિંગ ઈફેક્ટ લાવતી જાહેરખબરો જોઈને સામાન્ય માણસ અંદરથી એક પ્રકારનો ખાલિપો અનુભવે છે. ખિસ્સું ના પાડે તેવી કોક ચીજ ખરીદવા માટે તેનો લાડકવાયો જ્યારે જિદ્દે ચડે ત્યારે તેના પપ્પાને અનુભવાતી લાચારીની પીડાનું કલન તો તે જ જાણે જેણે તે અનુભવી હોય. જે ચીજો વગર પૂર્વજો આખી જિંદગી મસ્તીથી જીવી શક્યા તેવી સેંકડો આકર્ષક ચીજો વસાવી લીધા પછી પણ જ્યારે માણસ અસંતોષની આગમાં શેકાય છે ત્યારે વિચારવું જોઈએ કે ગ્રોસ નેશનલ પ્રોડકશન (જી.એન.પી.) કરતાં ગ્રોસ નેશનલ કન્ટેન્ટનેસ એ વધુ અગત્યની બાબત છે.

ઉપભોક્તાવાદના વાયરાએ દુનિયાભરમાં જીવલેણ સમસ્યાઓ ઊભી કરી છે. અછતની અછતી સમસ્યાઓ હવે છતી થવા લાગી છે. સમગ્ર વિશ્વ સામે 'નથિંગ રિમેઈન્સ'ની સમસ્યા ઊભી હોય ત્યારે વિજ્ઞાપનો દ્વારા લોકોને 'હેવ–મોર'ના અજંપામાં ધકેલી દેવા એ તો જેને ઝાડા છૂટી ગયા હોય તેવા દર્દીને નેપાળાનો હેવી ડોઝ આપવાનો ઘાતક પ્રયોગ છે. આત્મસંયમ, સંતોષ અને સાદગીના પાઠ ભણાવીને લોકોની આંતરવૃત્તિઓને સંયમિત રાખવાને બદલે માનવીના મનમાં ડચકાં ખાતા સંતોષને સાવ પતાવી દઈ, તેની સુષુપ્ત પડેલી વૃત્તિઓને ભડકાવીને ઉપભોક્તાવાદના ફુંફાડા મારતા અજગરને દૂધ પીવડાવતા વિજ્ઞાપનક્ષેત્ર પર કડક નિયંત્રણ અતિ આવશ્યક છે.

મૂળમાંથી જ પ્રશ્નને ઉખેડવો હોય તો સર્વપ્રથમ તો આ જ છે કે વસ્તુઓની આટલી બેસુમાર જાહેરાતોની જરૂર જ શા માટે ? જીવન–જરૂરિયાતની ચીજોએ ક્યારેય ગ્રાહક શોધવા જવું ન પડે, ગ્રાહકો તેને શોધતા ફરે છે. ગુલાબની સુવાસની જાહેરાત કરવી પડતી નથી. પ્લાસ્ટિકનાં ફૂલો જાહેરાત વગર ખપતાં નથી. હાનિકારક હલકો અને તદ્દન બિનજરૂરી માલ પણ જાહેરાતના ઘોડે સવાર થઈને તગડી માર્કેટ કબજે કરે છે. ભોળી મહિલાઓ અને નાદાન બાળકો જાહેરખબરના ધૂતારા દ્વારા ઠગાય છે. તે બે શિકાર હાથમાં આવ્યા પછી આખો પરિવાર હાથમાં જ છે.

સામાન્યથી પરિવારમાં પુરુષ એ અર્નિંગ એલિમેન્ટ ગણાય છે અને બાળકો અને સ્ત્રી એક્સ્પેન્ડિંગ એલિમેન્ટ ગણાય છે. ઘરના એક્સ્પેન્ડિંગ એલિમેન્ટને ગજવામાં સરકાવી દીધા પછી ઘરના અર્નિંગ એલિમેન્ટને વારંવાર ગજવામાં હાથ નાંખવાની ફરજ

પાડી શકાય છે. કારણકે બાળહઠ અને સ્ત્રીહઠ, પસંદ પડેલી ચીજને ઘરમાં લાવીને જ જંપશે.

આજે તો ગ્રાહકોને માત્ર આકર્ષવાનું નહીં, ખેંચવાનું અને તાણવાનું જ થાય છે. તે માટે જાતજાતના નુસખાઓ અજમાવાય છે. ક્યાંક સેલના નામે મબલક સેલ થાય છે. ક્યાંક ડિસ્કાઉન્ટની જાહેરાત થતાં જ કાઉન્ટર પર તડી પડે છે. ક્યાંક ડિફેક્ટિવ માલનો કીમિયો ભારે ઈફેક્ટિવ પુરવાર થાય છે. ક્યાંક લકી ડ્રો હેઠળ સહુ પોતાનું નસીબ અજમાવે છે. ક્યાંક ગિફ્ટ યોજના હેઠળ એકાદ બિનજરૂરી ચીજ મફતમાં લેવાની લાલચે માનવી બીનજરૂરી ચીજોનો ઢેર ખરીદી લે છે.

વિજ્ઞાપનના અતિરેકે જીવનધોરણને ખર્ચાળ બનાવી દઈને આર્થિક અરાજકતા ઘણાં કુટુંબોમાં ઊભી કરી છે. અસંતોષના કારણે માલની વધુમાં વધુ ખપત કરી લેવાનો એકાંગી દષ્ટિકોણ વેપારીમાં વિકસે છે. ત્યાં ગ્રાહકની જરૂરિયાતનો વિચાર ગૌણ બને છે. ગ્રાહકમાં પણ અસંતોષના કારણે વધુમાં વધુ વસ્તુઓ ઘરમાં ભરવાનો એક ચસ્કો ઊભો થાય છે. ત્યાં પોતાના જ ભાવિનો વિચાર ગૌણ બને છે.

બાર રૂપિયાની એક ટ્યૂબ ખરીદનારને ઉપરથી એક ટ્યૂબ મફત આપનારો વેપારી, ગ્રાહકને એક જ ટ્યૂબ છ રૂપિયામાં આપતો નથી. એવું કરવામાં તેને કોઈ નુકસાન થતું નથી અને ગ્રાહકનું હિત પણ જળવાય છે. પણ એવું થતું નથી. જરૂર કરતાં વધુ માલ બનાવી બેઠા પછી લોકોના ઘરમાં જરૂર કરતા વધારે માલ પધરાવે જ છૂટકો છે. ઉત્પાદનનો અવિવેક વિક્રય અને વ્યયના અતિરેકને ખેંચી લાવે છે.

આવા સમયે પોતાની સલામતીનો વિચાર માત્ર ગ્રાહકે જ કરવાનો રહે છે. માનવતાના શાસ્ત્ર વિનાના અર્થશાસ્ત્રે આ બર્ડન એકલા ગ્રાહકના માથે મૂકી દીધું છે. ગ્રાહક છેતરાય નહીં તે માટે આજે એક ગ્રાહકસુરક્ષા ધારો (Consumer Protection Act)ઘડાયો છે. આ ધારો એ ધ્યાન રાખે છે કે ગ્રાહકને હલકો માલ ન મળે. પણ ગ્રાહકને બિનજરૂરી માલ ન મળે તે કોણ જોશે ? તે માટે સંતોષ આવશ્યક છે. સંતોષ એ સર્વકાલીન શ્રેષ્ઠ કક્ષાનો ગ્રાહક સુરક્ષા ધારો છે. ગ્રાહકને બિનજરૂરી ખર્ચ, બિનજરૂરી પરિગ્રહ અને બિનજરૂરી સંક્લેશ અને ઘણાં પાપોથી તે રોકી દે છે. ગ્રાહકની ખરી સુરક્ષા આ જ છે. જેની ઉત્પાદકો

કે વેપારીઓને સહેજે પડી હોતી નથી.

દરેક કંપની પોતાના સેલ્સ ટાર્ગેટને પહોંચી વળવા કમર કસે છે. ગ્રાહકની કબર રચાય તે તેમણે જોવાનું રહેતું નથી. માનવીય આવેગને ઉત્તેજિત કરતી અશ્લીલ ફિલ્મો સામે વાંધો ઉઠાવાય છે તેમ માનવીય તૃષ્ણાને ઉત્તેજિત કરતી વિજ્ઞાપનો સામે કોઈ વાંધો કેમ ઉઠાવતું નથી ? ભૂખ જેવું કોઈ ભોજન નથી તે વાત સાચી પણ અતિભોજન જેવું કોઈ દુઃખ નથી તે ભૂલવું ન જોઈએ. ઉત્તેજિત કરાયેલી ઈચ્છાઓ કૃત્રિમ 'વૉન્ટ્સ'ને પેદા કરે છે. અને પછી ધ ફાઈટ ઈઝ બિટ્વીન નેસેસિટીઝ એન્ડ ડિઝાયર્સ.

**ઈચ્છાને જ્યારે જરૂરિયાતનો દરજ્જો મળી જાય છે ત્યાર પછીની સ્થિતિ એવી હોય છે કે જરૂરિયાતની ઈચ્છાઓ પણ પૂરી થતી નથી.** આકર્ષક અને મોંઘીદાટ ચીજ લેવા મન ઉત્તેજિત થઇ ગયું, ખરીદી માટેની માનસિક ક્ષમતા ઊભી થઈ ગઈ. પણ આર્થિક ક્ષમતા જ્યારે ઈનકાર કરે ત્યારે વ્યક્તિને ભોગવવી પડતી લાચારી અને દીનતાની રિબામણ કોને આભારી છે ? અતૃપ્તિને. અતૃપ્તિ ઊભી કેમ થઈ ? વાંચો આખું પ્રકરણ ફરી એકવાર.


જો આના વધુ ઊંડાણમાં ઊતરવામાં આવે તો આ ગ્લેમરસ લાગતી વિજ્ઞોપનોમાં કદાચ ઈર્ષ્યા અને અતૃપ્તિ દ્વારા ડિપ્રેશન જેવા માનસિક રોગોને પેદા કરતા કીટાણુઓના દર્શન પણ થશે.

જાહેરખબરોના અતિરેકે એક વિરાટ સમસ્યાથી સમાજને ચિંતિત કર્યો છે અને તે છે 'સ્ટેટસ પ્રોબ્લેમ.' રોટી, કપડાં અને મકાનવાળી વિચારસરણીની તો જાણે અંત્યવિધિ જ બાકી છે. હવે રોટીની સમસ્યા નથી રહી, તેનું સ્થાન તો જાતજાતની ચિપ્સ અને જંક ફુડે લીધું છે. સવાલ માત્ર કપડાંનો નથી, રેમન્ડ્ઝ ને રેંગ્લરથી જ મોભો સચવાશે તેવો વિચાર ઘર કરી ગયો છે. મકાનની સમસ્યા તો ગમે તે રીતે હલ થાય પણ ભપકાદાર ફર્નિચરની ઈચ્છાને કેમ પહોંચી વળવું ? જાહેરાતોના બેરહેમ આક્રમણે માણસની ઈચ્છાઓને બહેકાવીને બેકાબુ બનાવી દીધી છે. ઈચ્છાઓ પાછી માત્ર વસ્તુલક્ષી જ નથી હોતી, બ્રાન્ડલક્ષી હોય છે. ચા બ્રુકબોન્ડની ન મળે તો તેનું માથું ચડી જાય, જેને ઉતારવા માટે બામ પણ ચાઈનાનો જ જોઈએ. પૂર્વે કપડાં ધોનારા ઘાટીની ય ઝાઝી જરૂર

નહોતી જ્યારે આજે વોશિંગ મશીન ન હોય તો મન ઊણપ અનુભવે છે.

'ન હોય તો નભાવી લો, ન ભાવતું મળે તો ચલાવી લો' વાળી મનોવૃત્તિ ધરાવતો માનવી આજની વિજ્ઞાપનોની ભરમારમાં ક્યાંય ખોવાઈ ગયો છે. વિજ્ઞાપનોના એકધારા મારા થકી તે અગણિત ઈચ્છાઓની કરોળિયા–જાળમાં અટવાયો છે. અધૂરી રહી જતી ઈચ્છાઓ તેની સ્વસ્થતાઓ છીનવી લે છે અને પછી તે પુષ્કળ સંક્લેશમાં સબડે છે. જાહેરખબરના આક્રમણે સમાજને અસ્તિત્વના સંઘર્ષમાંથી સ્ટેટસના સંઘર્ષ પાસે લાવી મૂક્યો છે.

જડ અને ચેતન, બન્ને તત્ત્વો સાથે સંબંધમાં રહીને જ જીવન વીતાવવાનું હોય છે. પણ એ સંબંધ પાછળના ઉદ્દેશો ફરી ગયા છે. પૂર્વે માણસ સારો હતો માટે તેની સાથે સંબંધ રખાતો. આજે માણસ કામનો છે માટે સંબંધ રખાય છે. જડ સાથેના સંબંધમાં આ સમીકરણનું શીર્ષાસન થઈ ગયું છે. પૂર્વે વસ્તુ કામની હોય તો જ ઘરમાં લવાતી, આજે સારી હોય છે માટે લવાય છે. આ શીર્ષાસનનું શીર્ષાસન થઈ જાય તો અત્યારની અડધી સમસ્યાઓ હલ થઈ જાય તેમ છે.



## ● આર્થિક તંદુરસ્તીનો રામબાણ ઈલાજ: આયોચિતો વ્યય:

મુંબઈના એક પરામાં રહેતા ભાઈને મારુતિમાં ફરતા જોઈને આજુબાજુવાળાને આશ્ચર્ય થયું. એક મોટી કંપનીમાં સારી પોસ્ટ ધરાવતા અને ઊંચો પગાર મેળવતા હોવા છતાં પણ મારુતિ ખરીદી શકવાની ક્ષમતા તે ભાઈ પાસે હોવાનું લાગતું નહોતું. પણ, હપ્તા પર મારુતિ મેળવી આપતી આકર્ષક સ્કીમનો આ પ્રભાવ હતો. માસિક પગાર અને અન્ય થોડી સાઈડ ઈન્કમમાંથી ઘરખર્ચ કાઢ્યા બાદ નિયમિત રીતે થોડી બચત તો થતી જ હતી. તેમાંથી હપ્તા ભરવાનું શક્ય હોવાથી મારુતિ વસાવી. નિયમિત અંતરે હપ્તા ચૂકવાતા ગયા.

એક રાતે અચાનક તે ભાઈની પત્નીને પેટમાં દુ:ખાવો ઉપડ્યો. ઘરગથ્થુ ઉપચારો કરવા છતાં દુ:ખાવો શમ્યો નહીં. ફેમિલી ડોક્ટરને બોલાવાયા. ડોક્ટરે આવીને દર્દીને તપાસ્યા. દુ:ખાવો એપેન્ડિક્સનો જણાતો હતો છતાં પાકું નિદાન કરાવવા ઈન્વેસ્ટિગેશન કરાવવું જરૂરી હતું. તત્કાળ નજીકની હોસ્પિટલમાં ખસેડાયા. બીજે દિવસે એપેન્ડિક્સનું જ નિદાન થયું. ઓપરેશન જરૂરી હોવાથી પછીના દિવસે ઓપરેશન કરવાનું નક્કી થયું. થઇ પણ ગયું. આઠમે દિવસે ડિસ્ચાર્જ મળવાનો હતો. અંદાજે રૂપિયા પિસ્તાલીશ હજારનો ખર્ચ થયો.

શરીરમાં કોઈ તકલીફ નથી તેવો નિર્ણય કરવા માટે પણ જ્યાં પાંચેક હજાર ખર્ચવા પડતા હોય ત્યાં શરીરમાં મોટી તકલીફ ઊભી થતાં, તેના ઈલાજ માટેનો ખર્ચ એક આખો ડિજિટ આગળ જાય તે સ્વાભાવિક છે. પૂરા પિસ્તાલીશ હજારનું સંભવિત બિલ હાથમાં

આવતાં પૂર્વે જ ભાઈની નિંદર હરામ થઇ ગયેલી. ચિંતાનો પાર નહોતો ને બચતનું નામ નહોતું. જે થોડી હતી તે મારુતિના હપ્તા ભરવા ઉપરાંત ડિપોઝિટ અને દવાના ખર્ચમાં પતી ગયેલી. હાથ લાંબો કરી શકવા મન તૈયાર નહોતું. આમ પણ મારુતિવાળા હાથ શી રીતે લંબાવે ? દીકરાના કોલેજનો એડમિશન ખર્ચ અને ઘણું કરીને ચાલુ વર્ષમાં જ આવનારા દીકરીના લગ્નપ્રસંગના આવીને ઊભેલા ખર્ચાઓની વચ્ચે આવી પડેલા આ આકસ્મિક ખર્ચને પહોંચી વળવાની ઊંડી ચિંતા, ઉજાગરા અને ઉદાસીનતા ઉપરાંત ક્યારેક તો આંસુનું રૂપ લઈને બહાર ટપકી પડતી.

કટોકટીમાં માણસની નજર છેલ્લે સોના પર પડતી હોય છે. અહીં પણ તેવું જ બન્યું અને દીકરીને આપવા માટે રાખેલાં સોનાનાં બે કડા અને એક બ્રેસલેટ લઈને, હપ્તા પર લીધેલી મારુતિમાં બેસીને તે ભાઈ ઝવેરી બજારમાં ગયા.

ઘરેણાં વેચાઈ ગયા....

હોસ્પિટલનું બિલ ચૂકવાઈ ગયું....

અને, હપ્તા પર લીધેલી મારુતિમાં જ તે ભાઈ પોતાની પત્નીને પરત ઘરે લઈ આવ્યા.

He who buys, what he needs not, sells, what he needs. બિનજરૂરી ચીજની ખરીદી, આવશ્યક ચીજ વેચવાની લાચારીમાં પરિણમે છે.

જેના થકી ઓછી આવકવાળા પણ કિંમતી વસ્તુઓ ખરીદી શકે તેવી હપ્તા પદ્ધતિઓ ઉપલક દૃષ્ટિએ આશીર્વાદરૂપ લાગે. પણ, આવી સ્કીમ દ્વારા મધ્યમવર્ગીય માનવમાં એક પ્રકારની કૃત્રિમ ખરીદશક્તિ પેદા કરાય છે. મનમાં મારુતિનું આકર્ષણ અને સામે આવી લોભામણી સ્કીમ. હપ્તાના આધારે મોટી રકમ પણ ભરી શકવાનું સામર્થ્ય જણાતાં માનવીની સુષુપ્ત ઈચ્છાઓ ઉત્તેજિત બને છે અને પછી ઉપરના પ્રસંગનાં પ્રતિબિંબો તૈયાર થાય છે.

આકસ્મિક આપત્તિઓના અણધાર્યા આગમનની શક્યતાથી માનવી વાકેફ હોય છે અને માટે જ તે બચત કરતો હોય છે. છતાં, આવી સ્કીમો તેને આવી સંભવિત આપત્તિઓને ભૂલી જવા પ્રેરે છે. આવનારી તકલીફોનું આગમન અનિશ્ચિત છે. મારુતિનો લાભ નિશ્ચિત

છે. અનિશ્ચિત આફતોની ભીતિએ મારુતિ લઈ શકવાના નિશ્ચિત ફાયદાને શા માટે જતો કરું ? એમ વિચારીને 'પડશે તેવા દેવાશે'ની નીતિ પર તે મારુતિ ખરીદી લે છે. શાસ્ત્રજ્ઞ વિદ્વાનોએ ગૃહસ્થાશ્રમના માર્ગાનુસારી કક્ષાના વર્ણવેલા પાંત્રીશ ગુણોમાં અને તેની ઉપરની શ્રાવકની કક્ષામાં પણ 'દૂરંદેશી'ને એક અગત્યના ગુણ તરીકે સ્થાન આપ્યું છે. આવનારી અમુક આફત અનપેક્ષિત હોવા છતાં, ગમે ત્યારે આફત ઊતરવી જાણે કે અપેક્ષિત જ હોય, તેવી તૈયારી સુધી માનવીને પહોંચાડવાનું કાર્ય, આ ગુણ કરે છે.

ઉંમર નાની હોવા છતાં માનવી વીમો કેમ ઉતરાવે છે ? શરીર તંદુરસ્ત હોવા છતાં માનવી મેડિક્લેઈમ કેમ ઉતરાવે છે ? અનપેક્ષિત આક્રમણો જાણે કે અપેક્ષિત જ હોય તેમ માની લીધા વિના આ શક્ય નથી. બચત પણ આથી જ થતી હોય છે. છતાં નાના હપ્તા પર મોટી વસ્તુ મેળવવાની લાલચ, માનવીને સંભવિત ભયસ્થાનોને અવગણવા ઉશ્કેરે છે. આવી સ્કીમના છટકામાં ફસાયેલો માનવ હપ્તે હપ્તે જીવે છે ને હપ્તે હપ્તે મરે છે. કો'કે બહું સારું કહ્યું છે : "Never spend your money, before you have it."હાથમાં પૈસો આવતા પૂર્વે ક્યારે ય ખર્ચતા નહીં.

આવી હપ્તા–પદ્ધતિને મધ્યમવર્ગીય માટે આશીર્વાદરુપે ગણનારા ભીંત ભૂલે છે. અહીં આશીર્વાદનું શીર્ષાસન થયેલું છે અને આશીર્વાદનું શીર્ષાસન અભિશાપ છે.જો ગ્રાહકોના ભલા કાજે આવી હપ્તા પદ્ધતિ દાખલ કરાઈ હોત તો હપ્તા પર જીવનજરૂરિયાતની ચીજો મળતી હોત, મોજશોખની નહીં. આજના કાળની ઓળખ એ છે કે માણસે જીવનજરૂરિયાતની ચીજો રોકડે પૈસે જ ખરીદવી પડે છે અને લક્ઝરી આઈટમો હપ્તા પર મળી શકે છે.

શ્રીમંત વર્ગ તો રોકડે પૈસે લક્ઝરી આઈટમ ખરીદી શકે તેમ છે પણ તેવો ગ્રાહક વર્ગ કરોડોમાંથી ગણતરીનો મળે. અમાપ ઉત્પાદનને માપસરની માર્કેટ શી રીતે પરવડે ? માટે જંગી માર્કેટ ઊભી કરવા મધ્યમ વર્ગને આકર્ષવો પડે અને માર્કેટિંગના એક પ્રકાર તરીકે આ પદ્ધતિ અમલી બની. દૈનિક જરૂરિયાતો અંગે કોઈ હપ્તા પદ્ધતિ ક્યારેય ન રાખે. કારણકે તેની માર્કેટ નિશ્ચિત છે. માણસને મરચા મસાલા વગર ચાલવાનું નથી, મારુતિ વગર ચાલી શકે છે. હપ્તાપદ્ધતિ એવી ચીજવસ્તુઓ પર ચલણી બને છે જેના વગર

માનવી આખું જીવન વ્યતીત કરી શકે છે. વાસ્તવમાં આવી સ્કીમ માર્કેટિંગનું (ક્યારેક તો ગ્રાહકના ખિસ્સાથી આગળ વધીને તેની ગરદન પર ફરી વળતું) એક ધારદાર શસ્ત્ર છે. તેમાં માનવતા માની લેવાની ભૂલ ભાગ્યે જ કોઈ કરી શકે.

નીચલો વર્ગ હપ્તા પદ્ધતિમાં ફસાય છે તો ઉપલો વર્ગ ક્રેડિટ કાર્ડ જેવી લાલચમાં આવી જાય છે. વસ્તુ ગમી જવા છતાં, ખરીદી વખતે ગણીગણીને પૈસા આપવાના હોય તો માનવી હજી ક્યાંક અટકી જાય. પણ ખરીદી કરી લીધા પછી, ક્રેડિટ કાર્ડના પ્રતાપે બિલ આપોઆપ ચૂકવાઈ જતું હોવાથી ઘણીવાર ખ્યાલ પણ આવતો નથી કે ક્રેડિટ ખાતાનો આખો આંક ડેબિટ થઈ ગયો. સૌજન્ય : ક્રેડિટ કાર્ડ.

થનારી નુકસાનીઓનો અંદાજ હોવા છતાં, તે નુકસાની જો નજર સામે થતી ન હોય તો તેનાથી અટકવું મુશ્કેલ બને છે. આ એક માનવીય મનોદશાનું લક્ષણ છે. મોટું જોખમ સાથે લઈ ગયા વિના મોટી ખરીદી કરી શકવાની સવલતનો મોહ બચતને મોટો જખમ પહોંચાડે છે.

વ્યાપારીએ તો આજે માલ વેચવાનો હોય છે, તે માટે તે જાતજાતના નુસખાઓ શોધી લે છે. ગ્રાહક માટે તે વસ્તુની ખરીદી જરૂરી છે કે નહીં તે સેલ્સમેને જોવાનું રહેતું નથી. તેની તકેદારી ગ્રાહકે રાખવાની રહે છે.

અંગ્રેજીમાં એક મજાનું વાક્ય છે : Have a tailormade budget. ઘરખર્ચને માપસર રાખો.

આંખના ચશ્મા માપ કરતાં મોટા હોય તો નાક નીચે સરી પડે છે.

આંગળીના માપ પ્રમાણે જ વીંટી લવાય છે.

શરીરના બાંધા પ્રમાણે જ શર્ટ ખરીદાય છે.

કમ્મરના ઘેરાવા મુજબનું જ પેન્ટ સિવડાવાય છે.

પગના માપ અનુસાર જ પગરખાં પહેરાય છે.

માપ મુજબની વસ્તુ લેવા જતાં ક્યાંક મનગમતી ડિઝાઈન કે પોત જતાં કરવા પણ પડે. બધે માપ અને પ્રમાણનો આગ્રહ રાખનારો માણસ ઘરખર્ચ અંગે 'અમાપ'નો આગ્રહી

શા માટે બની જતો હશે ?

વીંટીનું માપ આંગળી નક્કી કરી દેશે.

શર્ટનું માપ શરીર નક્કી કરી દેશે.

પેન્ટનું માપ કમ્મર નક્કી કરી દેશે.

બૂટનું માપ પગ નક્કી કરી દેશે. પણ,

ખર્ચનું માપ નક્કી કોણ કરશે ?

ધર્મશાસ્ત્રો ગૃહસ્થના બજેટની ફાળવણી આ પ્રમાણે કરે છે.

પચ્ચીસ ટકા વેપારમાં, પચ્ચીસ ટકા ખર્ચ ખાતે, પચ્ચીસ ટકા દાન–પરોપકાર ખાતે અને શેષ પચ્ચીસ ટકા બચત ખાતે. શાસ્ત્રજ્ઞ પુરુષો બચતની વાત એટલા માટે કરે છે કે કોઈ આકસ્મિક ખર્ચ આવી પડતાં માનવી રિબાય નહીં અને સંક્લેશનો ભોગ બને નહીં. જેટલો સંક્લેશ વધે તેટલો સંસાર વધે. સંસારયાત્રા પર પૂર્ણવિરામ મૂકવાના ભવને પામેલો ભવયાત્રી તે યાત્રાને લંબાવે તે કયા હિતૈષી ઈચ્છે ? તેવી જ રીતે તે ગૃહવાસમાં સીદાય તેવું પણ ન જ ઈચ્છે. ઉપરોક્ત ફાળવણીનાં ચારે ક્ષેત્રો પાછળ સુંદર આયોજન જણાય છે.

આર્થિક તંદુરસ્તી માટે વેપારમાં પચ્ચીસ ટકા.

આત્મિક તંદુરસ્તી માટે દાનમાં પચ્ચીસ ટકા.

સામાજિક તંદુરસ્તી માટે ખર્ચમાં પચ્ચીસ ટકા.

માનસિક તંદુરસ્તી માટે બચતમાં પચ્ચીસ ટકા.

ઉપરોક્ત ચારમાંથી એકે ય ક્ષેત્ર સીદાય નહીં તે માટે ગૃહસ્થને વિવેક શીખવતી આ ફાળવણી છે. ફાળવણીના પહેલા અને ત્રીજા ક્ષેત્રમાં અતિરેકી વ્યય થવાથી માણસ રિબાઈ શકે છે. આજના મોટા ભાગના બે જ કારણથી હેરાન થાય છે. ધંધામાં આવકના ચોથા ભાગને બદલે આવક કરતાં ચારગણું (બાકીનું વ્યાજે લાવીને) રોકાણ કરે છે. કેટલાક મોજશોખના અતિરેકથી ખર્ચ વધુ પડતો થવાથી પણ હેરાન થાય છે. તે માટે ૧૪૪૪ ગ્રન્થના રચિયતા શ્રી હરિભદ્રસૂરિ મહારાજે શ્રીધર્મબિન્દુ નામના ગ્રન્થના એક સૂત્રમાં

ઘરખર્ચના નિયન્તાને રજૂ કર્યો છે. 'आयोचितो व्ययः' ખર્ચ આવકને અનુરૂપ જોઈએ. જીવન ઉપર અનુશાસન કરી શકે તેને શાસ્ત્ર કહેવાય. (શાસનાત્ શાસ્ત્રમ્). આવા ધર્મશાસ્ત્રો જીવનનાં તમામ પાસાંઓ પર પ્રકાશ પાથરતાં હોય છે. આજના અર્થશાસ્ત્રને શાસ્ત્ર કહેવું કે કેમ ? ઈન્કમ અને ઈન્વેસ્ટમેન્ટની સાથે એક્સ્પેન્ડિચરની મર્યાદા અને વિવેક અંગે આજના ચોપડા લગભગ મૌન ધારણ કરે છે. ધર્મશાસ્ત્રો ગૃહસ્થના અર્થોપાર્જનની વ્યવસ્થા અને મર્યાદાની સાથે તેના વ્યયનો વિવેક પણ ભેગો શીખવે છે.

શાસ્ત્રોએ બતાડેલી વ્યવસ્થાની મર્યાદામાં રહીને ગૃહસ્થ નીતિ અને પ્રામાણિકતાપૂર્વક ધન ઉપાર્જન કરવાનો પુરુષાર્થ કરે. પોતાના ભાગ્ય અનુસાર તેને ધનપ્રાપ્તિ થઈ જાય. પણ પછી ખર્ચ કેટલો કરવો ? પ્રસ્તુત સૂત્ર આવકની મર્યાદામાં રહીને ખર્ચ કરવાની સોનેરી સલાહ આપે છે. વર્તમાન પ્રવાહ આનાથી તદ્દન વિપરીત છે. પહેલાં પોતાનું જીવનધોરણ નક્કી કરવામાં આવે છે અને પછી તેને અનુરૂપ આવક ઊભી કરવાનો પ્રયત્ન થાય છે. આ ઊંધો પ્રવાહ લગભગ સર્વત્ર વ્યાપ્ત છે.

કેન્દ્રની કે રાજ્યની સરકાર પહેલા પોતાનું બજેટ બહાર પાડે અને પછી તેને પહોંચી વળવા માટેના ઉપાયો શોધે છે; જેમાં કરવૃદ્ધિને મોંઘવારીના ભોગ પ્રજાને બનવું પડે છે. ઘરમાં લગ્નપ્રસંગ છે. પહેલા ખર્ચ નક્કી કરો. પછી તે ખર્ચને પહોંચી વળવાના ઉપાયો વિચારો. આવકનો પનો ટૂંકો પડે તો બચતને કામે લગાડો.છતાં ય ખર્ચ અને ક્ષમતાના બે છેડા ભેગા ન થાય તો દેવું કરીને ય ટાર્ગેટ પાર પાડવાનો જ. પછી ભલે વ્યાજનો રાહુ આવકના ચંદ્રમાને સતત ગ્રસતો રહે. આવકને અનુરૂપ ખર્ચ કરવાને બદલે ખર્ચને અનુરૂપ આવક ઊભી કરવાની અવળી નીતિનું આ પરિણામ છે.

આવકની સામું જોયા વગર ખર્ચને પહેલા નક્કી કરી દેવામાં, મનને ખર્ચ નક્કી કરવા માટે મોકળું મેદાન મળી જાય છે. ગુજરાતીમાં કહેવાય છે : 'કોઈ મુરતિયા માટે કન્યા પસંદ કરવાનું કાર્ય વાંઢાને ન સોંપવું, એ પોતાનું જ ગોઠવી આવશે.' અઢળક ઈચ્છાઓ પૂરી કર્યા બાદ પણ અધૂરપ અનુભવે તેવું મન તો લગ્ને લગ્ને કુંવારું છે. આવક ને અનુરૂપ ખર્ચની પસંદગી કરવાને બદલે તે પોતાને (ઈચ્છાને) અનુરૂપ પસંદગી જ કરી આવશે.

સ્કેલ ઓફ ઈન્કમની સામે નજર કર્યા વગર જ જો સ્ટાન્ડર્ડ ઑફ લિવિંગ નક્કી કર

દેવામાં આવે તો ફજુલ ખર્ચાઓ અને બિનજરૂરી જરૂરિયાતોનો ઉમેરો તેમાં થઈ જાય તે સ્વાભાવિક છે. કારણકે જરૂરિયાતો નક્કી કરવાનો અખત્યાર આવકને બદલે મનને સોંપાઈ ગયો.

પછી તો એક જ સૂત્ર છે Buy, borrow or steal. મન તો સારામાં સારી અને ઊંચામાં ઊંચી જ પસંદગી કરે તે સ્વાભાવિક છે. સારી અનેં ઊંચી ગણાતી ચીજના દામ પણ ઘણા સારા અને ઊંચા જ હોય તે પણ સ્વાભાવિક છે. આવક ઓછી પડે તો નક્કી કરી રાખેલા ટાર્ગેટને આંબી જવા ઉધાર કે ઉચાપતના માર્ગે જવા માટે મન લલચાય તે પણ સ્વાભાવિક છે. આવું કરવામાં વ્યાજનો બોજ, ટેન્શન, નાદારી કે બદનામીના શિકાર બનવું પડે તે પણ સ્વાભાવિક છે.

આમ ખર્ચને અનુરૂપ આવક ઊભી કરવા જતાં બે ય તબક્કામાં નુકસાન છે. ખર્ચ કરતી વખતે તેને સ્વાધીનપણે નક્કી કરવાનો હોવાથી ખર્ચની મર્યાદા નક્કી કરી આપતું કોઈ પરિબળ ત્યારે હાજર જ ન હોવાના કારણે બેફામ, નિરંકુશ અને અમર્યાદ જીવનનો નકશો તૈયાર થાય છે. અને પછી નક્કી કરી રાખેલા ઊંચા આંકને પહોંચી વળવાનું અનિવાર્ય જણાતા ધંધામાં નીતિ પ્રામાણિકતા ગીરવે મુકાય છે.

ઊંચા ટાર્ગેટ બાંધવા માટે ઈચ્છા સિવાય બીજું કાંઈ જરૂરી નથી પણ તે ટાર્ગેટને પહોંચી વળવા માટે તો પુણ્ય અને પરિશ્રમ પણ અપેક્ષિત છે. અને ઈચ્છા કરતાં પુણ્ય અને પરિશ્રમ લગભગ ઓછાં જ રહેવાનાં. પુણ્ય પોતાનો પક્ષકાર ન બને તો અનીતિ કે અપ્રમાણિકતાનો કરાતો આશ્રય પણ અર્થોપાર્જનને બદલે અનર્થોપાર્જન દ્વારા કેટલીય માનસિક યાતના ઊભી કરી આપે છે.

આના બદલે જો સૂત્રોક્ત રીતે આવકને અનુસાર ખર્ચ નક્કી કરવામાં આવે તો બન્ને રીતે સંયમ જળવાય છે. અર્થોપાર્જનનો ઉપાય શોધતી વખતે ખર્ચાઓના મોટા આંકની કોઈ ભીંસ ન હોવાથી સહજ રીતે, પુણ્ય પ્રમાણે, પ્રામાણિકપણે જે કાંઈ પણ આવક થાય તેનાથી નભાવી લેવાની સંતોષી મનોવૃત્તિ જળવાઈ શકે છે. બીજી બાજુ થયેલી આવકને નજરમાં રાખીને જ ખર્ચ નક્કી કરવાનો હોવાથી ખર્ચ ઉપર નિયંત્રણ રહે છે.

ખર્ચ માટે ઈચ્છાઓ એક્સ્લરેટરનું કામ કરે છે, જ્યારે આવક બ્રેકનું કામ કરે છે.

સ્પીડલિમિટ કરતાં વધુ વેગ પકડતી ગાડી અકસ્માત સર્જી શકે છે. કેપેસિટિ કરતા વધુ વજન ઊંચકતી લિફ્ટ હોનારત ઊભી કરે છે. ક્ષમતાથી અધિક વજન ઊંચકતી ક્રેનની સાંકળ તૂટી પડે છે. તેમ, ગજા બહારનો ખર્ચ ,ચિંતા, નાદારી, અપ્રતિષ્ઠા, અપયશ જેવી અનેક ઉપાધિઓ નોંતરે છે. આવકનું રેગ્યુલેટર ખર્ચનું ગતિનિયંત્રણ કરે છે. અંગ્રેજીમાં એક સરસ વાક્ય છે : "Be contented :Needs can be met, wants never."જરૂરિયાતો ભિખારીની પણ પૂરી થઈ શકે છે. ઈચ્છાઓ તો ચક્રવર્તીની પણ પૂરી થતી નથી.

સ્વતંત્ર રીતે ખર્ચ નક્કી કરતું મન, ઊંચા આંકડા સર કરી લેતું હોય છે. પણ શાસ્ત્રકારો આવકની સાંકળે ખર્ચને બાંધી દેવાની રૂડી સલાહ અર્પે છે. છૂટ્ટું કૂતરું ગમે તેટલું ફરી શકે પણ સાંકળે બંધાઈ ગયા પછી કૂતરાનું પરિભ્રમણક્ષેત્ર સાંકળની પેરિફરી જેટલું જ રહેવાનું.

ઓછી આવક પહેલેથી જ એક પ્રકારના આત્મસંયમને ઘડી આપે છે. બહેકતી મનોવૃત્તિઓનો સંક્ષેપ થતો જાય છે. જીવનમાં સાદગીનો વૈભવ અનાયાસ પ્રાપ્ત થાય છે, સુખશીલતા દૂર થાય છે, શરીર ખડતલ અને પરિશ્રમી બને છે.

ખર્ચ પ્રમાણે આવક ઊભી કરવામાં અજંપો ને અસલામતી છે. આવક મુજબ ખર્ચને ફ્લેક્સિબલ રાખવામાં શાંતિને સલામતી છે. પછેડી હોય તેટલી સોડ તાણવાની ઉક્તિમાં શાંતિમય જીવનની આદર્શ ફોર્મ્યુલા છુપાયેલી છે.

> પેટ સમાના અન્ન લે, તન સમાના ચીર
> જિનકો કછુઅ ન ચાહિએ, ઉનકા નામ ફકીર

## ● સાદગી : પરિકલ્પનાથી પ્રયોગ ભણી

એક લોકગીતમાં બીજના ચન્દ્રને પ્રાર્થના કરવામાં આવી છે.

" દેને મને બીજ માવડી, !

ખીલે ગાવડી, ચૂલે તાવડી,

એટલું દેને મને બીજ માવડી !"

ખીલે ગાય અને ચૂલા પર તાવડી એ બે જ વસ્તુઓ માંગીને તૃષ્ણાને સંકેલી લેતા ગ્રામવાસીના સંતુષ્ટ જીવનની કલ્પના, અદ્યતન સામગ્રીઓના ખડકલા પર બેસીને અતૃપ્તિની આગમાં શેકાતા અને નવા મિલેનિયમમાં પ્રવેશ કરવાની તૈયારી કરી રહેલા માનવની કલ્પનાશક્તિની પહોંચની બહારની બાબત છે. પોતાની જરૂરિયાતોને સીમિત રાખે, પણ પાયાની જરૂરિયાતો તો પૂરી થવી જોઈએ ને ? આ પ્રશ્ન આજના માનવીના મનમાં ઉદ્ભવે તે સહજ છે.

ગરીબના જીવન ઉપર નિબંધ લખતી વેળાએ એક ગર્ભશ્રીમંત બાળકે લખેલું : 'ગરીબ જ્યારે પોતે જ ગરીબ હોય પછી તેનો નોકર તો કેવો હશે ? તેની ગાડીના ડ્રાઈવરની શી દશા હશે ? તેના ગાર્ડનમાં માંડ બે-ચાર છોડ હશે અને તેના રસોઈયાને પૂરો પગાર માંડ મળતો હશે.' ગરીબના જીવનનું શ્રીમંત આલેખન કરતો આખો ફકરો હાસ્ય ઉપજાવે. પણ આ વાસ્તવિકતા છે એવા ગર્ભશ્રીમંતોની, જેણે ગરીબી જોઈ-જાણી ન હોય. ગુજરાતીમાં કહેવાય છે : 'સાકરના સ્વાદની ખિસકોલીને ખબર ન પડે.' તેમ સામગ્રીના ઢગ ઉપર ચડીને ઊભેલા માનવીને આ ગ્રામીણની પ્રાર્થનામાં કશું સમજાય નહીં તેવું બની શકે.

અહીં જીવન છે, તેથી જરૂરિયાતો રહેવાની જ. જીવનની મૌલિક જરૂરિયાતો છે - રોટી, કપડાં અને મકાનની. પેટ પૂરતો રોટલો જોઈએ, આશ્રય માટે ઓટલો જોઈએ ને અંગ ઢાંકવા કપડું જોઈએ. પણ આજે આ ત્રણે મૂળભૂત અનિવાર્યતાઓનું વિકરાળ

વિસ્તૃતીકરણ અને ભારે સૂક્ષ્મીકરણ થયું છે.

માત્ર રોટલી, દાળ, ભાત ને શાકની થાળી હવે રોજીંદી ઘટના મટીને ચેઈન્જ ખાતરની ક્યારેકની ઘટના બની ગઈ છે. નાસ્તામાં ખાખરો અને દૂધ કે જમણમાં માત્ર રોટલો ને છાશ કે દાળભાતથી ચલાવી લેતો માનવી આજે બ્રેડ, પાઉં, જાતજાતનાં બિસ્કિટ્સ, ચિપ્સ, ચેવડા, કેલોગ્સના કોર્નફ્લેક્સ, જાતજાતનાં જંકફૂડ, ઢગલાબંધ આઈસ્ક્રીમો, પાર વગરના જ્યુસ અને ઠંડાપીણાંઓમાં અટવાયો છે.

બધા જ ખોરાક મળી શકે એવું એક સ્થળ આજે મળી શકે નહીં. પ્રસંગે ક્યારેક ફરસાણ રૂપે બનતાં ઢોકળાં કે કચોરીના પણ આજે ડઝનબંધ પ્રકારો તૈયાર થયા છે. જ્યુસ સેન્ટરો જુદાં ને આઈસ્ક્રીમ પાર્લરો જુદાં. ગુજરાતીઓને પંજાબી ડિશ જોઈએ છે, પંજાબીને ચાઈનીઝ અને ચાઈનીઝને વળી ગુજરાતી. **પહેલા કરતાં જીભની લંબાઈ જરાય વધી નથી પણ સ્વાદ ઘણું માઈલેજ કવર કરી ગયો છે.**

પૂર્વના માનવીની વાનગીઓની વાર્ષિક સંખ્યા હવે દૈનિક બની ગઈ છે. પહેલાનો માણસ રોજ જેટલી વાનગીઓ આરોગતો, એટલા પ્રકારના તો આજે તંબોલ ને અથાણાં ઓછાં પડે છે. બત્રીશ પક્વાન્નની વાતો પૂર્વે ય હતી પણ તે ક્યારેક્ની ઘટના હતી અને રોજની ઘટના રૂપે આવો વૈભવ કોઈ ઉદાર શ્રીમંતોને ત્યાં જ હતો. આજે મુસીબત એ છે કે આ વૈવિધ્ય જનસામાન્યના ચસ્કા વધારે છે. માણસ પ્રકૃતિને જોઈને આહાર કરવાને બદલે પ્લેટ જોઈને આહાર કરતો થયો છે. પરિણામે પ્રકૃતિ અને પૈસો બે ય બગડે છે અને ત્યાગનો અભ્યાસ નહીં કેળવેલા માનવીને છેવટે ડોક્ટરની કડક સૂચના મુજબ ફરજિયાત ત્યાગ પર ઊતરવું પડે છે. જાતજાતની વેરાયટીઝ જોઈને માણસ ભૂલી જાય છે, કે ભોજન જરૂરી છે, સ્વાદ નહીં.

ભૂખ ભાંગવા ભોજન જોઈએ તેમ, અંગ ઢાંકવા કપડું જોઈએ તેમાં બેમત નથી. પણ કપડાંની જરૂરિયાતો શરીર કરતાં સેંકડો ગણી વિસ્તરી છે. ઉનાળામાં ઝભ્ભા અને બાંડિયા. શિયાળામાં સ્વેટર, શાલ, મફલર, મોજાં અને કાનટોપી. ચોમાસામાં છત્રી, રેઈનકોટ અને જાકીટ.

સ્કૂલના ડ્રેસ જુદા, સ્પોર્ટ્સના ડ્રેસ જુદા ને ચાલુ વપરાશના જુદા.

લગ્નમાં પહેરવાનાં જુદા, ફરવા જવાના જુદા ને સાદડીના જુદા.

બાથમાં જવું હોય તો જુદા, ને જોગિંગ કરવા જવું હોય તો જુદા.

દિવસનાં કપડાં જુદાં ને નાઈટડ્રેસ જુદા.

ધોતિયાવાળા પણ પ્રસંગે પહેરવાના સફારીને સૂટ જુદાં રાખે છે.

પેન્ટશર્ટવાળા પણ પ્રસંગે પહેરવાનાં ધોતિયાં ને ઝબ્ભા જુદાં રાખે છે.

પાથરવાનાં પાથરણાં, ઓઢવાનાં ઓઢણાં, બેસવાનાં આસનિયાં, નેપકિન્સ, હાથરૂમાલથી લઈને બાળકોનાં બાળોતિયાં ને ડાઈપર સુધી માણસે કાપડના તાકાને વિસ્તાર્યો છે.

ખુલ્લા પગે ચાલવાની શ્રમણવૃત્તિના અઢળક લાભોની વાતને હમણાં યાદ ન કરીયે અને પગરખાંને વપરાશની એક ચીજ ગણી લઈએ તો પણ તેની કેટલી જોડ જોઈએ ? બૂટ જુદા, ચપ્પલ જુદા, સ્લિપર જુદા. બૂટમાં પણ ઓફિસના જુદા, સ્પોર્ટ્સના જુદા ને પાર્ટીના જુદા, વરસાદના જુદા. ઘરમાં પહેરવાની સ્લિપર જુદી ને જાજરુ જવાની સ્લિપર જુદી.

ચંપલ કે સેન્ડલની કેટલી જોડ જોઈએ ? કપડાં સાથેનું મેચિંગ સાધવા માટે પગરખાંની અડધો ડઝન જોડી રાખનારાને સમજાવવું પડે કે પગરખાંની સંખ્યા કપડાંની જોડ પ્રમાણે નહીં, પગની જોડ પ્રમાણે રાખવાની હોય છે.

ચાર લોટા પાણી, થોડી માટી કે ચણાના લોટથી થતાં સ્નાનનું હવે 'નાહી નાંખવાનું'.

સાબુઓનો પણ આજે મેળો જામ્યો છે. નહાવાનો સાબુ જુદો, માથું ધોવાનો જુદો, ચામડીના મેલ કે રોગ માટેનો જુદો, કપડાં ધોવાનો જુદો, વાસણ માંજવાનો જુદો ને ઘર સાફ કરવાનો જુદો. સૂકી ચામડીવાળા માટેના ક્રીમી સાબુ, શિયાળા માટે ઓઈલી સાબુ ને રૂંવાટી કાઢવા માટે 'બાદશાહી'. બેબી સોપ જુદા, લેડીઝ સોપ જુદા, જેન્ટ્સ સોપ જુદા અને કૂતરાના ડોગ સોપ વળી તદ્દન જુદા. સોલિડ સાબુ જુદા ને લિક્વિડ સાબુ જુદા. લક્સ, લિરિલ, મોતી, હમામ, પીયર્સ, જય, રેક્સોના, લાઈફબોય, નિકો, સિન્થોલ, ગ્લોરી, પામોલિવ,... અધધધ !!! આ બધાનાં ફીણમાં માણસ ગુંગળાય છે. માણસ ભૂલી જાય છે કે પોતાની કાયાના વજન જેટલો સાબુ વાપર્યા પછી ય ચામડીનો મૂળભૂત

કલર બદલાતો નથી.

ઘરના આંગણામાં પડેલી રાખથી વાંસણ માંજવાની પ્રક્રિયા હવે વિમ ને ઓડોપિક સિવાય થતી નથી. કપડાં ધોવા માટેની પસંદગી ઉતારવા માટે પણ સનલાઈટ, સર્ફ, અલ્ટ્રા, નિરમા, રિન, ઉજાલા એન્ડ કંપની !

દાંત ફરતી આંગળી કે દાતણ ફેરવીને જિંદગીના છેવાડા સુધી પોતાની બત્રીસી સલામત રાખી શકનારા વાલજીકાકાનો દીકરો કોલગેટ, ક્લોઝઅપ, પેપ્સોડન્ટ, સિબાકા ને બિનાકાના સ્વાદિષ્ટ રગડાઓ વચ્ચે અડધો ડઝન જાતનાં ટુથ બ્રશ ઘસવા છતાં આજે ચોકઠું ચડાવીને બેઠો હશે.

માથાની માથાઝીંક પણ કાંઈ ઓછી નથી. શેમ્પુઓની પણ એક આખી અલગ પંગત છે. માથાના તેલની ય કેટલી વેરાયટીઝ ! ઠંડક કરવા માટેનું જુદું, ટાલવાળાને વધુ વાળ ઉગાડવા માટેનું જુદું, ખરતા વાળ અટકાવવા માટેનું જુદું, નાંખવા છતાં વાળ કોરા લાગે તેવું તેલ જુદું, નાના માટે બેબી ઓઈલ અને મોટા માટે એથી જુદું, ચહેરા પરની કરચલી દૂર કરવાનું વળી એથી ય જુદું. ધોળાવાળને ઉપદેશદૂત માનીને સંન્યાસ લેવા નીકળી પડનારા હવે ન મળે. આજે તો બધા હેરડાયર કને દોડે છે. પગ અને માથા માટે આટલું બધું હોય તો મોઢું તો શરીરની શોભા છે શિયાળામાં કોલ્ડક્રીમ, ઉનાળામાં વેનિશિંગ ક્રીમ, ખીલ માટે ક્લીઅરસિલ, હોઠ ફાટે નહીં માટે લિપગાર્ડ ને ગાલ ફાટે નહીં માટે બોરોલિન ને વેસલિન.

દાઢી કરવા માટેનાં ક્રીમ, લોશન, બ્લેડ, રેઝર ને બ્રશ ઉપરાંત કેટલાંય સૌંદર્ય પ્રસાધનો. વર્તમાન સદીના છેલ્લા દાયકાએ આખી સદીને 'ધી સેંચૂરી ઓફ કોમોડિટીઝ' બનાવી દીધી છે. ઉપલબ્ધ તમામ ભૌતિક વસ્તુઓ (હેરપિન થી લઈને મકાન સુધીની)નું લિસ્ટ કરાય તો 'કોમોડિટી કેટલોગ્સ'ના એકથી વધુ ભાગ પ્રકાશિત કરવાં પડે.

બ્રિટનના જ્યોર્જ બર્નાડ શૉ એક હાસ્ય કલાકાર તો હતા, ફિલોસોફર પણ હતા. કેટલાક શ્રીમંતો સાથે એકવાર ત્યાંના એક વિશાળ ડિપાર્ટમેન્ટલ સ્ટોરમાં તેમને જવાનું થયું. કલાકો તો માત્ર જોતા થાય તેવો વસ્તુમેળો ત્યાં જામ્યો હતો. બધું જોઈને સ્ટોરમાંથી બહાર નીકળ્યા ત્યારે તેમના મોઢા પર ભારે આશ્ચર્ય હતું. 'શું વિચારો છો મિસ્ટર શૉ?'કો'કે

પૂછ્યું. ત્યારે માર્મિક જવાબ આપતાં તેમણે કહ્યું : 'હું ક્યારનો એ વિચારું છું કે મને આટલી બધી ચીજવસ્તુઓ વગર ચાલી શકે છે ?' આજે આવો પ્રતિભાવ કેટલા આપી શકે ?

જરૂરિયાતના જાળાના આ વિસ્તૃતીકરણ અને બ્રાન્ડલક્ષી સૂક્ષ્મીકરણે માનવને કદાચ વણમાગી સવલતો આપી દીધી હશે પણ જેટલી સવલતોં અને સગવડો વધારે અપનાવાય તેટલો માનવી નિઃસત્ત્વ બને છે. સત્ત્વ ઘટતાં સહિષ્ણુતા ઘટે છે, જે સંક્લેશ વધારીને માનવીને હેરાન કરી મૂકે છે.

માર્ક ટ્વેઈને ક્યાંક સિવિલાઈઝેશનની વ્યાખ્યા કરી છે. Civilization means, unlimited multiplication of unnecessary necessities. બિન જરૂરી જરૂરિયાતોનો અગણિત ગુણાકાર તે આજની સભ્યતા. વર્તમાન વિશ્વને નજર સામે રાખીને કરાયેલી આ વ્યાખ્યા છે.

ભૂતકાળમાં સૈકાઓ સુધી જેના વિના માણસને ચાલતું હતું તેવી અગણિત ચીજો આજે જરૂરી બની ગઈ છે. પૂર્વે વગર વસ્તુએ ઘણાં કાર્યો થતાં હતાં જે આજે વસ્તુ વગર શક્ય નથી. જૈનોના આગમશાસ્ત્રોમાં બતાવ્યું છે કે પૂર્વે મુનિઓ સમયની ભાળ મેળવવા પોતાના પડછાયાનો સહારો લેતા. પડછાયાની લંબાઈ પરથી નિયત સમયની ભાળ મેળવતા અને રાતે તારાઓની સ્થિતિ જોઈને સમયનો અંદાજ કાઢતા.

અંધારી રાત્રે પણ આકાશમાં રહેલા તારાઓની સ્થિતિના આધારે સમય ઓળખવાની, કૂકડાનું નિયત સમયે થતું કૂકરેકૂક સાંભળીને સવાર પડી ગયાની અને દિવસે સૂર્યના તડકામાં પડતી છાયાના માપ ઉપરથી સમય પરખવાની વર્ષો જૂની કળાઓનું નિકંદન એ દિવસે નીકળ્યું જ્યારે આ પૃથ્વી પર ઘડિયાળની શોધ થઈ. પહેલા વોલક્લોક, પછી ટાવર ક્લોક, પછી આગળ જતા રિસ્ટવોચ. આજે માનવીને ઘડિયાળ વગર એક દિવસ ચાલતું નથી.કેલ્ક્યુલેટર આવવાથી માણસની ગણિત વિદ્યા યંત્રાધીન બની. આજે દુકાનમાં વેપારીને અને પરીક્ષાખંડમાં વિદ્યાર્થીને કેલ્ક્યુલેટર વગર ચાલતું નથી. એક વાર મોબાઇલની ટેવ પડ્યા પછી માણસને મોબાઈલ વગર ગોઠતું નથી. વોશિંગ મશીન બગડી જતાં આજે મહિલાનો મૂડ બગડી જાય છે, લાઈટનો ફ્યુઝ જતાં માણસનો ફ્યુઝ ઊડી જાય છે, રવિવારે ટી.વી. બંધ થઈ જાય તો સમય પસાર થતો નથી, નળમાં પાણી

ન આવે તો આંખમાં પાણી આવી જાય છે અને ગેસનું સિલિન્ડર ખાલી થઈ જતાં શરીરમાંથી જાણે બધી હવા નીકળી જાય છે.

ઘણા બિનજરૂરી સાધનો ઊભાં થયાં છે. તેના ભરચક વિજ્ઞાપનો થાય છે. એવું ઠસાવવામાં આવે છે કે તે ચીજ વગર માણસ અધૂરાશ અનુભવે છે. માણસ આ છટકામાં ફસાય છે. તે નવું સાધન ખરીદે છે. થોડી સવલત પામે છે ને બદલામાં સ્વાવલંબન અને સાદાઈ ગુમાવે છે. વખત જતા તે ચીજ વગર પછી તેને ક્યારે ય ફાવતું નથી.

જેટલી સવલતો વધે તેટલું સત્ત્વ ઘટે.

જેટલું સત્ત્વ ઘટે તેટલી સહિષ્ણુતા ઘટે.

જેટલી સહિષ્ણુતા ઘટે તેટલો સંક્લેશ વધે.

જેટલો સંક્લેશ વધે તેટલો સંસાર વધે.

ઓછી ચીજોથી ચલાવતાં શીખવતો એક અદ્‌ભુત પ્રયોગ જૈન દર્શને બતાવ્યો છે. શ્રાવકજીવનનાં બાર વ્રતોમાંના સાતમા વ્રતમાં 'વપરાશ નિયમન' માટેની અદ્‌ભુત વાત જણાવી છે. આ નિયમની ખરી વિશેષતા એ છે કે આ નિયમન દૈનિક વપરાશની ચીજ અંગેનું છે. જેમ કે, ખોરાકના પદાર્થો, મુખવાસ, પગરખાંની જોડ, વસ્ત્ર, આસન–શયન, વિલેપન (સાબુ, બામ, ક્રીમ વગેરે), વાહનો, પેન–પેન્સિલ, સ્નાન વગેરે. આ બધાંની સંખ્યા અથવા પ્રમાણ રોજ ધારી લેવાનું હોય છે. દૈનિક વપરાશની ચીજોનું રોજ નિયમન કરવાથી નિયંત્રણનું સાતત્ય ઊભું થાય છે, જે નિયંત્રણને સહજ અને સ્વભાવગત બનાવે છે. તેનાથી નિયંત્રણના સંસ્કાર ઊભા થાય છે.

આવા વપરાશનિયમનથી સાદગી ઉપરાંત માનસિક સ્વસ્થતા પણ જળવાઈ રહે છે. ભોગ અને ઉપભોગનું નિયંત્રણ કરવાથી ઢગલાબંધ સામગ્રીઓની અપેક્ષાઓ જ ઘટી જવાનો મોટો લાભ થાય છે. દુઃખનું મૂળ કારણ અપેક્ષા છે. જે વસ્તુઓની અપેક્ષા રહે અને તેની પ્રાપ્તિ ન થાય, તો અસ્વસ્થતાનો પૂરો સંભવ છે. આવા નિયંત્રણથી પોતાના વપરાશની સામગ્રીઓની સરહદો નક્કી થઈ જાય છે. તે સરહદ બહારની બધી સામગ્રીઓની હવે તેને અપેક્ષા જ રહેતી નથી. નિરપેક્ષતા એ પણ એક મોટી આધ્યાત્મિક સિદ્ધિ છે. માણસ જેટલી વસ્તુઓ અંગે અપેક્ષા રહિત બને તેટલા અંશે અસ્વસ્થતાની

શક્યતાઓનો તે છેદ ઉડાડે છે.

દૈનિક જીવનમાં વસ્તુ વપરાશ અંગેના નિયંત્રણની આ એક આદર્શ પ્રણાલી છે. જે સહુએ અમલી બનાવવા જેવી છે. અઢળક પાપોની અટકાયત ઉપરાંત સાદગી, સંતોષ, અને સ્વસ્થતાને અંકે કરી અપાતો અને દૈનિક જીવનમાં સાદગી તરફ લઈ જતો આ એક અદ્‌ભુત સાયકોલોજિકલ પ્રયોગ છે. માણસને ઘણી વસ્તુઓ વગર ચલાવતાં આવડી જાય છે.

વિમાનમાં મુસાફરી કરનારા એરપોર્ટ પર ઠેર ઠેર વાંચતા હશે– "Travel Light" બસ કે ટ્રેઈનની મુસાફરીમાં ગમે તેટલો સામાન સાથે રાખ્યો હોય તે હજી ચાલે પણ આસમાની સફર કરનાર જરૂર પૂરતું જ લઈને જાય છે. આ વાતને આધ્યત્મિક પરિપ્રેક્ષમાં સમજી લેવી જોઈએ. ઊંચા જીવન માટે સાધનો ઓછાં હોવાં જરૂરી છે. Simple Living and High Thinking– સાદું જીવન અને ઊંચું ચિંતન. વાસ્તવમાં આ પંક્તિનો અર્થ સાદું જીવન = ઊંચું ચિંતન (જીવન) કરીએ તો મર્મ પકડ્યો કહેવાશે. માટે તો ઈમર્સને સાદગી અને મહાનતા વચ્ચે અભેદ બતાડતું વાક્ય કહ્યું છે : To be simple, Is to be great શ્રીમંત થવું હજી સહેલું છે, સાદગી અપનાવવી ઘણી અઘરી છે.

It is simple to become rich, but it is difficult to become simple.અને અઘરું કામ કરી દેખાડે તે જ તો મહાન છે.

વપરાશનિયમનના અભ્યાસની ખરી ફળશ્રુતિ હાથ લાગે છે

"સાદા બનીને મહાન બનો"

માણસને સાદગીને બદલે સમૃદ્ધિનો ચસ્કો વધુ હોય છે. પણ તે જાણતો નથી કે સાદગી જેવી કોઈ સમૃદ્ધિ નથી. હૃદયની દીવાલ પર કાયમ માટે કોતરી રાખવા જેવું એક સોનેરી વાક્ય છે.

That man is the richest, whose pleasures are cheapest. જેની જરૂરિયાતો અને સાધન સામગ્રીઓ સૌથી સાદી–સસ્તી હોય, તે સૌથી મોટો શ્રીમંત છે.

હવે સાદગી અને સમૃદ્ધિ વચ્ચે પણ અભેદ સાધી શકાય છે. એટલે આખો ફલિતાર્થ આ પ્રમાણે થશે.

સાદા બનો = સમૃદ્ધ બનો = મહાન બનો.

## ● સાદગી : આજનો યુગધર્મ

સિદ્ધ ભગવંતો સંપૂર્ણ સુખના ભોક્તા છે અને સિદ્ધ ભગવંતોને એક પણ ઈચ્છા ક્યારેય ઉદ્ભવતી નથી. આ બન્ને હકીકતોને કાર્ય કારણભાવ નામનો સંબંધ છે. ઈચ્છા અને સુખ/દુઃખ વચ્ચે સીધો સંબંધ છે.

ઈચ્છા વધુ ત્યાં દુઃખ વધુ.

ઈચ્છા ઓછી ત્યાં દુઃખ ઓછું.

સર્વથા ઈચ્છા વિચ્છેદ, ત્યાં સર્વથા દુઃખનાશ.

યંત્રવાદ, વિજ્ઞાપનો, ફેશનપરસ્તતા, હપ્તા પદ્ધતિ, ક્રેડિટ કાર્ડ, લકી ડ્રો, ગિફ્ટ યોજના, સેલ, ડિસ્કાઉન્ટ વગેરે અનેકવિધ પરિબળો 'ઈચ્છા' નામના અજગરની પૂંછડીએ ચૂંટલીઓ ભરી ભરીને તેને છંછેડે છે. છંછેડાયેલો અજગર બેઠો થાય છે, ફણા ઊંચકે છે અને પછી ગમે તે ભોગે વસ્તુ પ્રાપ્ત કરવાના તીવ્ર તલસાટનો ડંખ ભરે છે. આ ડંખનું કાતિલ વિષ એટલે ભપકાદાર જીવનશૈલી. અને, આવી જીવનશૈલીનું જોડિયું બાળક એટલે સંક્લેશ અને અસમાધિ....

નાનપણમાં ઘણાએ દાદાજી પાસેથી પેલી વાર્તા સાંભળી હશે : 'મા મને છમ્ !'દીકરો બાજુના ઘરે ગયેલો. ત્યાં ગરમાગરમ ભજિયાં ઊતરતાં હતાં. બહેન ભજિયું તળવા કડાયાના તેલમાં નાંખે કે તરત 'છમ્' કરતો અવાજ આવતો. થોડીવારમાં ગરમાગરમ ભજિયાનો આખો ઘાણ ઊતરતો. આ જોઈને દીકરો દોડ્યો પોતાને ઘરે. માને પકડીને

કહે છે : 'મા! મને છમ્ !' દીકરો વડા માંગે છે. ઘરની આર્થિક સ્થિતિ અતિ નાજુક હતી. દીકરાને સમજાવીને મા તેને બીજે કામે વાળે છે. પણ ફરી ફરીને તે મા પાસે માંગે છે : 'મા, મને છમ્ ! મા, મને છમ્ !...... મા છમ્ ક્યાંથી લાવે ? વ્હાલસોયાની ઈચ્છા પૂરી ન કરી શકવાની લાચારી માતાની આંખના ખૂણા ભીના કરી દે છે. સાડલાના છેડાથી આંખો લૂછી લઈને મા કહે છે : 'બેટા ! કાલે તમે 'છમ્' આપીશ, હોં ! દીકરો માને છે, કાલે 'છમ્'મળશે. મા સમજે છે કે 'છમ્' મળી શકવાનું જ નથી.

આજના બેસુમાર વિજ્ઞાપનોએ ઘરમાં–ઘરમાં, ખાસ કરીને માંડ માંડ ગુજરાન ચલાવનારા કુટુંબોની સ્થિતિ બગાડી નાંખી છે. ટી.વી. પરની વિજ્ઞાપન જોઈને કોઈ સજ્જનનો દીકરો અવારનવાર જીદ્દે ચડે છે : 'પપ્પા, મને પેપ્સી !' રૂપિયા ત્રણ હજારનો પગાર મેળવતા પપ્પાને રોજ પેપ્સીનો બાટલો ક્યાંથી પરવડે ? પપ્પા સમજાવીને દીકરાની ઈચ્છાને અન્યત્ર વળાંક આપે છે. પણ બાળકની ઈચ્છા નેતરની સોટી જેવી સ્થિતિસ્થાપક હોય છે. ફરીથી તે ત્યાં જ આવીને ઊભી રહે છે : 'પપ્પા ! મને પેપ્સી ! 'પ્લીઝ, અપાવોને પપ્પા !'

'છમ્' માગતા દીકરાની મા ઉપર જે વીત્યું હશે તેવું જ કંઈક પેપ્સી માગતા દીકરાના પપ્પા પર વીતતું હશે. અને પછી પપ્પા પેપ્સીને બદલે લીંબુનું પાણી પીવડાવીને જેમ તેમ દીકરાને સમજાવી દેતા હશે.

**આજના કાળની મોટી સમસ્યા એ છે કે ટી.વી. પર જેની જાહેરાત બતાડાય છે તે ચીજ બધાને પરવડતી નથી, પણ ટી.વી. બધાને ત્યાં પહોંચી ગયું છે.** પછી સ્થિતિ એવી સર્જાય છે કે નાનાં બાળકો ઘરની પરિસ્થિતિ સમજી શકતાં નથી અને વાલીઓ દીકરાની માંગણીઓ પૂરી કરી શકતા નથી. ઘરમાં વસાવેલું ટી.વી. સંસ્કાર બગાડનારું છે એવું સમજનારા હજી મળશે પણ ઘરમાં વસાવેલું ટી.વી. સંક્લેશ વધારનારું છે એવું કેટલા સમજતા હશે ?

ભપકાદાર જીવનશૈલીએ ઘર–ઘરના ડ્રોઈંગરૂમને કુરુક્ષેત્ર બનાવી દીધું છે. સંઘર્ષ અને વિગ્રહોથી આજનાં ગૃહસ્થ–જીવન અતિશય સંક્લિષ્ટ બન્યાં છે તેનો મુખ્ય અપયશ મોંઘીદાટ જીવનશૈલીના ફાળે જાય છે. રોજ ટી.વી. પર જોવા મળતી જે ચીજની આકર્ષક

જાહેરાતે મનમાં કામણ કરી દીધાં હોય, એ જ ચીજ બાજુવાળાના ઘરમાં આવી ગઈ હોય, ફોન પર બે સખીઓએ પણ તે જ ચીજની ખૂબ સિફારિશ કરી હોય, પછી તે ચીજ પ્રાપ્ત કરવાના ઘરની મહિલાને કોડ થાય છે. તે ચીજની કિંમતના વ્યાપને પોતાના પતિના ખિસ્સાના ક્ષેત્રફળ સાથે તાલમેલ બેસે છે કે નહિ તેનો વિચાર કર્યા વિના સ્ત્રી જીદ્દે ચડે છે. જીદ્દે ચડવા માત્રથી તે અટકતી નથી, જીદ્દ પૂરી ન થાય તો તે જંગે ચડે છે અને, તેનાથી આગળ વધીને ક્યારેક કોર્ટે ચડે છે. પોતાની ઈચ્છા પૂરી ન થવાથી ઊભો થયેલો અસંતોષ પતિ તરફના અસંતોષમાં પરિણમે છે. અને ક્યારેક છૂટાછેડા કે આત્મહત્યા આ સંક્લેશયાત્રાની આખરી મંઝિલ બને છે. ક્યારેક આથી વિપરીત બને છે. ઘરખર્ચ માંડ નીકળતો હોય છતાં પતિ પોતાના ફજુલ ખર્ચાઓ, વ્યસનો ઘટાડે નહીં માટે ગૃહિણીનું અંતર રિબાય છે.

આજનો મધ્યમવર્ગીય ગૃહસ્થ મંદી અને મોંઘવારી વચ્ચે સેન્ડવિચ થઈ રહ્યો છે. બજારમાં ધંધો કરવા જાય તો મંદી નડે છે, બજારમાં કંઈક ખરીદી કરવા જાય તો મોંઘવારી નડે છે. મોંઘવારીનો ઈન્ડેક્સ દિવસે–દિવસે, કલાકે–કલાકે અને મિનિટે–મિનિટે વધતો રહે છે. આવક ઘટતી ચાલી પણ જીવનધોરણ જરાય નીચું ન ઊતર્યું, બલ્કે વિજ્ઞાપનોના વિષ–ડંખથી તે વધુને વધુ ઊંચું જવા લાગ્યું. સમસ્યાઓની આગની સંક્લેશ–જ્વાળાઓ વચ્ચે આજનો માનવ શેકાઈ રહ્યો છે.

બાળકોના શિક્ષણની સમસ્યા અતિ વિકટ બની છે. ડોનેશન વગર એડ્મિશન નથી મળતું અને ટ્યુશન વગર એજ્યુકેશન નથી મળતું. બાળકોના શિક્ષણ પાછળ મા–બાપને પોતાની સંપત્તિ, સમય અને શાંતિનો એટલો બધો ભોગ આપવો પડે છે કે જેનું રિટર્ન તેમને લગભગ ક્યારેય મળવાનું નથી.

શિક્ષણ જેટલો જ વિકટ પ્રશ્ન આરોગ્યનો છે. પ્રદૂષિત આહાર, પાણી અને હવા, ટેન્શનથી ભરપૂર જીવન, ભેળસેળિયા પદાર્થો વગેરે કારણથી રોજ શરીરમાં અનેક રોગોનાં શિલારોપણ ચાલુ હોય છે. તેની સામે ચિકિત્સાપદ્ધતિ એટલી મોંઘીદાટ છે કે કુટુંબનો એક સભ્ય માંદો પડે ત્યારે તે માંદા સભ્ય કરતાં ઘરનો વડીલ વધુ દયાપાત્ર બને છે. જીવન દોહ્યલું, માંદગી મોંઘી ને મરણ સસ્તું, તે આજની ઓળખાણ છે. વધેલી જરૂરિયાતો

વચ્ચે આવક ઘટતી જાય અને મોંઘવારી વધતી જાય છે તેવા સમયે લાગે કે બે બાજુની સળગતી મીણબતીનું નામ 'માનવ' છે.

આજ કરતાં પણ આવતી કાલ વધુ ભયંકર જણાય છે. જે મંદ જરૂરિયાત નહીં રાખે તે જરૂરિયાતમંદ બનવાનો. મોંઘવારી રોજ નવા વિક્રમો સર્જે છે અને પોતે જ પોતાના વિક્રમો તોડે છે. આવા સમયે માણસ જરૂરિયાતો ઘટાડવાને બદલે જરૂરિયાતો સંતોષવા વ્યાજે પૈસા લઈ આવે છે. સગવડ કદાચ મળી જાય પણ પછી ધીમા ઝેર જેવા વ્યાજ અને દેવાના ટેન્શનનો તે ભોગ બને છે. ઉઘરાણીઓથી કંટાળીને છેવટે કો'કને ચૂકવી દે છે. વખત જતાં, ઘરનો દરવાજો ખોલતા પણ તે અચકાય છે, આવેલા ફોન ઉપાડતાં ય ગભરાય છે, ઘરની બહાર નીકળતા ય શરમાય છે. ઘરે હોવા છતાં વારંવાર તેણે 'બહાર ગયા છે' નો દાવ ખેલવો પડે છે. ઓછા કે વધતા અંશે પૈસાવિષયક ચિંતાઓથી કોણ નથી ઘેરાયું ? કો'ક ને લેવાના છે, નીકળતા નથી. કો'કને દેવાના છે, અપાતા નથી. કો'કને જોઈએ છે, મળતા નથી. આ ભયંકર જીવનસંઘર્ષો વચ્ચે પેલી નાજુક ચિત્તસમાધિનું શું ? સંક્લેશની આગમાં સમાધિ ખાખ થઈને હવામાં ઊડી જાય છે. નાની વાતમાં પણ ઘરનાને તે વારંવાર ઢીબેડે છે. માનસિક સમતુલા જળવાતી નથી. ડિપ્રેશન જેવા રોગોથી માંડીને આત્મહત્યાના પ્રમાણોમાં ગજબનો વધારો થતો જાય છે.

નિત્ય જિનપૂજા–સામાયિક–પ્રતિક્રમણની આરાધના કરનારને પણ અજંપાનો પાર નથી. મોંઘવારી, અસલામતી, બેરોજગારી અને માંદગીની ચંડાળ–ચોકડીએ ચિત્ત–સમાધિની ગળચી દબાવી દીધી છે. ચિત્ત અસ્વસ્થ હોવાથી આલોકમાં અસમાધિ છે, તો પરલોકનું શું ? પળે –પળ થતું દુર્ધ્યાન શું પરલોકમાં સદ્ગતિ અપાવશે ? ભવયાત્રાને ટૂંકાવશે કે વધારશે ? તો શું પ્રચંડ પુણ્યરાશિના વ્યય દ્વારા પ્રાપ્ત થયેલો માનવભવ એળે જશે ?

કોઈના રોટલા કે ઘરબારની ચિંતા અહીં કરવાનો ઉપક્રમ નથી. પરંતુ રાત–દિન કાળજાને કોરી ખાતી ચિંતાઓને કારણે વિશાળ ગૃહસ્થવર્ગ અજંપો, અશાંતિ અને અસમાધિનો ભોગ બન્યો છે. આ વિષમ પરિસ્થિતિમાં સાઈક્રિએટિસ્ટના ક્લિનિકો દર્દીઓથી ઊભરાય છે. ગુનાખોરી અને ગુંડાગીરી વધવાથી પોલીસ કસ્ટડીઓ અને

જેલખાનાંઓ ગુન્હેગારોથી ઊભરાય છે. સારો રહેવા ધારે તો પણ, સામા પૂરે તરવા જેવી પરિસ્થિતિઓથી તે ઘેરાયો છે. સાધર્મિક ભક્તિ, માનવતા કે અનુકંપા પાછળ લાખો રૂપિયા ખર્ચનારાઓને પોતાને આજે મદદનો હાથ લંબાવવો પડે તેવા સંયોગો સર્જાયા છે. તેજીના વખતે વસાવી લીધેલા મોટા ફલેટ્સને ગાડીઓનું મેઈન્ટેનન્સ પણ આજે ઘણાને ભારે પડે છે.

આજની વિષમ પરિસ્થિતિનું આ એક દર્દનાક અને વાસ્તવિક ચિત્ર છે. આ બધી સમસ્યાઓનાં મૂળિયાં મોંઘીદાટ જીવનશૈલીમાં પડેલાં છે. વિકટ પરિસ્થિતિ જવાબદાર છે, તેમ સાદગીના મહિમાનું વિસ્મરણ પણ આ સમસ્યાઓ અને સંક્લેશ માટે એટલું જ જવાબદાર છે. શહેરોમાં રહેનારા ઘણા આજે રોજનાં પાંચ–પાંચ છાપાંઓ ખરીદે છે, શું આ જરૂરી છે ? ટ્રાવેલિંગ એક્સ્પેન્સ વધે તો તેની અસર મુસાફરી પર નથી પડતી, મગજ પર પડે છે. બિનજરૂરી મુસાફરી ઘટાડવાને બદલે આવક વધારવા સંઘર્ષ કરે છે. ટેલિફોનના ચાર્જ વધે તો પણ તેનો એક ય ફોન ઘટતો નથી. શાકભાજીને દૂધના ભાવ વધતાં તે તેમાં હજી કાપ મૂકવા તૈયાર થઈ જશે કે તેના કાળજાના કટકા જેવા દીકરાના દૂધનો ગ્લાસ, વાટકીમાં ફેરવાશે પણ તેના ટી.વી.ને વિદ્યુતનો વપરાશ કે બીડી સિગારેટ, ગુટકાના ખર્ચ ભાગ્યે જ ઘટતા હશે.

આવા લોકોએ આવશ્યકતા અને સગવડ વચ્ચેની ભેદરેખા પરખવી જોઈએ. સગવડ **કરતાં સમાધિ મહાન છે કારણ કે સદ્‌ગતિ અને મોક્ષ સમાધિને વરેલાં છે, સગવડને નહીં.**

અનિવાર્ય આવશ્યકતાઓ મોંઘી બને ત્યારે સગવડો ઘટાડીને તે આવશ્યકતાઓને પહોંચી વળવાને બદલે તે સંક્લેશનો ભોગ બને છે. મોંઘવારીનો સમય પ્રતિકૂળ હોવા છતાં માનવી ધારે તો આ કપરા સમયનો લાભ ઊઠાવીને પોતે સંતોષી બની શકે. પોતાની ઉપભોગક્ષેત્રની મર્યાદા બાંધીને વ્યસનો, ફેશનો અને મોજશોખ બંધ કરીને પોતે સ્વસ્થ રહી શકે. સંતોષ અને સાદગીના પાઠ આત્મસાત્ કરવામાં મદદ કરે તેવા સમયે સંકલેશની વૃદ્ધિ થાય છે. સારા સારા ધર્મી આત્માઓ પણ આમાંથી બાકાત નથી. આજના કપરા કાળને "Blessing in Disguise" માની લઈને વિવેકી માણસ સંઘર્ષ અને સંક્લેશના સમયને જીવનના આંતરિક ઉત્કર્ષના સમયમાં ફેરવી શકે છે.

સાદગીના મહિમાની પુનઃપ્રતિષ્ઠા કરવાનો સમય પાકી ગયો છે. ઘર–ઘરમાં જીવતી દોઝખના દર્શન થાય છે ત્યાં શાંતિનું સ્વર્ગ ઊભું કરવું હોય તો સંતોષ અને સાદગીના શરણે ગયા વગર છૂટકો નથી. લક્ઝૂરીઅસ જીવનના પડદા નીચે ભયંકર ચિત્ત–આધિનો રાક્ષસ વસે છે. નાની પછેડીવાળા પણ વિલાસી જીવનના રવાડે ચડી મોટી સોડ તાણવા જતાં ભયંકર ઉલ્કાપાતો સર્જાયા છે.

ક્રાન્તિના નામે વીસમી સદીએ માનવીને વિલાસિતાના શિખર ઉપર લાવી મૂક્યો છે, જે શિખર પર અશાંતિનો જ્વાળામુખી ફાટેલો છે. શાંતિ અને સમાધિ માટે હવે એક પ્રચંડ પ્રતિક્રાન્તિની જરૂર છે. એક પ્રચંડ વૈચારિક ક્રાન્તિ દ્વારા વિલાસિતાની વિષમયતાથી વિરાટ જનસમૂહને વાકેફ કરવાની જરૂર છે. સાદગીના કલ્પવૃક્ષનું વિરાટ પાયા પર વૃક્ષારોપણ કરવાનો આ અવસર છે, જે કલ્પવૃક્ષની ડાળી પર શાંતિ અને સ્વસ્થતાનાં મધુર ફળો ઊગી નીકળશે.

સાદગીનું પ્રતીક સફેદ રંગ છે. સફેદ રંગમાં સાત રંગ છુપાયેલા હોય છે. એટલે સાદગીમાં ખરો વૈભવ છુપાયેલો છે. સાદગી માણસને સત્ત્વશીલ અને ખડતલ બનાવે છે. સાદો ખોરાક અને સાદાં વસ્ત્રો પહેરનાર રાજસ્થાની કોમ ખૂબ ખડતલ અને સાત્ત્વિક હોય છે.

સમાધિ અને સાધુને જન્ય–જનક જેવો સંબંધ છે, તેનું એક મહત્ત્વનું કારણ સાધુની સાદી જીવનશૈલી છે. ઓછામાં ઓછી જરૂરિયાતોથી ચલાવવાની વૃત્તિ સાધુતાની ઓળખાણ છે. 'સાધુ તો સુખિયા ભલા'એ ઉક્તિમાં નિરુપાધિકપણાનું સુખ અભિપ્રેત છે. બાહ્ય સામગ્રી અને અભ્યંતર કષાયો એ ઉપાધિ છે. જેટલી ઉપાધિ ઓછી તેટલો માણસ સુખી.**આપણી સમાધિનો આધાર આપણી પાસે કેટલું છે તેના પર નથી, પણ આપણે કેટલા વિના ચલાવી શકીએ છીએ, તેના પર છે.**

સાદગી એ આજનો યુગધર્મ ગણાવો જોઈએ. શ્રીમંતો જે કરે તે આદર્શમાં ખપતું હોય તેવા કાળમાં ખાસ કરીને શ્રીમંત શહેરીઓએ સાદગી અપનાવવી જોઈએ. **સાદગીનું ભોજન કરી, સંતોષનો ઓડકાર ખાઈને સામગ્રીઓના ભાણા પરથી ઝટ ઊભો થઈ જતો માનવ જ ખરો સમ્રાટ છે.** Our contentness is our having.

આજના શ્રીમંતને પૈસાના માલિક ન રહેતાં માત્ર પૈસાની સાચવણ કરતા વૉચમેનનું જ સ્ટેટસ ભોગવવું પડે તેવો વિષમ આ કાળ છે. દસ-દસ લાખની કિંમતના દાગીના જેમનાં લોકરમાં પડ્યા છે. તેમના અંગ ઉપર ચડવાનું સદ્ભાગ્ય તો માત્ર ઈમિટેશન જ્વેલરીને જ મળે છે. તે છતાં પગલે પગલે અસલામતી છે. દીકરીના લગ્નમાં દસ લાખનો વ્યય કરનારને ખંડણીના બે લાખની કોથળી તૈયાર રાખવી પડે છે. આ કોથળી આપવામાં આનાકાની કરનારને જાન આપવાની તૈયારી રાખવી પડે તેવો ભયાનક આ કાળ છે. આ ગુંડાગીરીના ભયથી સ્ટાર-હોટલોના વેડિંગ-હૉલ લગ્નની સિઝનમાં પણ ફાજલ પડ્યા રહે છે. રિસેપ્શન રદ્દ થયાની જાહેરાતોથી વર્તમાનપત્રો ઊભરાય છે. કિડનેપ અને મર્ડરની ઘટનાઓ દૈનિક ઘટનાઓ બની છે. ગેરેજમાં નવી કાર લાવીને મૂકે તેની પાછળ ખંડણીખોરોની ગાડી પણ આવીને ઊભી રહે છે. ૨૫ હજારની કિંમતના નેકલેસને ખાતર છરી હુલાવી દેનારા બદમાશોનો તોટો નથી. અસલામતી એ આજના યુગનો મોટો અભિશાપ છે.

સિદ્ધરાજ જયસિંહના કાળમાં લક્ષ-દીવડાઓ અને કોટિધ્વજો દ્વારા શ્રીમંતાઈની જાહેરાત કરવાની રાજકીય સુવિધા હતી. આજનો કાળ જુદો છે. આજનો કાળ અસલામતી અને અસમાધિનો છે. ઈન્વેસ્ટમેન્ટ ડુલ થઈ જાય છે, બજાર બેસી જાય છે, ચોરી-લૂંટફાટનો પાર નથી, સગાભાઈનો પણ ભરોસો નથી, મોંઘવારીનો મીઠું પાયેલો કોરડો સતત વીંજાઈ રહ્યો છે. આ વિકટ અને વિષમ પરિસ્થિતિમાં ચિત્તસમાધિ માટેનું કોઈ ઔષધ હોય તો તે માત્ર સંતોષ અને સાદગી છે.

સાદગીનું ક્ષેત્ર ઘણું વ્યાપક અને વિશાળ છે. શ્રીમંતોને માટે તો અતિ વ્યાપક ક્ષેત્ર છે. ભોગોપભોગ પરિમાણ વ્રતના ચૌદ-નિયમ-ધારણાનું વ્યાપક સ્તર ઉપર અમલીકરણ આજે ખૂબ જરૂરી છે. ભોજનની થાળીમાં વિવિધ શાક-ચટણીઓ-અથાણાંઓના કે જાત જાતનાં ફરસાણોનાં ટેસ્ટ પર નિયંત્રણ લાવી દ્રવ્ય-નિયમન કરવામાં આવે તો વૃત્તિ-સંક્ષેપ નામનો તપ તો આરાધાય છે, તેની સાથે શારીરિક અને માનસિક સ્વસ્થતાનો પણ વીમો ઊતરે છે. ખુલ્લા પગે ચાલવા માટે ખડતલપણું અપેક્ષિત હશે પરંતુ પગરખાંની એક જોડથી જ ચલાવવા માટે સંતોષ અને સાદગીનો મહિમા હૃદયમાં પ્રતિષ્ઠિત કરવો પડે, પગરખાં પણ ૫૦ રૂપિયાથી માંડીને ૫ હજાર રૂપિયા સુધીના ઉપલબ્ધ હોય ત્યારે

પસંદગી શેના પર ઉતારવી ? પગરખાં અહિંસક હોય અને પગનાં માપને અનુરૂપ હોય તેટલું પર્યાપ્ત છે. પગરખાં ખરીદતી વખતે શ્રીમંત માણસ પગના ક્ષેત્રફળની સાથે ખિસ્સાનાં ક્ષેત્રફળને પણ ખ્યાલમાં રાખીને પસંદગી કરે છે ત્યારે સાદગી સ્થાનભ્રષ્ટ થાય છે. બિનજરૂરી કે અનિવાર્ય સિવાય કોઈ ટેલિફોન નહિ કરવાનો સંકલ્પ કરનાર વ્યક્તિ કેટલા બધા પૈસાની બચત કરે ? કેટલી બધી વિરાધનાથી બચે ? અને, સાદગીના પંથ ઉપર બે ડગલાં મંડાય, તે વધારામાં.

એક વર્ષમાં કપડાંની નવી બેથી વધુ જોડી નહિ વસાવવાનો નિર્ણય થાય તો પણ કબાટમાં ગિરદી કેટલી બધી ઓછી થાય ? નિર્લજ્જતાને નિર્વસ્ત્રતાની જેમ અતિવસ્ત્રતા સાથે પણ સાંકળવામાં આવે તો કેટલું સારું ! પંદર મિનિટની બસની મુસાફરી માટે પચ્ચીસ મિનિટ ક્યુમાં ઊભા રહેતા આદમીને પ્રમાદી કહેવો કે ઉન્માદી ? પંદર મિનિટથી ઓછા અંતરે જવા માટે વાહનનો ઉપયોગ નહિ કરવાનો સંકલ્પ ખડતલપણું પેદા કરે, સુખશીલતા ટાળે, વિરાધનાથી બચાવે, સ્વાશ્રયનો ગુણ વિકસાવે અને સાદગીને પ્રતિષ્ઠિત કરાવે. સંતોષ અને સાદગીને જીવનસ્થ કરવા માટે ચૌદ નિયમની ધારણા એ સચોટ શાસ્ત્રોક્ત પ્રયોગ છે. **સંતોષની વિભાવનાને આઈડીઓલોજીના સ્તર પરથી રીઆલિટિના સ્તર ઉપર સહજતાથી લાવી મૂકવાનો આવો સુચારુ આચારમાર્ગ દર્શાવીને જૈન દર્શને કમાલ કરી છે.**

દરેક શ્રીમંત આવી કોઈ નિયમાવલી નક્કી કરે તો સાદગીના મહિમાથી પોતે અને બીજાઓ પણ ભાવિત – પ્રભાવિત બને.

ત્યાજ્ય વસ્તુઓ સાવ છોડી ન જ શકાય તો પણ,

★ ઘરમાં એકથી વધુ ટી.વી. નહિ.

★ આખા પરિવાર દીઠ એકથી વધુ વિહિકલ નહિ.

★ એકથી વધુ છાપું નહિ.

★ એકથી વધુ શાક નહિ.

★ એકથી વધુ ચપ્પલની જોડ નહિ.

★ એક દિવસમાં એકથી વધુ પ્રકારનું ફ્રૂટ નહિ.

★ જન્મદિવસની જલસાથી ઉજવણી નહિ પણ અજન્મા બનવાની ભાવનાથી સત્કાર્યોની આરાધના.

★ પાર્ટીઓ અને પિક્નિકો પર ખૂબ નિયન્ત્રણ.

★ પાન–માવા–તમાકુ સંપૂર્ણ બંધ.

★ હોટલ અને બહારના નાસ્તા સદંતર બંધ.

★ આઈસ્ક્રીમ અને ઠંડાપીણાંનો બહિષ્કાર.

★ અમુક મૂલ્ય કરતાં મોંઘાં કપડાં પહેરવાં નહિ.

★ અમુક મૂલ્ય કરતાં મોંઘાં જોડાં પહેરવાં નહિ.

શ્રીમંતોના ઘરમાં કમરા દીઠ ટી.વી. ને માથા દીઠ વાહનો આવી ગયાં છે ત્યારે આટલું નિયંત્રણ તો ખૂબ જરૂરી છે.

આવી નિયમાવલી ભોગરસના તુચ્છ આનંદથી પર બની સંતોષ અને સાદગીના સાત્ત્વિક આનંદ તરફની યાત્રા માટેની પથદર્શિકા બની રહે.

**'असंतुट्ठाणं इह परत्थ य भयं भवति'**

**(श्री आचारांग सूत्र)**

**અસંતુષ્ટ મનુષ્યોને આલોકમાં અને પરલોકમાં ભય સતાવ્યા કરે છે.**

# ● સુખનું અર્થકારણ

સાધનમાં સાધ્યની ભ્રાન્તિ જેવી મોટી દુર્ઘટના બીજી કંઈ હોઈ શકે ? અર્થકેન્દ્રિત સમાજે પૈસાને સુખનો પર્યાય બનાવ્યો છે. અડધી રાતે ભરનિદ્રામાંથી ઉઠાડીને કોઈને પૂછવામાં આવે કે સુખ એટલે શું ? પ્રત્યુત્તરમાં 'પૈસા' સાંભળવા મળે તેવી શક્યતા સૌથી વધુ લાગે. પૈસાને જ સુખ માનનાર પૈસાની મર્યાદાઓથી વાકેફ નહીં હોય.

ભૂખ લાગે ત્યારે રૂપિયાના સિક્કાઓનું શાક બનાવીને ખાઈ શકાતું નથી. તરસ લાગે ત્યારે રૂપિયાની નોટો નીચોવીને તૃષા છીપાવી શકાતી નથી. કરન્સી નોટોને સીવીને તેમાંથી શરીર ઢાંકવાનું કોઈ વસ્ત્ર બનાવતું નથી. પાંચસોની નોટોની પથારી કરી તેના પર સૂવાની ચેષ્ટા કોઈ કરી શકતું નથી. રૂપિયાના સિક્કાઓની દીવાલ હોય અને નોટોનું છાપરું હોય તેવું મકાન કોઈએ જોયું છે ખરું ?

પૈસાને સર્વસ્વ માનીને ચાલતા માનવીને આ મોટી લપડાક છે કે પૈસાનો ઉપભોગ તેના મૂળ સ્વરૂપમાં કોઈ કરી શકતું નથી. 'પૈસા એ જ સુખ' આ માન્યતા વાહિયાત ઠરે છે.

પૈસો સુખ નથી તો સુખ શું છે ? હવે કોઈ હોંશિયારી વાપરીને જવાબ આપશે : 'પૈસાથી જે મળે તેનું નામ સુખ.'

પૈસાથી મોંઘાં ભોજન મળે, ભોજન સુખ.
પૈસાથી કિંમતી કપડાં મળે, વસ્ત્ર સુખ.
પૈસાથી મોટાં મકાન મળે, આવાસ સુખ.
પૈસાથી લેટેસ્ટ ગાડી મળે, વાહન સુખ.

આ માન્યતા પણ અતાર્કિક છે. સામગ્રી એ જ જો સુખ હોય તો સર્વ કાળે સર્વ વ્યક્તિને સામગ્રી દ્વારા સુખનો અનુભવ થવો જોઈએ પણ તેવું તો નથી જ.

★ ઉનાળામાં આહ્લાદક લાગતું એરકન્ડિશનર શિયાળામાં ઉપદ્રવરૂપ લાગે છે.

★ શિયાળામાં આશીર્વાદરૂપ લાગતો બ્લેન્કેટ, ઉનાળામાં ઓડોનિલના પેકેટ સાથે પેક કરીને કબાટમાં મૂકી દેવામાં આવે છે.

★ પીવા માટે પાણી ઠંડું જોઈએ પણ ચા ગરમ હોય તો જ ચાલે.

★ અતિપ્રિય રસગુલ્લા પણ પેટ આકંઠ ભરાઈ ગયા પછી જલ્દીથી નજર સામેથી હટાવી લેવાનું મન થાય છે.

★ કર્ણપ્રિય સંગીત પણ ઊંઘ આવતી હોય ત્યારે કોલાહલ લાગે છે.

★ ઘેબર ભાવતા હોય તેને માટે મિષ્ટાન્ન છે, ન ભાવતું હોય તેને માટે અનિષ્ટાન્ન છે.

★ સુખ આપતી મારુતિ ત્યાં સુધી જ સુખ આપે છે, જ્યાં સુધી બાજુના ગેરેજમાં મર્સિડીઝ આવી નથી.

એકની એક વસ્તુ એકને માટે સુખહેતુ, બીજાને માટે દુઃખહેતુ.

એકની એક સામગ્રી એક અવસરે સુખ સાધન, અન્ય અવસરે દુઃખસાધન

તેની તે જ વસ્તુ એક ક્ષેત્રમાં સુખનું કારણ, ક્ષેત્રાન્તરમાં દુઃખનું કારણ.

તો આ બધા ઉપભોગનાં સાધનોને સુખ કેવી રીતે કહેવાય ?

સુખ શી વસ્તુ છે ? આ પ્રશ્ન હજી નિરુત્તર રહે છે. પૈસો એ સુખ નથી, સામગ્રી એ સુખ નથી.

એકને લાઈટ કલર ગમે, બીજાને ભડક કલર ગમે.

એકને સિલ્ક ગમે, બીજાને ખાદી ગમે.

એકને સમોસા ભાવે, બીજાને કચોરી.

એકને દૂધીનું શાક પસંદ છે, બીજાને ભીંડાનું.

દરેકની ચૉઈસ અલગ અલગ છે. જુદી જુદી અવસ્થામાં એક જ વ્યક્તિની પણ ચૉઈસ બદલાય છે. આનાથી સૂચિત થાય છે કે સુખ એક સાયકોલોજિકલ સ્ટેટ છે.

ધનની સ્થિતિ સુખ નથી,

તનની સ્થિતિ સુખ નથી,

આજુબાજુની પરિસ્થિતિ પણ સુખ નથી,
પણ, મનઃસ્થિતિ એ જ સુખ છે.

મન જ્યારે આનંદનો અનુભવ કરે ત્યારે સુખ, મન જ્યારે ખેદનો અનુભવ કરે ત્યારે દુઃખ. મનને જેવી તાલીમ આપી હોય તેવી મનઃસ્થિતિ ઘડાય. તો હવે સવાલ આવીને ઊભો રહે છે કે મનને કેવી તાલીમ આપવી ? આજે ઘણું કરીને જનમાનસ એવી રીતે ઘડાયું છે કે જેટલી ઉપભોગની માત્રા વધુ, તેટલું મન વધુ રાજી. જેટલી ઉપભોગની ફ્રિક્વન્સી વધુ તેટલું મન વધુ રાજી. મનને ખોટી તાલીમ મળી છે માટે આવી ખોટી મનઃસ્થિતિ સર્જાઈ છે.

સુષ્ઠુ મનઃસ્થિતિ કઈ હોઈ શકે ? તે જણાવવા અર્થશાસ્ત્રના એક ફન્ડામેન્ટલ પ્રિન્સિપલને લાગુ કરીએ.

Minimum efforts and Maximum results. આ અર્થશાસ્ત્રનો પાયાનો સિદ્ધાંત ગણાય છે. ઓછામાં ઓછા ઈન્પુટ દ્વારા વધુમાં વધુ આઉટપુટ કેવી રીતે પ્રાપ્ત થઈ શકે તેવો ઉપાય શોધે તે ખરો અર્થશાસ્ત્રી. આનંદ કે સ્વસ્થતાની મનઃસ્થિતિ તે સુખ છે, સહુને ઈષ્ટ રિઝલ્ટ છે. તે સ્વસ્થ મનઃસ્થિતિનું આઉટપુટ વધુમાં વધુ ઉપભોગના ઈન્પુટથી થાય તે સારું કે ઓછામાં ઓછા ઉપભોગના ઈન્પુટથી થાય તે સારું ? ઓછામાં ઓછી જરૂરિયાતોથી જે પરિતોષની અનુભૂતિ માટે સામગ્રીઓના ખડકલા પણ જેને અધૂરા અને ઓછા પડે છે તે શ્રીમંત કહેવાય છે !

કાર ખરીદવા જાય છે ત્યારે ઓછામાં ઓછા પેટ્રોલથી વધુમાં વધુ માઈલેજ આપનાર કારની વધુ પ્રાઈસ ચૂકવવા માણસ તૈયાર થઇ જાય છે, તે જ માણસ સુખની અનુભૂતિ માટે ઉપભોગ–સાધનોના થોકની અપેક્ષા કેમ રાખતો હશે, તે જ સમજાતું નથી.

વધુમાં વધુ વળતર મળે તેવા પ્રોજેક્ટમાં પોતાની કેપિટલ ઈન્વેસ્ટ કરવાનું પસંદ કરતો માણસ વધુમાં વધુ સામગ્રીઓ અને ઓછામાં ઓછી મનઃ સ્વસ્થતાની સ્થિતિને કેવી રીતે મંજૂર રાખી શકતો હશે ?

સંતોષ એટલે સમ્યક્ તોષ, પ્રશસ્ત તૃપ્તિ. ઓછામાં ઓછી જરૂરિયાતોથી તૃપ્તિ થાય તે જ સમ્યક્ તૃપ્તિ છે. સાદગી અને સંતોષના કન્સેપ્ટની માત્ર એથિકલ વેલ્યુ નથી, ઈકોનોમિક અને લોજિકલ વેલ્યુ પણ એટલી જ છે.




પ્રજ્ઞા પ્રબોધ પરિવાર

Arhad Prints
Tel.:2616 6642